પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 29 November, 2019 Vol. 15, No. 48 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



મહારાષ્ટ્રના મહાભારત અંગે વિશેષ અહેવાલ જુઓ પેજ નં. 14



અલ્બાનિયામાં ભૂકંપ :૩૯થી વધુનાં મોત, ૬૭૦ ઘાયલ Page 20

# મહારાષ્ટ્રના સીએમ પદે ઉદ્ધવની તાજપોશી

## બાલા સાહેબ થોરાટ, છગન ભુજબળ, એકનાથ શિંદે, સુભાષ દેસાઈ, જયંત પાટિલ દ્વારા પણ શપથ લેવાયા :



મુંબઈ : દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઐતિહાસિક શિવાજી પાર્કમાં ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેની તાજપોશી કરવામાં આવી હતી. આની સાથે જ મહારાષ્ટ્રમાં ઉદ્ધવ શાસનની શરૂઆત થઈ છે. સાથે સાથે છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી રાજકીય ઉથલપાથલનો અંત આવી ગયો છે. એનસીપીના નેતા શરદ પવાર અને અન્યોની ઉપસ્થિતિમાં આ શપથવિધિ યોજાઈ હતી. રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ સાંજે ઉદ્ધવ ઠાકરેને મુખ્યપ્રધાન તરીકે શપથ અપાવ્યા હતા. ઉદ્ધવ ઠાકરે ઉપરાંત અન્યોએ પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. શપથવિધિ પહેલા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

ઉદ્ધવ ઠાકરે બાદ શિવસેનાના એકનાથ શિંદેએ મંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારબાદ અન્યોએ ક્રમશઃ શપથ લીધા હતા. ઉદ્ધવ ઠાકરેએ શપથ લીધા ત્યારે જોરદાર આતશબાજી પણ કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ આજે મહારાષ્ટ્રના ૧૮માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા જ્યારે મનોહર જોશી અને નારાયણ રાણે બાદ આ હોદ્દા પર પહોંચનાર શિવસેનાના ત્રીજા નેતા બન્યા છે. ચૂંટણી પરિણામ આવ્યા બાદ તરત જ ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદે અઢી અઢી વર્ષ માટેની ફોર્મ્યુલાની વાત કરી હતી પરંતુ ભાજપે આવી કોઈ ફોર્મ્યુલા હોવાનો ઈન્કાર કરી દીધો હતો. આનાથી નારાજ ઠાકરેએ સરકાર સાથે રચનાને લઈને મંત્રણા રોકી દીધી હતી. આજે ઉદ્ધવ ઠાકરે ઉપરાંત કોંગ્રેસના બાલાસાહેબ થોરાટે પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. એનસીપીના છગન ભુજબળે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. શિવસેનાના એકનાથ શિંદે અને સુભાષ દેસાઈએ પણ મંત્રીપદના શપથ લીધા હતા. એનસીપીના નેતા જયંત રાજારામ પાટીલે પણ શપથ લીધા હતા. શિવસેનાના નેતા એકનાથ શિંદે અને સુભાષ દેસાઈએ પણ શપથ લીધા હતા. ઠાકરે પરિવારમાંથી પ્રથમ વખત કોઈ વ્યક્તિ મુખ્યમંત્રી બન્યા છે.

## શપથવિધિમાં તમામ ટોચની હસ્તીઓ વિશેષ હાજર રહી

શપથ વિધિ સમયે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે, શિવસેનાના આદિત્ય ઠાકરે, એનસીપીના વડા શરદ પવાર, તેમના પુત્રી સુપ્રિયા સુલે, સંજય રાવત તથા કોંગ્રેસ તરફથી પણ તમામ વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જો કે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી રહ્યા ન હતા. મુકેશ અંબાણી પત્નિ નીતા અંબાણી સાથે પહોંચ્યા હતા.

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

સિલાઈ મશીન તથા ઇન્ડસ્ટ્રીયલ સીવણ મશીનની ફેક્ટરી વેચવાની છે.
-: સંપર્ક કરો :-
514-387-4257
10221 Saint Lawrence Blvd., Montreal.

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1







# હુએઈને 5Gનું કામ આપવા સામે કેનેડાને અમેરિકાની ચેતવણી

## કેનેડાના નાગરિકોની વિગતો ચાઈના સુધી પહોંચી જવાનું જોખમ : અન્ય દેશોની જાસૂસીની પણ શક્યતા

ટોરન્ટો : ટ્રમ્પના વહિવટીતંત્રમાં ટોચ કક્ષાના સલામતી સલાહકાર અને વરિષ્ઠ અમેરિકી સાંસદે શુક્રવારે ચેતવણી આપી હતી કે, ચીનની માતબર ટેલિકોમ કંપની તેની મહત્વની ફાઈવ આઈસ ઈન્ટેલિજન્સ શેરીંગ કમ્યુનિટી યોજનામાં સામેલ કરશે તો તે કેનેડા માટે 'ટ્રોઝન હોર્સ' પૂરવાર થશે.

વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર તરીકે હાલમાં જ નીમાયેલા રોબર્ટ ઓબ્રિયાને ચાઈના કેનેડાના સામાન્ય નાગરિકો સંબંધી આંકડા કઈ રીતે મેળવે છે, તે બાબતે આ કંપનીનું સંપૂર્ણ ચિત્ર રજૂ કર્યું હતું અને કહ્યું હતું કે, લિબરલ સરકરા 5G નેટવર્કના કામમાંથી હુએઈને દૂર નહીં કરે તો તેને ભારે સમસ્યાનો સામનો કરવો પડશે.

હેલીફિક્સ ઈન્ટરનેશનલ સિક્યુરિટી ફોરમમાં રાઉન્ડ ટેબલ ક્વેશ્ચન કાર્યક્રમમાં ઓબ્રિયાને પત્રકારોને જણાવ્યું હતું કે, હુએઈ ભયંકર ટ્રોઝન હોર્સ છે અને તે કેનેડા માટે જોખમી પરિબળ બની શકે તેમ છે. તેણે વાયરલેસ નેટવર્ક દ્વારા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો વિકાસ, ફેશિયલ રિકોગ્નિઝન એડવાન્સીસ, સર્વેલન્સ કેમેરા અને એડવાન્સ્ડ ડેટા ગેધરીંગ સંબંધી ચીનની ક્ષમતા સામે કેનેડાને ચેતવણી આપી હતી.

આ ટેક્નોલોજી દ્વારા ચાઈના પોતાના દેશનાં દરેક સ્ત્રી, પુરુષ કે બાળકની અત્યંત અંગત માહિતી, વ્યક્તિગત આંકડાઓ મેળવે છે અને જો હુએઈને કેનેડા કે અન્ય પશ્ચિમી દેશોમાં પ્રવેશ કરવા દેવામાં આવશે તો તે દરેક વ્યક્તિની આરોગ્ય સંબંધી માહિતી, બેંકીંગ રેકોર્ડ, દરેક સોશ્યલ મિડીયા પોસ્ટ અને દરેક કેનેડિયનની વ્યક્તિગત અને અંગત માહિતી ચીન મેળવી શકશે.

ઓબ્રિયાને વધુમાં ઉમેરતાં જણાવ્યું હતું કે, હુએઈ વિશે જે-તે દેશોએ વિચારવાનું રહે છે કે પોતાના દેશમાં તેને પ્રવેશ આપવો કે કેમ! જો કેનેડા હુએઈને પ્રવેશ આપશે તો જે સાથી દેશો સાથે ઈન્ટેલિજન્સ શેરીંગના જે સંબંધો છે, તે જોખમમાં આવી જશે અને અન્ય દેશોની જાસૂસીની માહિતી ચાઈનાના હાથમાં આવી જશે. જે ભવિષ્યમાં મોટો ખતરો ઊભો કરી શકે તેમ છે.

# અન્ય શહેરોમાં ધૂમ મચાવ્યા બાદ ઈલેક્ટ્રિક સ્કૂટર ઓન્ટેરિયોમાં દેખાશે

- નાગરિકોને સલામતીપૂર્વક હેરફેર માટે સરકારે યોજના તૈયાર કરી

ઓન્ટેરિયો : પરિવહન મંત્રાલયે બુધવારે જાહેરાત કરી હતી કે ૨૦૨૦ની શરૂઆતમાં ઓન્ટેરિયોના માર્ગો ઉપર ઈલેક્ટ્રિક સ્કૂટર ફરતાં થઈ જશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, લોકો સલામતીપૂર્વક હરીફરી શકે તે માટે ઈલેક્ટ્રિક સ્કૂટરના વિસ્તરણ માટેની એક યોજના તૈયાર કરાઈ છે.

ઓન્ટેરિયોના વાહન-વ્યવહાર મંત્રીના સંસદીય સચિવ વિજય થનિગાસલમે જણાવ્યું હતું કે, લોકો માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા આ સ્કૂટર એક નવું



અને સસ્તો વિકલ્પ છે. સ્કૂટર પર પ્રાયોગિક રીતે પ્રયોગ કર્યા બાદ એક વિડીયો સંદેશમાં ઉપર મુજબ જણાવવામાં આવ્યું હતું. ઈલેક્ટ્રિક સ્કૂટરની શરૂઆત ૨૦૧૮માં થઈ હતી અને ત્યારથી લોકો સ્કૂટર સવારીનો આનંદ ઉઠાવી રહ્યા હતા. જે લોકો ખરીદી શકે તેમ ન હોય, તેઓ ઈલેક્ટ્રિક સ્કૂટર ભાડેથી પણ કરી શકે છે. ઉબેર અને લિફ્ટ્સ અથવા તો બાઈક કરતા ઈલેક્ટ્રિક સ્કૂટર સસ્તું અને સવારીમાં સરળ છે. કેટલાક ઓન્ટેરિયોનોએ ઈલેક્ટ્રિક સ્કૂટર ખરીદવાનો નિર્ણય કરતા ઓન્ટેરિયોની શેરીઓમાં પણ ભલે મોડે મોડે પણ ઈલેક્ટ્રિક સ્કૂટર જોવા મળે તો નવાઈ નહિં. ઈલેક્ટ્રિક સ્કૂટર ઉત્પાદક કંપનીઓ બર્ડ અને લાયન કેનેડાએ દેશભરમાં શો રૂમ ખોલવાની યોજના તૈયાર કરી છે. કેલગેરી, એડમન્ટન અને મોન્ટ્રિયલમાં આ સ્કૂટરો મોટા પ્રમાણમાં વેચાઈ રહયા છે. વોટરલૂ ઓન્ટેરિયોમાં જૂન મહિનામાં શરુ કરવામાં આવેલ પાઈલોટ પ્રોજેક્ટ ઓગસ્ટ મહિનામાં બંધ કરી દેવામાં આવ્યો હતો.

# ટોરન્ટોમાં રસ્તો પસાર કરી રહેલા ૯૧ વર્ષીય વૃદ્ધનું અકસ્માતમાં મોત

- એસ.યુ.વી.ના ડ્રાઈવરે અડફેટે લેતાં વૃદ્ધને ગંભીર ઈજા થઈ

ટોરન્ટોઃ ગયા સપ્તાહના અંતમાં લોરેન્સ એવેન્યુ વેસ્ટ ખાતે રોડ ક્રોસ કરી રહેલા ૯૧ વર્ષીય વૃદ્ધને એસ.યુ.વી.ના ડ્રાઈવરે અડફેટે લેતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા આ વૃદ્ધને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. શુક્રવારે બપોરે ૨ વાગ્યે પોલીસને આ અથડામણનો અહેવાલ મળ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, રોઝવેલી એવેન્યૂની નજીક લોરેન્સ એવન્યુ વેસ્ટ ખાતે આ બનાવ બન્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ એક ૫૧ વર્ષીય વૃદ્ધ સિલ્વર નિશાન પાથ ફાઈન્ડર એસ.યુ.વી. ડ્રાઈવ કરી રહ્યો હતો અને એ દરમિયાન લોરેન્સ એવેન્યુ વેસ્ટ ખાતે રોડ ક્રોસ કરી રહેલા ૯૧ વર્ષીય વૃદ્ધ સાથે અથડામણ થઈ હતી અને તે ગંભીર ઘાયલ થતા તેને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

લોરેન્સ એવેન્યુ વેસ્ટ અને રોઝવેલ એવેન્યુ કે જે બંનેની વચ્ચે ૧૦૦ મીટરનું અંતર છે તે પાર કરવા માટે રાહદારીઓ માટે કોઈ વ્યવસ્થા નથી અને તેથી અહીં આવા અકસ્માતો થતા રહે છે. એસ.યુ.વી.ના ડ્રાઈવરે અકસ્માતનો ભોગ બનેલા વૃદ્ધને હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા.

જો કે, ઈજાઓ ગંભીર હોવાથી ૯૧ વર્ષીય વૃદ્ધને બચાવી શકાયા નહોતા.








# ક્લાઈમેટ ચેન્જને કારણે દેશની આર્થિક સિસ્ટમને મોટું જોખમ : બેંક ઓફ કેનેડા



ટોરન્ટો - બેંક ઓફ કેનેડાના ગવર્નર સ્ટીફન પોલોઝને ક્લાઈમેટ ચેન્જના જોખમ વિશે એક ચર્ચાસત્ર દરમિયાન પૂછવામાં આવ્યું હતું અને પર્યાવરણમાં આવી રહેલા બદલાવથી આર્થિક પ્રણાલી પર શું જોખમ ઊભું થઈ શકે એ બાબતે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ એક પ્રકારનું ટ્રાન્ઝિશન રિસ્ક છે અને દરેક પોર્ટફોલિયો તથા દરેક નાણાં ધીરનાર પક્ષોને જુદા જુદા પ્રકારના ક્લાઈમેટ ચેન્જનો પડકાર સહન કરવો પડે છે. જે છેવટે આર્થિક પ્રણાલી પર મોટું જોખમ બને તેવી શક્યતા છે. તેથી આપણે એક એવો પ્રકાર તૈયાર કરવો જોઈએ કે, જેના દ્વારા આપણે તંગ સ્થિતિનું પરીક્ષણ કરી શકીએ અને આર્થિક પ્રણાલી પર આવનાર જોખમ માટે એક નવી પ્રણાલિકા વિકસાવી શકીએ. બેંક ઓફ કેનેડાએ તેની સંશોધન પ્રવૃત્તિઓમાં અર્થતંત્ર પર ક્લાઈમેટ ચેન્જની આર્થિલ પ્રણાલી પર અસરનો સમાવેશ કર્યો હતો એ જ સપ્તાહમાં તેનું આ નિવેદન આવી પડ્યું હતું. પર્યાવરણના પરિવર્તનને કારણે કેટલીક શારીરિક, આર્થિક મિલકતો તથા નાણાંકીય તરલતા પર તેની અસર જોવા મળશે.







# મહારાષ્ટ્રના રાજકારણમાં પવાર ફરીવાર ચાણક્ય પુરવાર થયા

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા એક મહિનાથી ઉથલપાથલનો દૌર ચાલ્યો. સત્તાની સાંઠમારીમાં ચાલેલા ભવાડાએ આ દેશના ઈતિહાસમાં એક કલંકિત પ્રકરણ ઉમેરી દીધું છે. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી નહોતી છતાં તેણે સરકાર રચી અને ફડણવિસને ગાદી પર બેસાડ્યા હતા. આ માટે ભાજપે જે ખેલ કર્યા એ ખરેખર શરમજનક છે. દુખ તો એ વાતનું છે કે, દેશમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો સત્તાના આ વરવા અને ગંદા ખેલના સૂત્રધાર બની ગયા છે.

સામાન્ય રીતે રાજ્યપાલ રાષ્ટ્રપતિશાસન ઉઠાવી લેવાની ભલામણ મોકલે તે પછી તે ગૃહ મંત્રાલય પાસે જાય. ગૃહ મંત્રાલય તેને વડાપ્રધાન પાસે મોકલે પછી આ ભલામણને કેન્દ્રીય કેબિનેટે મંજૂર કરવી પડે. વિશિષ્ટ કિસ્સામાં વડાપ્રધાન પાસે એ સત્તા છે કે તે કેબિનેટની મંજૂરી લીધા વિના જ ભલામણ રાષ્ટ્રપતિને મોકલી શકે. સામાન્ય રીતે દેશના હિતની મહત્વની બાબત હોય અને કેબિનેટની બેઠક બોલાવવાનો સમય ના વેડફવો પડે ત્યારે વડાપ્રધાન આ સત્તાનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિશાસન ઉઠાવી લેવા વડાપ્રધાને કોઈ રાહ જોઈ નહી. મોદી નિરાંતે દસ વાગ્યે કેબિનેટની બેઠક બોલાવી શક્યા હોત અને આ ભલામણને મંજૂર કરીને રાષ્ટ્રપતિ પાસે મોકલી શક્યા હોત. તેના બદલે મોદીએ સવાર પડવા લગી રાહ પણ ના જોઈ અને વિશિષ્ટ સત્તાનો ઉપયોગ કરીને પરોઢ થાય એ પહેલાં રાષ્ટ્રપતિશાસન હટાવાની ભલામણ રાષ્ટ્રપતિ પાસે મોકલી દીધી. રાષ્ટ્રપતિએ પણ પોતાનું ગૌરવ ભૂલીને મોદીના કહ્યાગરા વર્તીને રાતના અંધારામાં મત્તુ મીરેન પાછું ગૃહ મંત્રાલયને મોકલી દીધું. ગૃહ મંત્રાલયે પણ ઘડિયાં લગન લઈને રાતના અંધારામાં જ ગેઝેટિયરમાં જાહેરનામું પણ બહાર પાડીને રાષ્ટ્રપતિશાસન ઉઠાવી લીધું.

એ પછી રાજ્યપાલે પણ અંધારામાં જ ફડણવિસની તાજપોશી કરી નાંખી. આ આખો ખેલ રાતના અંધારામાં કેમ કરવો પડ્યો તેનો કોઈ જવાબ એ વખતે પણ ભાજપ પાસે નહોતો અને આજે પણ તેમની પાસે નથી. તેનું કારણ એ કે, ભાજપે જે કંઈ કર્યું એ હળાહળ અનૈતિકતા હતી. આમ તો ચૂંટણીના પરિણામ બાદ ભાજપ શિવસેના ગઠબંધનને બહુમતિ મળતા જ ભાજપ ગેલમાં આવી ગયો હતો. ખુદ વડાપ્રધાન મોદીએ તરત જ ફડણવીસને મહારાષ્ટ્રના સીએમ બનાવાશે તેવી જાહેરાત પણ કરી નાંખી હતી. પરંતુ શિવસેનાએ સરકારમાં ૫૦-૫૦ ટકાની વાત કરતા જ બાજી બગડી હતી. એક તરફ ભાજપ નમતુ જોખવા તૈયાર ન હતો તો બીજી બાજુ ભાજપે વાયદો કર્યાનું રટણ કરીને શિવસેનાએ સતત તેને ભીંસમાં લીધો. આમ છતાં શિવસેનાને પાઠ ભણાવવાના હવાતીયામાં ભાજપે રાતોરાત દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી પણ બનાવ્યા, પરંતુ ૮૦ કલાકમાં જ તેની સરકાર પડી ભાંગી.

રાતોરાત સરકારની રચના થતાં કોંગ્રેસ, એનસીપી અને શિવસેનાએ સુપ્રીમમાં અપીલ કરી હતી. જે મામલે કોર્ટે ફલોર ટેસ્ટનો આદેશ આપ્યો હતો. આ આદેશ અનુસાર બુધવારે વિધાનસભામાં બહુમતિ પરીક્ષણ થવાનું હતું. પરંતુ એ પહેલા મંગળવારે જ પહેલા અજિત પવારે નાયબ મુખ્યમંત્રીપદેથી અને પછી દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રીપદેથી રાજીનામા આપી દીધાં. એ સાથે જ એનસીપીમાં ફૂટ પડાવીને સરકાર બનાવવી ભાજપની મનસા પર પાણી ફરી વળ્યું.

આજે મહારાષ્ટ્રમાં શિવસેના, એનસીપી અને કોંગ્રેસની સરકાર બની છે. આ અનોખા ગઠબંધનની સરકારમાં મુખ્યમંત્રીપદે ઉદ્ધવ ઠાકરેએ કમાન સંભાળી છે. પરંતુ જાણકારોના મતે સમગ્ર પ્રકરણમાં વિજેતાના રૂપમાં તો શરદ પવાર સામે આવ્યા છે. ભત્રીજા અજિત પવારના બળવા બાદ શરદ પવારે જે સમજદારી અને સૂઝબૂઝપૂર્વક પરિસ્થિતિ સંભાળી એ જોતા મહારાષ્ટ્રના મહાભારતના ખરા હીરો તો શરદ પવાર જ ગણવા પડે તેમ છે. અજિત પવારે ભાજપને ટેકો આપવાની જાહેરાત કરી ત્યારે એમ લાગ્યું હતું કે, એનસીપીના તમામ ધારાસભ્યો તેમની સાથે છે. પરંતુ શરદ પવારે તાત્કાલિક એ ભ્રમ દૂર કરતા મોટા ભાગના ધારાસભ્યો પોતાની સાથે હોવાની ખાતરી આપી. એટલું જ નહીં, તેમણે એક પછી એક કરીને અજિત પવાર સાથે ગયેલા ધારાસભ્યોને પણ પોતાની તરફ કરી લીધાં.

અજિત પવાર પણ મહારાષ્ટ્રમાં એનસીપીના કદાવર નેતા ગણાય છે, એ સંજોગોમાં તેમની સાથે અમુક વફાદાર ધારાસભ્યો પણ ન રહ્યાં એ અજુગતી બાબત છે. વળી, અજીત પવાર પણ આવા કિસ્સામાં કાચુ કાપે તેવા ખેલાડી નથી. બીજી બાજુ શરદ પવારે શિવસેના, કોંગ્રેસ અને એનસીપીના કુલ મળીને ૧૬૨ ધારાસભ્યોની પરેડ કરાવી ત્યારે તેમણે આત્મવિશ્વાસપૂર્વક કહ્યું હતું કે, એક પણ ધારાસભ્ય ભાજપ સાથે નહીં જાય. તેમણે એમ પણ ટકોર કરી કે આ કર્ણાટક કે મિઝોરમ નથી કે ભાજપનું ધાર્યું થઈ જાય.

હકીકતમાં તો દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શરદ પવાર વચ્ચે મુલાકાત યોજાઈ ત્યારે જ મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય ડ્રામામાં ભૂકંપ જેવો માહોલ સર્જાયો હતો. એ પછી મહારાષ્ટ્રમાં રાતોરાત રાષ્ટ્રપતિશાસન દૂર થયું અને જે રીતે વહેલી સવારે દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રીપદની શપથ લીધા ત્યારે તો બધાંને એમ જ લાગ્યું હતું કે, નક્કી આની પાછળ શરદ પવારનો જ હાથ છે. એ પછી ઉદ્ધવ ઠાકરે સાથે આવીને શરદ પવારે અજિત પવાર વિશે જે નિવેદન આપ્યું એ પણ સંદેહજનક હતું. એ પછી એનસીપી વિધાયક દળના નેતા તરીકે જયંત પાટિલને પસંદ કરવામાં આવ્યા, છેક ત્યારે શરદ પવાર પરનો સંદેહ દૂર થયો. હવે સમગ્ર ઘટનાક્રમ બાદ ભાજપનો જે રીતે ફિયાસ્કો થયો છે તે પણ ઈતિહાસમાં નોંધપાત્ર બનશે.

શરદ પવારે ભાજપની રાજકીય ચાલબાજીનો તેમની જ ભાષામાં જવાબ આપ્યો છે. સિંચાઈ કૌભાંડમાં આરોપો લાગ્યા બાદ તેમણે ૨૦૧૨માં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીપદેથી રાજીનામુ આપવાનો વારો આવ્યો હતો. આ વર્ષે સપ્ટેમ્બરમાં મહારાષ્ટ્ર સ્ટેટ કો -ઓપરેટિવ બેંક ગોટાળાના મામલે એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટે એફઆઈઆર દાખલ કરી ત્યારે અજિત પવારે ધારાસભ્ય તરીકે પણ રાજીનામુ આપ્યું હતું. ચૂંટણીપ્રચાર દરમિયાન ભાજપે જે અજિત પવારના ભ્રષ્ટાચારને લઈને જોરશોરથી પ્રચાર કર્યો હતો. આમ છતાં ચાર દિવસ પહેલાં તેમની સાથે મળીને સરકાર રચવામાં ભાજપને કોઈ શરમ ન આવી. વળી અજીત પવારને સહારે સરકાર રચવાની ઘેલછામા તેની સામેના કેસો પણ પરત ખેંચી લેવાયા છે. અગાઉ ઈડીએ શરદ પવારને કેસમાં સાંકળ્યા, ત્યારે તેમણે સામે ચાલીને પૂછપરછ માટે હાજર થવાની રજૂઆત કરીને ભાજપને વિમાસણમાં મૂકી દીધો હતો. સૌથી મહત્ત્વની વાત તો એ કે, દેવેન્દ્ર ફડણવીસ સાથે નાયબ મુખ્યમંત્રીપદના શપથ લીધા બાદ પણ શરદ પવારે ભત્રીજા અજિત પવાર વિરુદ્ધ કોઈ પગલાં ન લીધાં. અજિત પવારને વિધાયક દળના નેતા તરીકે દૂર કરવામાં આવ્યા, પરંતુ પાર્ટીની શિસ્ત તોડવા કે પાર્ટીવિરોધી કામ કરવા માટે કોઈ પગલા લેવાયા નથી. તેથી આખા ઘટના ક્રમને લઈને હજી પણ અનેક તર્કવિતર્કો ચાલી રહ્યા છે. શિવસેના સાથેના ગઠબંધનમાં પણ શરદ પવારે મુખ્ય ભૂમિકા ભજવી છે. ભાજપ સાથે

અનુસંધાન પેજ નં. ૧૫



manoj1968@yahoo.ca






# SkyRoute
## TRAVEL SERVICES INC.




AIR CANADA
QATAR AIRWAYS القطرية
Lufthansa
Emirates
الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| AHMEDABAD | → | $1159 |
| DELHI | ← | $999 |
| VADODARA | → | $1199 |
| MUMBAI | ← | $989 |

24 / 24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC
IATA
tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# ચૂંટણીમાં હાર બાદ એન્ડ્ર્યુ શીઅરે બે કર્મચારીની હકાલપટ્ટી કરી

**જારી કરાયેલા પત્રમાં નિર્ણય પાછળ નક્કર કારણ દર્શાવાયું નહીં : માત્ર લિબરલ સરકાર સાથે સકારાત્મક ભૂમિકા માટે નિર્ણય થયાનું રટણ**

ઓન્ટેરિયો : ફેડરલ કન્ઝર્વેટીવ પાર્ટીના નેતા એન્ડ્ર્યુ શીઅરે પોતાના વરિષ્ઠ કર્મચારીઓને શનિવારે હકાલપટ્ટી કરી હતી. લોકો આ ઘટનાને ગયા મહિને યોજાયેલી ચૂંટણીમાં પક્ષના નિરાશાજનક દેખાવ સાથે જોડીને જોઈ રહ્યા છે. શીઅરે સવારના આ હકાલપટ્ટીની જાહેરાત કરતી એક યાદી બહાર પાડી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, ચીફ ઓફ સ્ટાફ માર્ક આન્દ્રે લેક્રેસ અને કમ્યુનિકેશન ડાયરેક્ટર બ્રોક હેરીસનને તાત્કાલિક અસરથી ફરજમાંથી મુક્ત કરવામાં આવે છે. માર્ટિન બેલેંગર અને સાયમન જેફરીઝ વચગાળાની વ્યવસ્થા તરીકે બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી ખાલી પડેલા સ્થાન પર ફરજ બજાવશે. શીઅરે હકાલપટ્ટી કરતા પત્રમાં આ બાબતે કોઈ કારણ આપ્યું નહોતું અને જણાવ્યું હતું કે, લિબરલની લઘુમતિ સરકારની સાથે સકારાત્મક ભૂમિકા ભજવી શકાય તે માટે આ ફેરફાર કરવામાં આવ્યા છે. જસ્ટિન ટ્રુડોની સરકારમાં અમારે મહત્વની ભૂમિકા ભજવવાની હોવાથી અસરકારક કામ કરી શકીએ તેને ધ્યાનમાં લઈને આ ફેરફાર કર્યા છે. પક્ષ તથા શીઅર ૨૧ ઓક્ટોબરની ચૂંટણી પછી અનેક પ્રશ્નોના મારાનો સામનો કરી રહ્યા હતા. એવા સમયે આ ફેરફાર કરવામાં આવ્યા છે.

SNC લેવલીનનાં અવૈધ સંબંધો બહાર આવ્યા બાદ એવું માનવામાં આવતું હતું કે, જસ્ટીન ટ્રુડોને બદલે વડાપ્રધાનની દોડમાં શીઅર આગળ છે અને ટ્રુડોના જીતવાની શક્યતા ઓછી છે અને એવું પણ જણાતું હતું કે, ચૂંટણીપ્રચાર દરમિયાન જસ્ટીન ટ્રુડો ભોંઠા પડ્યા પછી તેમની જીત વિશે શંકા સેવવામાં આવતી હતી. જો કે, ટ્રુડોની જીત થઈ હોવા છતાં પણ તેના સંબંધોનો પડછાયો તેનો પીછો છોડતો નહોતો. હાંકી કાઢવામાં આવેલા બંને કર્મચારીઓએ ફેસબુક પર તેમને હાંકી કાઢવામાં આવ્યા છે તે બાબતને સમર્થન આપ્યું હતું અને વર્ષો સુધી તક આપવા બદલ શીઅરનો આભાર માન્યો હતો.

લેકલેર્કે લખ્યું હતું કે, ૨૧ ઓક્ટોબરના પરિણામો મારી અપેક્ષા મુજબનાં નહોતા. પરંતુ ચૂંટણીપ્રચાર દરમિયાન અમારી ટીમના પ્રયત્નો પર કોઈ અસર થઈ નહોતી. રાજકારણમાં ૧૦ વર્ષ કાર્યરત રહ્યા બાદ લેકલેર્કે જણાવ્યું હતું કે, તેઓ રાજકારણમાંથી નિવૃત્ત થાય છે. હેરીસને જણાવ્યું હતું કે, હું મારા ભૂતપૂર્વ સહયોગીઓને આગામી સમયમાં સફળતા મળે તેવું ઈચ્છું છું. અમે આ વર્ષની ચૂંટણીમાં પૂરી લગનથી કામ કર્યું હતું. હું પણ આ પરિવર્તનનો એક ભાગ છું, એ જાણીને મને આનંદ થયો છે અને હું આશા રાખું છું કે તમારી સાથે વિતાવેલા વર્ષોની કદરરૂપે તમારી મીઠી નજર હંમેશા મારા પર રહેશે.

# શિરે રાજીનામુ આપી કન્ઝર્વેટીવના નેતા માટે ફરીથી ચૂંટણી લડવી જોઈએ : કોરી ટેનિકે

- બે કર્મચારીઓને કાઢી મુકવાના નિર્ણયને સ્ટીફન હાર્પરના ભૂતપૂર્વ કમ્યુનિકેશન ડાયરેક્ટરે વખોડી કઢાયો

ટોરન્ટો : સ્ટીફન હાર્પરના ભૂતપૂર્વ કમ્યુનિકેશન ડાયરેક્ટરે સોમવારે જણાવ્યું હતું કે જો કન્ઝર્વેટિવ નેતા એન્ડ્ર્યુ શિર પોતાનો હોદ્દો ચાલુ રાખવા ઈચ્છતા હોય તો તેમણે રાજીનામુ આપી દઈ ફરીથી આ જગ્યા માટે પ્રયત્ન કરવા જોઈએ. કોરી ટેનિકે એક કાર્યક્રમ પાવર એન્ડ પોલિટિક્સને ઈન્ટરવ્યૂ આપતા કહ્યું હતુ કે, શિયરે સપ્તાહના અંતે પોતાના બે કર્મચારીઓ માર્ક આન્દ્રે લેકલેર અને કમ્યુનિકેશન ડાઈરેક્ટર બ્રોક હેરીશનને હાંકી કાઢ્યા હતા તે નિર્ણય યોગ્ય નથી.

કોરીએ વેશી કેપલોસને જણાવ્યું હતું કે જો શિયર એમ માનતા હોય કે પક્ષના સભ્યોનો તેમને ટેકો છે તો તેમણે હાલ આ હોદા પરથી રાજીનામુ આપી આ હોદ્દો મેળવવા માટે ફરીથી પક્ષની ચૂંટણીમાં ઉભું રહેવું જોઈએ. કોરીએ શિયરના હેરીશન અને લેકલેરને હાંકી કાઢવાના નિર્ણયની ટીકા કરતા કહ્યું હતું કે શિયર તેમના કર્મચારીઓને તેમનું મંતવ્ય વ્યક્ત કરતા રોક્યા હતા. તમારા વરિષ્ઠ કર્મચારીઓને હાંકી કાઢ્યા બાદ પડેલી ખાલી જગ્યા પૂરવાનો તમારો અધિકાર છે. પરંતુ તમારી નિર્ણય શક્તિ શંકાસ્પદ છે. હાલમાં જો કોઈને પૂછવામાં આવે કે તમે એન્ડ્ર્યુ શિયરના કર્મચારી તરીકે જોડાવા ઈચ્છો છો કે કેમ, તો તેનો જવાબ એમ હશે કે ના. કારણ કે એ ડૂબતી ટાઈટેનિકના કેપ્ટન બનવા જેવું છે. હાલમાં યોજાયેલી ચૂંટણીમાં શિયરના પક્ષની બેઠકો વધી હતી અને મતદાનની ટકાવારી પણ વધી હતી. આમ છતાં તે લિબરલ સરકારને હરાવવામાં નિષ્ફળ ગયા હતા.







# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

Franchise Opportunity in GTA

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# ગોડસેને દેશભક્ત કહેનાર પ્રજ્ઞા ઠાકુર સંરક્ષણ મંત્રાલયની સમિતિમાંથી આઉટ

- **પાર્ટીની સંસદીય દળની બેઠકમાં હાજરી આપવા ઉપર પણ પ્રતિબંધ**

નવી દિલ્હી : નાથુરામ ગોડસે દેશભક્ત હોવાના નિવેદનને લઈને પ્રજ્ઞા ઠાકુર મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પ્રજ્ઞા ઠાકુરને લઈને ભારતીય જનતા પાર્ટી પણ નાખુશ દેખાઈ રહી છે. તેમની સામે કાર્યવાહી પણ શરૂ થઈ ચુકી છે. બુધવારના દિવસે લોકસભામાં જોરદાર હોબાળો રહ્યો હતો. ભાજપના સાંસદ પ્રજ્ઞા ઠાકુર દ્વારા લોકસભામાં નાથુરામ ગોડસે પર આપવામાં આવેલા નિવેદન બાદ પાર્ટી દ્વારા તેમની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવી છે. ભાજપે કઠોર કાર્યવાહી કરીને મધ્યપ્રદેશના ભોપાલમાંથી સાંસદ પ્રજ્ઞા ઠાકુરની સંરક્ષણ મંત્રાલયની સમિતિમાંથી હકાલપટ્ટી કરી દીધી છે. પાર્ટી તેમનાથી એટલા હદ સુધી નારાજ છે કે તેમને સંસદીય દળની બેઠકમાં હાજરી ન આપવા માટે કહેવામાં આવ્યુ છે. પ્રજ્ઞાએ



બુધવારના દિવસે લોકસભામાં મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેનો ઉલ્લેખ કરીને કેટલાક વિવાદ જગાવી દીધા હતા. જો કે લોકસભાની કાર્યવાહીમાંથી તેમના નિવેદનને મોડેથી દુર કરી દેવામાં આવ્યુ હતુ. મોડેથી પ્રજ્ઞાએ સફાઈ આપતા કહ્યુ હતુ કે તેમને ગોડસે નહીં બલ્તે ઉધમ સિંહના નામનો ઉલ્લેખ આવ્યા બાદ રાજાને ટોક્યા હતા. બુધવારના દિવસે લોકસભાની કાર્યવાહી વેળા નિવેદન કરવામાં આવ્યા બાદ તેમની સમિતિમાંથી હકાલપટ્ટી કરવા માટે ભાજપના કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાએ તેમને દુર કરવા માટે ભલામણ કરી હતી. તેમણે પ્રજ્ઞાના નિવેદન સંબંધમાં કહ્યુ હતુ કે આ નિવેદન કોઈ કિંમતે ચલાવી લેવાય તેમ નથી. સાથે સાથે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. નડ્ડાએ પ્રજ્ઞાના નિવેદન પર નારાજગી વ્યક્ત કરતા કહ્યુ હતુ કે પાર્ટી ક્યારેય આવા નિવેદનને સમર્થન આપતી નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પ્રજ્ઞા ઠાકુર હવે સંસદના સત્ર દરમિયાન ભારતીય જનતા પાર્ટીની સંસદયી દળની બેઠકમાં ભઊાગ લઈ શકશે નહીં. પ્રજ્ઞાને તેમનુ નિવેદન ખુબ ભારે પડ્યુ છે. લોકસભામાં એસપીજી પર ચર્ચા વેળા આ પ્રકારની બાબત સપાટી પર આવી હતી. જેના કારણે ભારે હોબાળો થયો હતો. પ્રજ્ઞા ઠાકુરે નાથુરામ ગોડસેને લઈને પ્રથમ વખત નિવેદન કર્યું નથી. જ્યારે ભોપાલમાંથી ભાજપના લોકસભા ઉમેદવાર હતા ત્યારે પણ તેઓએ નાથુરામ ગોડસેને દેશભક્ત તરીકે ગણાવ્યા હતા તે વખતે હોબાળો થયા બાદ ભારતીય જનતા પાર્ટીને બેકફુટ પર જવાની ફરજ પડી છે.

# પ. બંગાળમાં ૩ સીટ પર TMC, ઉત્તરાખંડમાં ભાજપનો વિજય

કોલકાતા/પિથોરાગઢ : પશ્ચિમ બંગાળની ત્રણ અને ઉત્તરાખંડની એક વિધાનસભાની સીટ માટે ગયા સોમવારે યોજાયેલી ચૂંટણીનાં પરિણામો ગુરુવારે જાહેર થયા હતા જેમાં પશ્ચિમ બંગાળની ત્રણે ત્રણ સીટ પર મમતા બેનરજીનાં તૃણમૂલે ક્લીન સ્વીપ સાથે જીત મેળવી હતી. જો કે ઉત્તરાખંડની પિથોરાગઢની સીટ પર ભાજપનો વિજય થયો હતો. રાજ્યમાં વિધાસનભાની ચૂંટણી પહેલાંની આ છેલ્લી પેટાચૂંટણીનાં પરિણામો ભાજપ માટે ફટકા સમાન પુરવાર થયા હતા. ૨૦૨૧ની ચૂંટણી પહેલાંનાં આ પરિણામો મમતાનાં તૃણમૂલ કોંગ્રેસ માટે મહત્ત્વનાં છે. સોમવારે બંગાળની ત્રણેય બેઠકો માટે ૭૫. ૩૪ ટકા મતદાન થયું હતું. જેમાં ૧૮ ઉમેદવારો મેદાનમાં હતા.

પશ્ચિમ બંગાળની કલિયાગંજ સીટ પર ટીએમસીના ઉમેદવાર તપન દેબ સિંધાએ ૨૩૦૪ મતથી જીત હાંસલ કરી હતી. ખડગપુરની સદર સીટ પરથી ટીએમસીના ઉમેદવાર પ્રદીપ સરકાર ૨૦૮૧૧ મતનાં અંતરથી જીત્યા હતા, જ્યારે કરીમપુરથી ટીએમસીના બિમલેન્દુ સિંહા રોયે ૨૫,૫૪૧ કરતા વધુ મતથી જીત મેળવી છે. પિથોરાગઢના ચંદ્રા પંત ૩૨૬૭ મતથી જીત્યા છે. ખડગપુરનું પરિણામ ભાજપ માટે આંચકા સમાન છે કારણ કે આ સીટ બંગાળના ભાજપ ચીફ દિલીપ ઘોષ સંસદસભ્ય બનતા ખાલી પડી હતી. ઉત્તરાખંડનાં પિથોરાગઢની સીટ પર ભાજપના ચંદ્રા પંતનો વિજય થયો હતો. તેમણે કોંગ્રેસનાં અંજુ લુંઠીને ૩૨૬૭ મતથી હરાવ્યા હતા. આ સીટ પ્રકાશ પંતનાં અવસાનથી ખાલી પડી હતી.

## ભાજપના અહંકારને જાકારો મળ્યો : મમતા

પેટાચૂંટણીઓમાં ટીએમસીની શાનદાર જીત પછી મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કહ્યું હતું કે, આ વિકાસની જીત છે. ભાજપના અહંકારનાં રાજકારણને લોકોએ જાકારો આપ્યો છે. બંગાળમાં એનઆરસીને કારણે લોકોએ ભાજપને હરાવ્યું છે. રાજ્યના લોકોને અપમાનિત કરવાનું ફળ ભાજપને મળ્યું છે

# યુએસમાં ફેમિલી સ્પોન્સર્ડ ગ્રીનકાર્ડની પ્રતીક્ષા કરતાં ૨.૨૭ લાખ ભારતીયો

- **વેઈટિંગ લિસ્ટમાં ૧,૮૧,૦૦૦ અમેરિકન નાગરિકોનાં ભાઈ- બહેનો**

વોશિંગ્ટન : અમેરિકામાં ફેમિલી સ્પોન્સર્ડ ગ્રીનકાર્ડનાં વેઈટિંગ લિસ્ટમાં ભારતનાં ૨,૨૭,૦૦૦ લોકોનો સમાવેશ થાય છે. તેઓ અમેરિકામાં કાયદેસર રીતે કાયમી વસવાટની મંજૂરી મળે તેની રાહ જોઈ રહ્યા છે. યુએસની ટ્રમ્પ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર આંકડામાં આ માહિતી આપવામાં આવી હતી. હાલ આ વેઈટિંગ લિસ્ટમાં કુલ ૪૦ લાખ લોકો ફેમિલી સ્પોન્સર્ડ ગ્રીનકાર્ડની રાહ જોઈ રહ્યા છે. જેમાં મેક્સિકોનાં સૌથી વધુ ૧૫ લાખ લોકો છે. બીજા નંબરે ભારતનાં ૨,૨૭,૦૦૦ લોકો અને ત્રીજા નંબરે ચીનનાં ૧,૮૦,૦૦૦ લોકોનો સમાવેશ થાય છે. અમેરિકાની સંસદે દર વર્ષે ફક્ત ૨,૨૬,૦૦૦ ગ્રીનકાર્ડ આપવા મંજૂરી આપી છે.

રોજગારી કે નોકરી આધારિત ગ્રીનકાર્ડમાં મોટાભાગનાં કુશળ આઈટી પ્રોફેશનલ્સ છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમ સિક્યુરિટીના જણાવ્યા મુજબ ફેમિલી સ્પોન્સર્ડ ગ્રીનકાર્ડનાં વેઈટિંગ લિસ્ટમાં મોટાભાગનાં અમેરિકન નાગરિકોનાં ભાઈ- બહેનો છે. જેની સંખ્યા ૧,૮૧,૦૦૦ જેટલી છે. આ પછી ૪૨,૦૦૦ અમેરિકન નાગરિકોનાં પરિણીત સંતાનો છે અને ૨,૫૦૦થી વધુ કાયમી નિવાસ ધરાવતા લોકોનાં જીવનસાથી કે સગીર સંતાનો છે.

# અયોધ્યા ચુકાદાને પડકારવા સામે અભિનેતા નસીરુદીન સહિતના અગ્રણીઓનો વિરોધ

- **આ વિવાદને જીવંત રાખવાથી મુસ્લિમ સમાજનું ભલું નહીં થાય, નુકસાન થશે : શબાના આઝમી સહિતના મુસ્લિમોનું નિવેદન**

મુંબઈ : રામ જન્મભૂમિ વિવાદમાં સુપ્રીમ કોર્ટ (એસસી)એ આપેલા ચુકાદાને પડકારતી રીવ્યુ પિટિશન નોંધાવવાના નિર્ણય સામે વિરોધ દર્શાવતું એક સંયુક્ત નિવેદન એકસો જેટલા અગ્રણી મુસ્લિમોએ જારી કર્યું છે. આ અગ્રણી મુસ્લિમોમાં અભિનેતા નસીરુદ્દીન શાહ, અભિનેત્રી શબાના આઝમી પત્રકાર અને સામાજિક કાર્યકર જાવેદ આનંદ તથા ધારાશાસ્ત્રીઓ, પ્રોફેસરો, પત્રકારો જેવા પ્રોફેશનલ્સનો સમાવેશ થાય છે. નિવેદનમાં જણાવ્યા પ્રમાણે તેમાં સહીઓ કરનારી વ્યક્તિઓ એ બાબતે સંમત થાય છે કે અદાલતનો આદેશ ન્યાયની દ્રષ્ટિએ અપૂર્ણ છે, પરંતુ હવે તેને (આ વિવાદને) સક્રિય રાખવાથી ભારતીય મુસ્લિમોનું ભલું નહીં થાય, પણ તેમને નુકસાન થશે. એસસીની બંધારણ બેન્ચે તાજેતરમાં વાદગ્રસ્ત સ્થળે રામ મંદિરની તરફેણમાં સર્વાનુમતે કરેલા નિર્ણયને પડકારવા અયોધ્યા વિવાદ (કેસ)ના અનેક મુસ્લિમ પક્ષકારોએ કરેલા નિર્ણય બદલ આ નિવેદનમાં સહીઓ કરનારા અમે અત્યંત ચિંતિત છીએ. આ દેશની સર્વોચ્ચ અદાલતે નિર્ણ કરતી વખતે ધર્મને કાયદાથી ઉપરનું સ્થાન આપ્યું તે વિશેની ભારતીય મુસ્લિમ સમાજ બંધારણના નિષ્ણાતો તથા ધર્મનિરપેક્ષ સંગોઠનોની નારાજગીમાં અમે પણ સામેલ થઈ છીએ.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ૫૬ લાખ ખેડૂતો માટે ૩,૭૯૫ કરોડનું પેકેજ જાહેર



ગાંધીનગર : પહેલા અતિવૃષ્ટી અને પછી કમોસમી વરસાદથી રાજ્યમાં થયેલા પાક નુકશાન સામે ખેડૂતોને મદદરૂપ થવા મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે રૂ.૩,૭૯૫ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને કૃષિમંત્રી આર.સી.ફળદુએ શનિવારે અમદાવાદ સિંર્કટ હાઉસમાં આ નિર્ણયની જાહેરાત કરી હતી. આ પેકજથી ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત તમામ ગામોના અંદાજે ૫૬.૩૬ લાખ ખેડૂતોને આર્થિક સહાય ઉપલબ્ધ થશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ કે, બુધવારે મુખ્યમંત્રીના અધ્યક્ષપદે મળેલી કેબિનેટની બેઠકમાં કૃષિ વિભાગ દ્વારા પાક નુકશાન અને સાંપ્રત પરિસ્થિતિ સંદર્ભે રજૂ થયેલી વિગતો ઉપર વ્યાપક ચર્ચા કરીને ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વર્ષે ખરીફ સિઝનમાં છેલ્લા દાયકાઓમાં ન થયો હોય એટલો વરસાદ થયો હતો. જેના કારણે ખેતીને ફાયદો પણ થયો. પરંતુ, કેટલાક વિસ્તારોમાં વધુ વરસાદ, છેલ્લે માવઠાને કારણે તૈયાર થઈને ખેતરમાં ઊભા અને કાપણી પછી ખળામાં પડેલા કૃષિ ઉત્પાદનોને નુકશાન પણ થયુ છે. આ પરિસ્થિતિથી સરકાર વાકેફ હોવોથી પહેલા તબક્કે ૧૩ નવેમ્બરના રોજ અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ.૭૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યુ હતુ. એ વખતે પણ કમોસમી વરસાદ, કરા પડતા માવઠાનો માર ચાલુ જ હતો. પાક નુકશાની સંદર્ભે કૃષિ વિભાગ દ્વારા સર્વેનું કામકાજ ચાલુ હોવાથી વિગતો ઉપલબ્ધ થયેથી બીજા તબક્કે વધુ સહાય સાથે રાહત પકેજનો નિર્ણય થશે તેમ જાહેર કરવામાં આવ્યુ હતુ.

આથી, ૧૫ ઓક્ટોબરથી ૨૦મી નવેમ્બર દરમિયાન થયેલા કમોસમી વરસાદને ધ્યાને લઈને ગુજરાત સરકારે રાજ્યના ૩૩ જિલ્લાના ૨૪૮ તાલુકાના ૧૮,૩૬૯ ગામોના ૫૬.૩૬ લાખ ખેડૂતો માટે રૂ.૩૭૯૫ કરોડનું રાહત પેકેજ મંજૂર કર્યું છે.

### વરસાદ નથી પડયો તેવા ગામોને સહાય

રાજ્યના ૨૧ જિલ્લાના ૮૧ તાલુકાના ૫૮૧૪ ગામોમાં ક્યાંક છુટોછવાયા વરસાદને બાદ કરતા અધિકાંશ ગામોમાં વરસાદ પડયો ન હતો. પરંતુ, કાપણીટાણે બદલાયેલા વાતાવરણથી કૃષિ ઉત્પાદનની ગુણવત્તા નબળી પડે અને તેવામાં ખેડૂતોને ટેકો કરવા સરકારે ઉદારનીતિ અપનાવીને આ તાલુકાઓના ૧૭.૧૦ લાખ ખેડૂત ખાતેદારોને ખાતાદિઠ રૂ.૪૦૦૦ લેખે રૂ.૬૪૮ કરોડની સહાય ચુકવવા નિર્ણય કરાયો છે.

### વીમાનું અલગથી વળતર મળશે : કૃષિમંત્રી

પાક વીમા યોજના હેઠળ નુકશાની સંદર્ભે રાજ્યભરમાં વીમા કંપનીઓ દ્વારા પાક અખતરા ચાલી રહ્યા છે. તેમા થનારા દાવા હેઠળ ખેડૂતોને અલગથી વળતર ચૂકવાશે. તેમ કહેતા કૃષિમંત્રી આર.સી.ફળદુએ રૂ.૩૭૯૫ કરોડના પેકેજમાંથી જીક્ઝ્ઇહ્મમાંથી રૂ.૨૧૫૪ કરોડ અને ગુજરાત સરકારના પોતાના બજેટમાંથી રૂ.૧૬૪૧ કરોડ સહાયપેટે ચૂકવાશે તેમ ઉમેર્યું હતુ

## એસ્ટેટ બ્રોકરની હત્યા કેસમાં જામીન મળતાં ક્રિષ્ણા સોમાનીને વડોદરા લવાયો

વડોદરા : અમદાવાદના એસ્ટેટ બ્રોકરની હત્યાના કેસમાં જામીન પર છૂટેલા વડોદરાના નામચીન ક્રિષ્ણા સોમાનીને વડોદરા ટ્રાન્સફર કરાયો છે. ગોપાલ કાબરા નામના એસ્ટેટ બ્રોકરની ધૂળે નજીક કારમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવવાના ચકચારી કેસમાં ધૂળે પોલીસે વડોદરાના બિલ્ડર ક્રિષ્ણા ગેંડાલાલ સોમાનીની ધરપકડ કરી હતી અને રિમાન્ડ બાદ જ્યુ.કસ્ટડીમાં મોકલતાં તેને ધૂળેની જેલમાં રખાયો હતો. દરમિયાનમાં વડોદરાની સાત માળની પ્રોપર્ટી વેચવા માટે બોગસ કંપની ઉભી કરી આ પ્રોપર્ટીનો એનઆરઆઇ પંકજ શેઠ સાથે સોદો કરીને રૂા.૮.૯૧ કરોડ પડાવી લઇ ઠગાઇ થતાં ગોત્રી પોલીસે સૂત્રધાર ક્રિષ્ણા સોમાની,મહાલક્ષ્મી બેન્કના એમ.ડી. નારાયણ કંસારા,બલવંતસિંગ સંધુ સહિતના નવ જણા સામે ગુનો નોંધ્યો હતો.

## વડોદરામાં પાંચ વર્ષમાં ગુમ થયેલા ૫૦૦ લોકોનો હજી સુધી પત્તો નહીં

વડોદરા : વડોદરાથી છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૫૦૦ વ્યક્તિઓ ગૂમ થઈ હતી. જે પૈકી ૩૦૦૦ વ્યક્તિઓ પરત આવી ગઈ છે, જ્યારે ૫૦૦ વ્યક્તિઓ હજી સુધી મળી શકી નથી. આ ૫૦૦ વ્યક્તિઓમાં એક બાળક છે. જ્યારે ૨૧૦ મહિલાઓ અને ૨૮૯ પુરૂષનો સમાવેશ થાય છે. પુખ્તવયની ઉંમરના વ્યક્તિઓના ઘર છોડવા પાછળનું મુખ્ય કારણ ઘરકંકાસ હોવાનું જણાઈ રહ્યું છે. શહેરમાંથી ગૂમ થતા વ્યક્તિઓની જે તે પોલીસ મથકમાં નોંધ કરવામાં આવે છે અને ત્યારબાદ સ્થાનિક પોલીસ દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવતી હોય છે. સ્થાનિક પોલીસ પાસે કામનું વધુ પડતું ભારણ હોવાથી ગૂમ વ્યક્તિઓની શોધખોળ માટે પોલીસ કમિશ્નર દ્વારા મિસિંગ સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. જે સ્કવોર્ડ દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ગૂમ થયેલી વ્યક્તિઓની વિગત મગાવ્યા પછી તેઓની શોધખોળ હાથ ધરવામાં આવે છે. પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌતના જણાવ્યા અનુસાર, ગૂમ થયેલી વ્યક્તિઓનું ઉંમર પ્રમાણે ત્રણ ભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે. ૧. ૧૪ વર્ષ સુધીની ઉંમર ૨. ૧૪ થી ૧૮ વર્ષ અને ૩. ૧૮ વર્ષથી વધુ. ગૂમ થયેલી વ્યક્તિઓને શોધી પરત લાવ્યા બાદ તેમનું કાઉન્સેલિંગ કરતા એવી હકીકત જાણવા મળે છે.

## વડોદરા જિ.પં.ની સામાન્ય સભા બોલાવવી કે નહીં તે મુદ્દે કોંગ્રેસમાં ફરી ભાગલા

વડોદરા : . વડોદરા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના સાત બળવાખોરો અને ભાજપના ૧૪ સભ્યોના ટેકાથી કોંગી અસંતુષ્ટ પ્રમુખ બનતાં તેમણે જુદી જુદી સમિતિઓની સત્તા ઉપર કાપ મુકતો બહુમતીના જોરે નિર્ણય લીધો હતો. જે મુદ્દે થયેલા મતદાનના આંકડા જાહેર થયા વગર સભાનું કામ પુરૂં થઇ જતાં કોંગ્રેસના ઉપપ્રમુખ અને અન્ય ૧૫ સભ્યોએ વિરોધ કર્યો હતો. ઉપરોક્ત નિર્ણયો રદ કરવા માટે હાઈકોર્ટમાં રિટ પણ કરવામાં આવી છે.જેની સુનાવણી આગામી તા.૨જીએ રાખવામાં આવી છે. દરમિયાનમાં પ્રમુખે ડીડીઓને પત્ર લખી આગામી તા.૧૨મીએ સામાન્ય સભા બોલાવવાની માંગણી કરતાં ઉપપ્રમુખ અને અન્ય ૧૪ કોંગી સભ્યોએ ડીડીઓને વળતો પત્ર લખી તેનો વિરોધ કર્યો છે.તેમણે કહ્યું છે કે,હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો છે ત્યારે બીજી સભા બોલાવવી ઉચિત નથી.

## ચાંપાનેર ખાતે પુરાતત્વ વિભાગને ૧૫મી સદીની તકતીઓ સાથે આખું નગર મળ્યું

- ગેટ પર ઈ.સ. ૧૩૬૭ અને ૧૫૨૫ની સાલમાં લખાયેલી તકતીઓ પણ મળી આવી

પંચમહાલ-વર્લ્ડ હેરિટેજ પાવાગઢ ચાંપાનેર ખાતે પુરાતત્વ વિભાગ દ્વારા ડુંગર પર આવેલા સાત કમાન વિસ્તારમાં તેમજ ટંકશાળ નજીક ખોદકામ કરતા જમીનમાં દટાયેલો પંદરમી સદીનો એક ગેટ તેમજ દેવી-દેવતાઓને કલાત્મક મૂર્તિઓ મળી આવી છે.

પુરાતત્વ વિભાગ દ્વારા હાલ તેનો સંશોધન કરવામાં આવી રહ્યું છે. આ ગેટ ક્યારે અને કોણે બનાવ્યો હશે? તેની સંશોધન બાદ સાચી માહિતી ખબર પડે તેમ પુરાતત્વ વિભાગના સૂત્રો જણાવે છે.

હાલમાં પુરા વિશ્વમાં વિશ્વ વિરાસત સપ્તાહની ઉજવણી થઈ રહી છે. દરમિયાન ગુજરાતના યાત્રાધામ પાવાગઢ ચાંપાનેરની વર્લ્ડ હેરિટેજ સાઈડ પૈકી ડુંગર ઉપર આવેલ સાત કમાન વિસ્તારમાં પુરાતત્વ વિભાગ દ્વારા હાલ ખોદકામ ચાલી રહ્યું છે. જેમાં પંદરમી સદીમાં બનાવાયેલો એક ગેટ મળી આવ્યો છે, અને આ ગેટની આજુબાજુ કલાત્મક દેવી-દેવતાઓને મૂતિઓ પણ મળી આવી છે. હાલ ત્યાં ખોદકામ ચાલી રહ્યું છે. ગેટની જમણી તરફ અને ડાબી તરફ ઈ.સ. ૧૩૬૭ અને ૧૫૨૫ની સાલમાં લખાયેલી તકતીઓ મળી આવી છે. જેમાં પ્રવેશદ્વારની અંદર પ્રવેશ કરતા પહેલા પ્રાર્થના કરાય હોય તેઓ હાલ આર્કિયોલોજી વિભાગ દ્વારા જાણવા મળ્યું છે.

કોમર્શિઅલ-રેસીડેન્સિયલ જમીન વેચવાની છે
અમદાવાદ નજીક બાવળા નગરમાં ટીપી સ્કીમ ૧માં
બે ફાઈનલ પ્લોટો નવા સર્વે નં. ૨૯૭૬
(૧૩૬૯૮ ચો.વા.) અને નં. ૨૯૯૬ (૯૧૦૩ ચો.વા)
અમદાવાદ-સરખેજ-બાવળા-ધોલેરા ભાવનગર હાઈવે ઉપર.
સંપર્ક કરો મોબાઈલ વોટ્સએપ ટેક્સ્ટ દ્વારા
મુકુંદભાઈ પટેલ USA
(8-10 am) 1.215.584.5892
Email : mukund.patel1100@yahoo.com
અમદાવાદમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં રૂબરૂ મળો.



# નિત્યાનંદ વિવાદ : ગૂમ યુવતીઓને હાજર કરવા આદેશ

## નિત્યાનંદ આશ્રમની બે યુવતીઓ મુદ્દે એચસીએ પોલીસને રોકડુ પરખાવ્યું, 'ગમે ત્યાં જવુ પડે તો જાવ, પણ હાજર કરો'

અમદાવાદ : હાથીજણ સ્થિત નિત્યાનંદ આશ્રમમાંથી લાપતા થયેલી બે દીકરીઓની ભાળ મેળવવા માટે તેના પિતાએ કરેલી હેબિયસ કોર્પસની અરજીમાં હાઈકોર્ટે મંગળવારે ગુજરાત પોલીસને આદેશ કર્યો છે કે, કોઈપણ ભોગે, કોઈ પણ સંજોગોમાં આ યુવતીઓને શોધીને રજૂ કરો. આ માટે તમારે જ્યાં પણ જવાનુ થાય ત્યાં જાઓ. હાઈકોર્ટે ટકોર કરી છે કે, સમય જાય છે, તેમ આ કેસમાં શંકા પ્રબળ બનતી જાય છે. આ યુવતીઓને નેપાળથી ટ્રિનિદાદ-ટોબેગો લઈ ગયા, તેના લીધે અનેક પ્રકારની શંકા ઉપજે છે.

આ બંને યુવતીઓ પોલીસ સાથે સોશિયલ મીડિયા થકી વાત કરે છે, તો તેમને ભારત આવવા અને હાઈકોર્ટમાં હાજર થવા માટે સમજાવો. આ બંને યુવતીઓને બાહેંધરી આપો કે, તેમને પૂરતા રક્ષણ સાથે હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ બંને યુવતીઓએ ભારતની ન્યાયપ્રણાલી પર ભરોસો કરવો જ પડશે. જો, તેઓ પુખ્ત હશે તો કાયદા મુજબ તેમને જ્યાં પણ જવુ હશે ત્યાં જવાની મંજૂરી મળી શકશે. હાઈકોર્ટે એ પણ ટકોર કરી છે કે, આ યુવતીઓ હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલને ઈ-મેઈલ કરી પત્ર લખે છે, સોશિયલ મીડિયા( ફેસબુક, સ્કાઈપે) પર વીડિયો પોસ્ટ કરીને કહે છે કે, તેઓ તેમની મરજીથી અહીં રહે છે. જો કે, હાઈકોર્ટ આ રીતની રજૂઆત અને વાતને માની શકે નહીં. હાઈકોર્ટ, કેવી રીતે માને કે, આ યુવતીઓ પાસે જબરદસ્તીથી આ બધુ કરાવવામાં આવતું નથી?

હાઈકોર્ટે સ્પષ્ટ પણે કહ્યું છે કે, તેમની સમક્ષ હેબિયસ કોર્પસની અરજી થયેલી છે, એટલે કાયદા મુજબ આ અરજીમાં સંબંધિત વ્યક્તિએ હાઈકોર્ટમાં હાજર થવું જ પડશે. ત્યાં સુધી આ અરજીનો નિકાલ થશે નહીં. જો તેઓ હાજર નહીં થાય તો આ અરજી યથાવત રહેશે. આ બંને યુવતીઓ ફેસબુક, સ્કાઈપે અથવા તો ઈ-મેઈલ કરીને જે રજૂઆત કરે છે, તે રજૂઆત તેમણે હાઈકોર્ટ સમક્ષ કરવી પડશે. આ કેસની વધુ સુનાવણી ૧૦ ડિસેમ્બરે હાથ ધરાશે. પોલીસે કહ્યું છે કે, કોર્ટના તમામ આદેશનુ પાલન કરવા તે કટિબદ્ધ છે.

### કેસમાં સંડોવાયેલી લોપામુદ્રા, નંદિતાને ઇન્ટરપોલથી અમદાવાદ લાવવા કોશિશ



હાથીજણ પાસેના નિત્યાનંદ આશ્રમમાંથી ગુમ થયેલી નંદીતા નેપાળ થઈને વિદેશ ભગી ગઈ હોવાનું બહાર આવ્યું છે. પોલીસ પ્રાણપ્રિયાનંદા અને પ્રિયાતત્વાનંધાની ધરપકડ કરીને આશ્રમમાં ચાલતા ગોરખધંધાના મુળ સુધી પહોચવા પ્રયાસો હાથ ધર્યા છે. જેના ભાગરૂપે આશ્રમમાંથી મળેલા કમ્પ્યુટર અને લેપટોપ સહિતના સાધનો એફએસએલમાં મોકલ્યા છે. ડિજીટલ લોકરમાં આશ્રમના રહસ્યો હોવાની શંકા આધારે ચતુર સાધિકાઓ લોકરના પાસવર્ડ આપતી નથી, પોલીસ લોકર ખોલવા માટે મથામણ કરી રહી છે. આ કેસની વિગત એવી છે કે તામીલનાડુના જનાર્દન રામકૃષ્ણ શર્માએ વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં હાથીજણ પાસે હિરપુર ખાતેના નિત્યાનંદ આશ્રમના સ્થાપક સ્વામી નિત્યાનંદ અને પ્રાણ પ્રિયા તથા માં પ્રિતતત્વા સામે પોતાની પુત્રી ગુમ અને બાળકો પાસે બાળ મજૂરી કરાવીને શિક્ષા તરીકે માર મારવામાં આવતો હતો અને આશ્રમથી અપહરણ કરીને પુષ્પક સિટી ખાતેના મકાનોમાં બે સપ્તાહ સુધી ગોધી રાખીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો.

### પોલીસ તપાસના નામે આશ્રમના બાળકોને અશ્લિલ ક્લીપ બતાવી

અમદાવાદના હાથીજણમાં સ્થિત નિત્યાનંદ આશ્રમમાં અભ્યાસ કરતાં બાળકોના પાંચ વાલીઓએ હાઈકોર્ટમાં અરજી કરી છે. હાઈકોર્ટમાં અરજદાર વાલીઓની રજૂઆત હતી કે, પોલીસે તપાસના નામ હેઠળ બાળકોને હેરાન કરી રહી છે, બાળકોને ગોંધી રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, તપાસના ઓઠા હેઠળ નિત્યાનંદની અશ્લીલ ક્લિપ બાળકોને બતાવવામાં આવી રહી છે. બાળકોની કોરા કાગળ પર સહી લેવામાં આવી છે, બાળકોને માનસિક ત્રાસ આપીને પૂછપરછ કરવામાં આવી રહી છે. આ બાળકોને આશ્રમની બહાર જવા દેવામાં આવતા નથી અને વાલીઓને તેમને મળવા દેવાની મંજૂરી આપવામાં આવતી નથી.

### ડિજિટલ લોકરમાં છ મોબાઈલ, જ્વેલરી અને રૂપિયા મળી આવ્યા

અમદાવાદ: હાથીજણના નિત્યાનંદ આશ્રમની સંચાલિકાઓની ધરપકડ બાદ કબજે કરાયેલા ડિજિટલ લોકરનો પાસવર્ડ સંચાલિકાએ પોલીસને ન આપતા લોકરને એફએસએલને મોકલી આપ્યું હતું. જો કે ડિજિટલ લોકરને ખોલવામાં એફએસએલને સફળતા મળી નહોતી. જેને પગલે પોલીસે આ લોકરને ગેસ કટરથી કાપ્યું હતું. ત્યાર બાદ આ લોકરમાંથી ૧૧૯૬ રૂપિયા, જ્વેલરી અને ૬ મોબાઈલ મળી આવ્યા હતા. આ તમામ વસ્તુ એફએસએલમાં મોકલવામાં આવી છે. હાથીજણના નિત્યાનંદ આશ્રમમાંથી યુવતી ગુમ થવાની ઘટનામાં એસઆઇટીએ તપાસમાં આશ્રમના બે બાળકોને આશ્રમમાં ગોંધી રાખી માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાનું જણાવ્યું હતું.

### બાળકો સાથે કોઈ સેક્યુઅલ હેરેસમેન્ટ અને મારઝૂડની શક્યતા

આશ્રમમાં ગોંધી રાખેલા બાળકો સાથે કોઈ શારીરિક છેડછાડ થઈ છે કે નહી તે મેડિકલ ચેક અપ પરથી સ્પષ્ટ થાય તેમ હોવા છંતા પણ પોલીસ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીએ પાંચ દિવસ વિત્યા છતાં પણ હજુ સુધી ચાર પીડિત બાળકોના મેડિકલ ચેકઅપ કરાવ્યા નથી. મેડિકલ ચેકઅપમાં બાળકો સાથે કોઈ સેક્યુઅલ હેરેસમેન્ટ, કોઈ મારઝૂડ થઈ હોય તો તેના પૂરાવા મળી આવતા હોય છે. જો કે, નવાઈ વાત એ છે કે મજબૂત તપાસનો દાવો કરતાં પોલીસ અધિકારીઓ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના અધિકારીઓ દ્વારા હજૂ સુધી ચારમાંથી એક પણ બાળકનું મેડિકલ ચેક અપ કરાવવામાં આવ્યું નથી. આમ, પૂરાવા ઊભા થાય તેવા પ્રયાસ બંને એજન્સી દ્વારા થતાં હોય તેવું લાગી રહ્યું છે.

# ગુજરાતમાં મુખ્ય સચિવપદ કોના શિરે, વિજય રૂપાણી સરકારમાં કવાયત શરૂ

- મુખ્ય સચિવ ડૉ.જે. એન.સિંઘની આખરી કેબિનેટની બેઠક
- કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલાં અધિકારીઓને ધ્યાનમાં લઈ પસંદગી કરવા વિચારણા

અમદાવાદ : ગુજરાતમાં નવેમ્બર માસના અંતે સનદી અધિકારીઓની ઉથલપાથલ થશે. સાથે સાથે મુખ્ય સચિવ ડૉ.જે.એન.સિંઘનો એક્સ્ટેન્શનો કાર્યકાળ પૂર્ણ થશે તે જોતાં હવે નવા મુખ્ય સચિવપદે કોની નિયુક્તિ થશે તે મુદ્દો સચિવાલયમાં ચર્ચાનો વિષય બન્યો છે. મહત્વપૂર્ણ વાત એછેકે, મુખ્ય સચિવપદના દાવેદાર ગણાતાં સિનિયર અધિકારીઓ નિવૃતના આરે છે તે જોતાં રૂપાણી સરકાર કોને મુખ્ય સચિવની જવાબદારી સોંપે છે તેના પર સૌની નજર મંડાઇ છે.જોકે, સિનિયોરિટીના ધોરણે અરવંદ અગ્રવાલ ઉપરાંત અનિલ મુકિમનુ નામ ટોપ પર ચાલી રહ્યુ છે.આ બધીય અટકળો વચ્ચે ૩૦મીની સાંજ સુધીમાં આ મુદ્દા પરથી પરદો ઉંચકાઇ જશે. ગુજરાતમાં આગામી ડિસેમ્બર માસમાં વહીવટી તંત્રમાં બઢતી-બદલીનો દોર આવે તેવી સંભાવના છે. પાટનગર ગાંધીનગરમાં આજે મળી કેબિનેટની બેઠક મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંઘ માટેની આખરી બેઠક હતી. ૩૦મી નવેમ્બરે તેઓ નિવૃત થશે. હવે મુખ્ય સચિવ પદ માટે સિનિયોરિટીની દ્રષ્ટિએ અરવિંદ અગ્રવાલ ટોપ પર છે પણ જીપીસીબીમાં પ્રમોશનને લઈને થયેલો વિવાદ તેમને નડી શકે છે.આ ઉપરાંત ૧૯૮૫ બેચના આઈએએસ સુજીત ગુલાટી,પ્રેમકુમાર ગેરાને નિવૃતના આડે હવે થોડાક મહિના જ બાકી છે. એટલે તેમના માટે મુખ્ય સચિવપદ મળવુ મુશ્કેલ છે. ત્યારબાદ અનિલ મુકિમનુ નામ હરોળમાં છે.તેઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે એટલે તેઓ ગુજરાતમાં પાછા બોલાવાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

# કેનેડામાં નોકરીની લાલચે ૩૨ લાખની ઠગાઈ : એક ઝડપાયો

અમદાવાદ : દેશ અને વિદેશમાં નોકરીની લાલચ આપી લોકો સાથે ઠગાઈ આચરતી બે ગેંગને ન્યુ દિલ્હીથી સાયબર સેલની ટીમે ઝડપી છે. જેમાં કેનેડામાં નોકરીની લાલચ આપી ફરિયાદી સાથે રૂ.૩૨ લાખની ઠગાઈ આચરનાર કેમેરુનિયન ગેંગનો એક તેમજ સિમેન્ટ કંપનીમાં નોકરીની લાલચ આપી રૂ.૪.૭૨લાખની ઠગાઈ આચરનાર કોલ સેન્ટર સંચાલક સહિત નવની પોલીસે ધરપકડ કરી છે. ફાઉડજેએ ફરિયાદી અને તેમના પતિને ઈમેઈલ કરીને કેનેડાની કંપનીની ચીફ સિક્યુરિટી ઓફિસર તરીકે નોકરી મહિને રૂ.ચાર લાખ પગારની લાલચ આપી વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં આરોપીએ ફરિયાદી પાસેથી પાસપોર્ટ, મેરેજ સર્ટી, પાનકાર્ડ, આધારકાર્ડ, એડ્રેસ પ્રૂફ, તેમજ બેક સ્ટેટમેન્ટ ઈ મેઈલથી મેળવ્યા હતા. બાદમાં વિઝા પ્રોસેસ ફી, સીએપએફ બેંક એકાઉન્ટ ફી, હેલ્થ ઈન્સ્યોરન્સ ફી જેવી વિવિધ ૧૨ જેટલી ફીના ચાર્જ પેટે રૂ.૩૧,૯૮,૨૧૫ની રકમ જૂદા જૂદા બેન્ક એકાઉન્ટમાં ફરિયાદી પાસે ભરાવડાવી હતી. બાદમાં ફરિયાદીને કેનેડિયન એન્ટ્રી ગેટ પાસ, કેનેડા દેશના અલગ અલગ ખોટા સર્ટી, એન્ટી ડ્રગ્સ સર્ટી વગેરે મોકલીને નોકરી ન અપાવી ઠગાઈ આચરી હતી. જેના પગલે સાઈબર સેલની ટીમએ ફાઉડજેને ઝડપ્યો હતો. અન્ય બનાવમાં નોકરી.ડોમના નામેથી ઠગાઈ કરતાં નવની ક્રાઈમબ્રાંચની ટીમે ધરપકડ કરી છે.

## રાજદ્રોહના ગુનામાં હાર્દિક પટેલ વિરુધ્ધ વોરંટ ઈસ્યુ કરવાની માંગણી ફગાવાઈ

સુરત : સુરતમાં નોંધાયેલા રાજદ્રોહના ગુનાની ન્યાયિક કાર્યવાહીની મુદતમાં સતત ગેરહાજર રહેતા હાર્દિક પટેલ સામે વોરંટ ઈસ્યુ કરવા સરકારપક્ષની માંગણીને સુરત સેશન્સ કોર્ટે નકારી કાઢી વધુ સુનાવણી તા.૧૯મી ડીસેમ્બર સુધી મોકુફ રાખી છે. પાટીદાર અનામત આંદોલન દરમિયાન પોલીસ પર હુમલો કરવા તથા બેદીલી ફેલાવતા નિવેદનોના મુદ્દે પાસના આરોપી નેતા હાર્દિક પટેલ,ચિરાગ તથા વિપુલ દેસાઈ વગેરે વિરુધ્ધ અમરોલી પોલીસમાં રાજદ્રોહના ગુનાઈત કારસા અંગે ફરિયાદ નોંધાઈ હતી.આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાંચે પાછળથી વધુ એક આરોપી નેતા અલ્પેશ કથીરીયાની ધરપકડ કરી તમામ આરોપી નેતાઓ વિરુધ્ધ નિયત સમયમાં ચાર્જશીટ રજુ કરી હતી.

## ગુજરાત પોલીસના ત્રાસથી બચાવો: USના ગુજરાતીઓની PMને ફરિયાદ

અમદાવાદ : અમેરિકાથી અમદાવાદ આવેલા ખેડાના ગુજરાતી પરિવારને પોલીસ દ્વારા માનસિક ત્રાસ આપવાની ઘટના તાજેતરમાં જ બની હતી જેને લઈને અમેરિકામાં વસતા ગુજરાતી પરિવારોમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો છે. અમેરિકામાં વર્ષોથી વસતા અને ગુજરાતી લોકો એ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈ-મેઈલ કરીને ફરિયાદ કરી છે કે ગુજરાત પોલીસના ત્રાસમાંથી અમને લોકોને મુક્તિ આપો. અત્રે નોંધનીય છે કે અમેરિકામાં રહેતા ગુજરાતી લોકો પૈકીના મોટાભાગના નરેન્દ્ર મોદી તથા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને ભાજપ પ્રત્યે કૂણી લાગણી ધરાવે છે. પોતાના વતનમાં જ પોતાની જ પોલીસ દ્વારા કોઈ કારણ વગર જ માત્રને માત્ર પૈસા પડાવવાના હેતુથી અડધી રાત્રે હેરાન કરવામાં આવે છે એ વાત તેઓને પસંદ આવી નથી આથી અમેરિકામાં વસતા કેટલાક ગુજરાતીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈમેલ રજૂઆતો આપી છે. પીએમ સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે અમે લોકો અમેરિકાથી ગુજરાતમાં આવીએ છીએ ત્યારે અવાર નવાર પોલીસ અધિકારીઓ દ્વારા ચેકિંગ કરવાને બહાને તમને હેરાન કરવામાં આવે છે.

## ગોધરાકાંડ કોંગ્રેસ પ્રેરિત હતું: ગ્રંથ નિર્માણબોર્ડના ઉપાધ્યક્ષે વિવાદ સર્જયો

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડેના પુસ્તક ગુજરાતની રાજકીય ગાથાએ વિવાદે સર્જયો છે કેમકે, આ પુસ્તકમાં બોર્ડના ઉપાધ્યક્ષ ભાવનાબેન દવેએ આરોપ મૂક્યો છેકે, ગોધરાકાંડ એ કોંગ્રેસ પ્રેરિત હતું. પુસ્તકમાં આવી વાંધાજનક વાતો સામે કોંગ્રેસ વિરોધ નોંધાવ્યો છે. યુનિવસિટી ગ્રંથ નિર્માણ બોર્ડે સરકારી ગ્રાન્ટ મેળવી ગુજરાતની રાજકીય ગાથા પુસ્તક બહાર પાડયુ છે જેના લેખક ખુદ બોર્ડના ઉપાધ્યક્ષ અને પૂર્વ સાંસદ ભાવનાબેન દવે છે. આ પુસ્તકમાં એવુ લખાયુ છેકે, ગુજરાતમાં શાસન માટે સત્તા પ્રાપ્તિ માટે અનેક હથકંડા અપનાવનારાં નેતાઓ પણ આપણને મળ્યાંને, વિકાસને આગળ ધપાવનારાં નેતાઓ ય મળ્યાં છે.

# ખેડાના મંદિરમાંથી બોગસ નોટ છાપવાનું રેકેટ ઝડપાયું

## •કામરેજના ગઢપુર રોડ પરથી ઝડપાયેલા યુવાનની પુછપરછના આધારે સુરત ક્રાઈમ બ્રાંચના રાધારમણ સ્વામીની રૂમમાં દરોડા

## •રૂ. ૨ હજારના દરની ૫૦૧૩ નોટ કિંમત રૂપિયા કરોડ કબજે કરવામાં આવી, સ્વામી સહિત પાંચની ધરપકડ, એક વોન્ટેડ

સુરત : દેશના આર્થિક તંત્રને ખોખલું કરતા ષડયંત્રનો પર્દાફાશ સુરત શહેર ક્રાઈમ બ્રાંચે કર્યો છે. ખેડા જિલ્લાના અંબાવ ગામના સ્વામીનારાયણ મંદિર પરિસરમાં સ્વામી રાધારમણની રૂમમાંથી રૂ.૨૦૦૦ના દરની ડુપ્લીકેટ ચલણી નોટ છાપવાનું કારખાનું ઝડપી પાડી સ્વામી ઉપરાંત ચલણી નોટ છાપવાના માસ્ટર માઈન્ડ સહિત પાંચ જણાને રૂ.૨૦૦૦ના દરની ૫૦૧૩ નોટ (રૂ.૧ કરોડ) સાથે ધરપકડ કરતા ચકચાર મચી છે. સુરત ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે કામરેજ મેઈન રોડની ગઢપુર ટાઉનશીપથી લેક વિલેજ ફાર્મ તરફ જવાના રોડ પરથી પ્રતિક દિલીપ ચોડવડીયા (ઉ.વ.૧૯ રહે. સહજાનંદ વિલા, કોસમાડા, તા.કામરેજ અને મૂળ ગાધકડા ગામ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી)ને રૂ.૨૦૦૦ના દરની ૨૦૩ નંગ નોટ કિંમત રૂ.૪.૦૬ લાખ, મોબાઈલ ફોન અને સ્કોડા કાર સાથે ઝડપી પાડયો હતો. તેની પાસેથી રૂ.૨૦૦૦ના દરની બોગસ ચલણી નોટ મળી આવતા ક્રાઈમ બ્રાંચે આકરી પુછપરછ કરતા ડુપ્લીકેટ ચલણી નોટ ખેડા જિલ્લાના અંબાવ ગામના સ્વામીનારાયણ મંદિર પરિસરમાં રહેતા સ્વામી રાધારમણની રૂમમાં પ્રવિણ જેરામ ચોપડા અને તેના પુત્ર કાળુ પ્રવિણ ચોપડા (બંને રહે. આનંદ વાટિકા સોસાયટી-૨, કામરેજ), મોહન માધવ વાઘુરડે (રહે. ક્રિષ્ણા પાર્ક સોસાયટી, માંડવા રોડ, અંદાડા, અંકલેશ્વર) સાથે મળીને છાપી હોવાની કબુલાત કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. અને પોલીસે અંબાવા ગામમાં સ્વામીનારાયણ મંદિર પરિસરમાં રાધારમણ સ્વામીની રૂમમાં દરોડા પાડયા હતા. જયાંથી રૂ.૨૦૦૦ના દરની ૨૫૦૦ નોટ (કુલ રૂ.૫૦ લાખ) કબજે કરવાની સાથે સ્વામી રાધારમણ, પ્રવિણ ચોપડા અને તેના પુત્ર કાળુ ચોપડા, મોહન વાઘુરડેની સરથાણા શ્યામધામ મંદિર પાસેથી ઝડપી પાડી રૂ.૨૦૦૦ના દરની કુલ ૫૦૧૩ ડુપ્લીકેટ નોટ (કુલ કિંમત રૂ.૧,૦૦,૨૬,૦૦૦) કબજે લઈ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. બોગસ ચલણી નોટ સાથે આરોપીઓ ઝડપાયાની પ્રદિપ પ્રવિણ ચોપડાને ગંધ આવી જતા તે હાલ ભુર્ગભમાં ઉતરી ગયો છે. જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.




### કોની પાસે કેટલી નોટ મળી ?

– પ્રતિક ચોડવડીયા પાસેથી ૨૦૩ નંગ નોટ – પ્રવિણ ચોપડા પાસેથી ૯૬૦ નંગ નોટ – કાળુ પ્રવિણ ચોપડા પાસેથી ૭૫૦ નંગ નોટ – મોહન વાઘુરડે પાસેથી ૬૦૦ નંગ નોટ – રાધારમણ સ્વામી પાસેથી ૨૫૦૦ નંગ નોટ

### વડતાલ સંસ્થામાંથી બરતરફ કરાશે

વડતાલ સંસ્થાના ચેરમેને જણાવ્યું હતું કે અંબાવમાં એક સ્વતંત્ર મંદિર હતું. અને તેને વડતાલ ટ્રસ્ટ સાથે કોઇ સંબંધ નથી. વળી અમે રાધારમણ સ્વામીને ત્યાગી (સંત) તરીકે વડતાલ સંસ્થામાંથી બરતરફ કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે. આથી અમારે આ સાધુ કોઇ જ લેવાદેવા નથી.

### કલર પ્રિન્ટર પર સ્કેન કરી નોટ છાપતા હતા

ક્રાઇમ બ્રાંચે સ્વામી રાધારમણની રૂમમાંથી ડુપ્લીકેટ ચલણી નોટ છાપવા માટેની સામગ્રી કબજે લીધી હતી. જેમાં કલર પ્રિન્ટર અને સ્કેનર ઉપરાંત કાગળો કબજે લીધા છે. પ્રાથમિક પુછપરછમાં ચલણી નોટને સ્કેન કરી તેની કલર પ્રિન્ટ કરતા હતા અને ત્યાર બાદ બજારમાં નોટ ઘુસાડવા માટે તમામ એકબીજા વચ્ચે વહેંચણી કરી લેતા હતા.

### નવરાત્રીમાં નોટ છાપવાનું શરૂ કર્યુ

સ્વામી સહિતનાની હાથ ધરવામાં આવેલી પુછપરછમાં નવરાત્રી દરમિયાન ડુપ્લીકેટ નોટ છાપવાનું શરૂ કર્યુ હોવાનું બહાર આવ્યું છે. અને તેઓનો અંદાજ એવો હતો કે, ૧ કરોડની નોટ બજારમાં ફરતી થઇ જશે તો તેઓને ૫૦ લાખનો નફો થશે અને તે સરખે હિસ્સે વહેંચવાના હતા. પરંતુ તેઓ આજ દિન સુધીમાં માંડ ૫ નોટ જ બજારમાં ફરતી કરી શકયા હતા.

### સ્વામીના ઈતિહાસ અંગે પોલીસ તપાસ શરૂ

ખેડાના અંબાવ ગામમાં સ્વામીનારાયણ મંદિર પરિસરમાં રાધારમણ સ્વામીની રૂમમાંથી બોગસ ચલણી નોટ છાપવાનું રેકેટ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. જોકે, ખરેખર રાધારમણ સ્વામી સ્વામીનારાયણ મંદિર સાથે સંકળાયેલો છે કે નહીં ? તે ઉપરાંત તેનો કોઇ ગુનાહિત ઇતિહાસ છે કે નહીં ? તે અંગેની પોલીસે તપાસ હાથ ધરી છે.

### અગાઉ ઝડપાયેલો પ્રવિણ ચોપડા માસ્ટર માઇન્ડ, પુત્રો પણ પિતાના નકશે કદમ પર

દેશના આથક તંત્રને ખોખલું કરનાર બોગસ ચલણી નોટના ષડયંત્રમાં ઝડપાયેલો પ્રવિણ જેરામ ચોપડા ચલણી નોટ છાપવાનો માસ્ટર માઇન્ડ છે. પ્રવિણ અગાઉ પણ બોગસ ચલણી નોટ પ્રકરણમાં સુરત ક્રાઇમ બ્રાંચ ઉપરાંત મહારાષ્ટ્રમાં બે ગુના, રાજસ્થાન આબુ રોડ પોલીસ મથક સહિત એક ડઝનથી વધુ ગુનામાં ઝડપાય ચુકયો છે. જયારે અમરોલી પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ હતો. આશ્ચર્યની બાબત એ છે કે, માસ્ટર માઇન્ડ પ્રવિણના નકશે કદમ પર તેના બંને પુત્ર કાળુ અને પ્રદિપ પણ ચલણી નોટના ધંધામાં જોતરાય ગયા છે. જે પૈકી પ્રદિપ હાલ વોન્ટેડ છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca

SHARP TRAVEL

Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD

# અમદાવાદમાં ૨૩ દિવસમાં ડેન્ગ્યૂના ૬૫૧ કેસ નોંધાયા: વધુ એકનું મોત

અમદાવાદ: સમગ્ર ગુજરાતમાં બેવડી ઋતુને લઈ કેટલાક દિવસોથી ડેન્ગ્યૂના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગ ડેન્ગ્યૂને કારણે લાંભાના ઈન્દ્રપુરીની ત્રણ વર્ષની બાળકીનું એલ.જી. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતુ. બાળકીને બે દિવસ પહેલા હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. મલેરિયા વિભાગે ડેન્ગ્યૂ સહિતના મચ્છરજન્ય રોગચાળાને નાથવા વધુ ૧૦ એકમોને સીલ લગાવ્યા હતા. મનપાએ કુલ ૪૨૨ કંધસ્ટ્રકશન સાઈટ, કોમર્શિયલ સાઈટ સહિત અન્ય એકમોની તપાસ કરી હતી. જેમાં ૪૦ જેટલા એકમોને નોટિસ આપવામાં આવી હતી.



## વડોદરામાં ડેન્ગ્યૂથી વધુ બેનાં મોત: ૭૨ નવા કેસ

અમદાવાદ: વડોદરા શહેરમાં શંકાસ્પદ ડેન્ગ્યૂના કારણે કારેલીબાગના યુવક અને કરજણની એક વૃદ્ધાનું મોત થયું હતું. જ્યારે શંકાસ્પદ ડેન્ગ્યૂના શહેરના વિવિધ દવાખાનાઓમાં ૭૨ નવા કેસો નોંધાયા હતા. ડેન્ગ્યૂથી કારેલીબાગ વિસ્તારની શુકન હૉસ્પિટલમાં સારવાર લેતા નિરવ (ઉં.વ. ૪૧)નું મોત નીપજ્યું હતું. કરજણના નવાબજાર વિસ્તારની એક વૃદ્ધાને એક ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જ્યાં વૃદ્ધાને શંકાસ્પદ ડેન્ગ્યૂ હોવાનું ખૂલ્યું હતું અને વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# હિન્દુસ્તાન એનવીરોમાં રૂ.૧૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ

સુરત : વાપીની હિન્દુસ્તાન એનવીરો લાઈફ પ્રોટેકશન સર્વિસ લિમીટેડ દ્વારા બોગસ બિલીંગ કરવામાં આવતુ હોવાથી ડીજીજીઆઈએ વાપી સહિત ૧૬ જગ્યા પર તપાસ કરતા ૧૦ કરોડની જીએસટી ચોરી મળી આવી છે. તેમજ આગામી દિવસોમાં આ પ્રકરણમાં સુરત, અમદાવાદ, ખંભાત અને રાજકોટ પણ તપાસ થવાની છે.

વાપી ખાતે આવેલી હિન્દુસ્તાન એનવીરો લાઈફ પ્રોટેકશન સર્વિસ લિમીટેડ પેટ્રોકેમિકલ સપ્લાય કરવાનુ કામ કરે છે. આ કંપની દ્વારા જીએસટીમાંથી ખોટી રીતે ક્રેડિટ લેવા માટે બોગસ બિલ બનાવીને સુરત, અમદાવાદ, ખંભાત અને રાજકોટમાં માલ સપ્લાય કર્યો હોવાનુ દર્શાવ્યુ હતુ. જોકે હકીકતમાં માલ મોકલ્યો નહીં હોવાનુ ડીજીજીઆઈને ધ્યાને આવતા તપાસ શરુ કરી હતી. તેમાં આજે હિન્દુસ્તાન એનવીરો લાઈફ પ્રોટેકશન સર્વિસ લિમીટેડના ૧૬ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં ૧૦ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ લીધી હોવાની પ્રાથમિક કબુલાત કરી લીધી હતી. જેથી ડીજીજીઆઈ તમામ ૧૬ જગ્યા પરથી કાગળ સહિતના દસ્તાવેજ કબ્જે કર્યા છે.

# પારસી દંપતીના છૂટાછેડાને મંજૂરી: ગુજરાતમાં પ્રથમ કેસમા ચુકાદો

સુરત : સ્વભાવે શાંત અને સામાજિક સમરસતા ધરાવતા પારસી સમાજમાં મેરિટ્સ ઉપર કોર્ટમાં થયેલા છૂટાછેડાનો પ્રથમ કેસ નોંધાયો છે. વ્યારાના પારસી દંપતીએ અત્રેની અદાલતમાં ડાયવોર્સ લેવા કરેલી અરજીને સુરતના પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રિક્ટ જજ આર.કે. દેસાઈએ મંજૂરીની મહોર મારી છે, એટલું જ નહીં, પુત્રીનો કબજો માતાને સોંપતો હુકમ કર્યો હતો. વ્યારા મુકામે રહેતા ફ્રેડી દૂધવાળા (નામ બદલ્યું છે)ના લગ્ન પારસી રીત રિવાજ મુજબ ડિસેમ્બર ૨૦૦૯માં સુરત ખાતે રહેતી અરનાઝ સાથે થયા હતા. લગ્નના થોડા જ દિવસોમાં પતિ ફ્રેડીએ પત્ની અરનાઝને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. લગ્ન અગાઉ ફેમિલી પ્લાનિંગ નક્કી હોવા છતાં ગર્ભ રાખવા બાબતે પતિ દ્વારા દબાણ કરવામાં આવતું હતું. આ બાબતે દંપતી વચ્ચે અવારનવાર થઈ રહેલા ઝઘડા વચ્ચે ફ્રેડીએ સુરતના પાલ વિસ્તારમાં ફ્લેટનું બુકિંગ કરાવ્યું હતું, તેને માટે પણ પત્ની પાસે રૂપિયાની માંગણી કરતા અરનાઝે રૂપિયા ૧૦ લાખ ટુકડે ટુકડે આપ્યા હતા. તંત્ર-મંત્ર અને ભૂવાના ચક્કરમાં આવી ફ્રેડી દ્વારા પત્નીને માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવાની ધમકી પણ આપવામાં આવતી હતી. દરમિયાન ગર્ભાવસ્થા સમયે પણ પતિ દ્વારા પુત્ર પ્રાપ્તિની ઝંખના રાખી દબાણ કરવામાં આવ્યું હતું.

# ગુજરાત સરકાર દ્વારા ૨૯૦ કરોડના ખર્ચે ૨૩૬૪ ઈ-બસની ખરીદી કરાશે

- મુખ્યમંત્રી શહેરી બસ સેવા પીપીપી ધોરણે કાર્યરત કરવા તૈયારી : હવે ૨૨ નગરપાલિકા વિસ્તારમાં ય ઈ-બસો દોડશે

અમદાવાદ- ગુજરાતમાં હવાનું પ્રદુષણ ઓછુ થાય,પેટ્રોલ-ડિઝલના વધતા ભાવોને પગલે રાજ્ય સરકારે હવે ઈ-વાહનો પર ભાર મૂક્યો છે. રાજ્ય સરકારે આ દિશામાં અલાયદી પોલીસી ઘડવા પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે મુખ્યમંત્રી શહેરી બસ સેવા પણ પીપીપી ધોરણે કાર્યરત કરવા તૈયારી શરૂ કરવામાં આવી છે. સરકારે રૂા.૨૯૦ કરોડના ખર્ચે ૨૩૬૪ ઈ-બસો ખરીદવા નિર્ણય કર્યો છે.

રાજ્યમાં હવામાં પ્રદુષણની માત્રા વધી રહી છે.આ ઉપરાંત પેટ્રોલ-ડિઝલના ભાવો વધતાં રાજ્ય પરિવહન સેવા માટે સરકારને પોષાય તેમ નથી. આ બધાય પાસાને જોતાં રાજ્ય સરકારે ઈ-વાહનોનુ ચલણ વધે તે દિશામાં પ્રયાસો શરૂ કર્યાં છે. સરકારે મનપા અને નગરપાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી બસ સેવા અમલ મૂકી છે. શહેરી બસ સેવામાં હવે ઈ-બસોનો વધુ ઉપયોગ કરવા સરકારે મન બનાવ્યુ છે. શહેરી વિસ્તારમાં પ્રદુષણને અટકાવવાના ભાગરૂપે પેટ્રોલ-ડિઝલથી ચાલતી બસોને બદલે હવે ઈ-બસો શરૂ કરવા નક્કી કરાયુ છે. રાજ્ય સરકારે મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના અંતર્ગત રૂા.૨૯૦ કરોડના ખર્ચે ૨૩૬૪ ઈ-બસો ખરીદવા આયોજન કર્યુ છે.અમદાવાદ શહેર માટે ૧૫૦ બસો અને સુરત શહેર માટે ૨૦૦ ઈ-બસો ખરીદાશે. આ ઉપરાંત રાજકોટ,વડોદરા માટે ઈ-બસોની ખરીદી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

સરકારે હવે શહેરી બસ સેવા પણ પીપીપી ધોરણે ચલાવવા નિર્ણય કર્યો છે. ૨૨ નગરપાલિકા વિસ્તારમાં ય હવે ઈ-બસો દોડતી નજરે પડશે.

# ઉત્તર ગુજરાતમાં ફરી એકવાર માવઠું વરસ્યું: રાજ્યમાં ધુમ્મસનું સામ્રાજ્ય

અમદાવાદ: ગુજરાતમાં હવે શિયાળાની શરૂઆત થઈ જવા છતાં મેઘરાજા ચાલું વર્ષે જવાનું નામ જ લેતા નથી ત્યારે ગુરુવારે વહેલી સવારથી ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને મોડાસા, ભિલોડા સહિતનાં વિસ્તારોમાં કમોસમી ઝરમર વરસાદ પડ્યો હતો જેના પગલે શિયાળુ વાવેતરમાં પણ નુકસાન જવાના ભયથી જગતનાં તાત ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી. આ વિસ્તારોમાં મુખ્યત્વે ઘઉં અને મકાઈનાં પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતના અરવલ્લી-સાબરકાંઠાના વાતાવરણમાં પલટો આવતા તેની અસર સમગ્ર ઉત્તર ગુજરાતમાં જોવા મળી હતી. ગાંધીનગરમાં પણ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આ સિવાય દહેગામ અને તલોદમાં વરસાદી છાંટા પડ્યા હતા. વાતાવરણમાં પલટો થતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. ચાલુ વર્ષે ખાબકેલા ભારે વરસાદ અને ત્યાર બાદ કમોસમી વરસાદને લઈ જિલ્લાના એક લાખથી વધુ ખેડૂતોને ખરીફ પાકોમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો, જે બાદ ખેડૂતોએ ૮૭૭૨ હેકટરમાં ઘઉં, ૪૫૩૦ હેકટરમાં મકાઈ અને ૩૯૦૩ હેકટરમાં બટાટા સહિતનાં જુદા જુદા પાકોનું વાવેતર કર્યું છે. ગત વર્ષની સરખામણી હજુ વાવેતરનું પ્રમાણ ઓછું હોવાનું જણાઈ રહ્યું છે. સૌરાષ્ટ્રનાં અમુક વિસ્તારમાં એરંડાનાં પાકમાં ગુલાબી ઈયળો આવી છે. ઉપરથી સારા લાગતા એરંડાને ફોલતા જ અંદરાથી ગુલાબી ઈયળો નીકળી રહી છે.

# રાજકોટ આરટીઓમાં યુવકની હત્યા કેસમાં આરોપી ઝડપાયા

અમદાવાદ : રાજકોટ આરટીઓ કચેરીના કમ્પાઉન્ડમાં બાર દિવસ પૂર્વે યુવકને છરીના બે ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાના ચકચારભર્યા પ્રકરણમાં ફરાર તમામ છ આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી. યુવકની હત્યા રેડિયમ પટ્ટીના મામલે નહીં પરંતુ હત્યા પાછળ સ્ત્રીપાત્ર કારણભૂત હોવાની વાત આવતા પોલીસે હવે એ દિશામાં પણ તપાસ શરૂ કરી છે. પોલીસે છ આરોપીઓ પાસે ઘટનાનું રિકન્ટ્રક્શન કરાવ્યું હતું. તેમજ જાહેરમાં તેમનું સરઘસ કાઢી આરોપીઓને ઉઠક-બેઠક કરાવી માફી મંગાવડાવી હતી. આ અંગેની વિગત એવી છે કે, દૂધસાગર રોડ પરની લાખાજીરાજ સોસાયટીમાં રહેતો અને રાજકોટ આરટીઓમાં રેડિયમ પટ્ટી લગાવવાનું કામ કરતો સાહિલ હનીફભાઈ પાયક (ઉ.વ.૨૫) અને તેનો ભાઈ એઝાઝ સહિતના લોકો ગત તા.૧૫ના સવારે ૧૦-૩૦ વાગ્યે આરટીઓ કચેરીમાં પોતાના કામ પર હતા. ત્યારે કનુ આહીર અને તેનો ડ્રાઈવર ટ્રકનું પાસીંગ કરાવવા આવ્યો હતો અને ટ્રકમાં રેડિયમ પટ્ટી નહીં લગાવી હોવાનું સાહિલે આરટીઓ ઈન્સ્પેક્ટર ગામીતનું ધ્યાન દોરતા સાહિલ અને કનુ વચ્ચે બોલાચાલી થઈ હતી,

## વાગરાના અખોડ ગામે ત્રણ પિતરાઈ ભાઈઓના રહસ્યમય મોત

ભરૂચ: જિલ્લાના વાગરા તાલુકાના અખોડ ગામે કરણ લક્ષ્મણ રાઠોડ (ઉં.વ.૨૦), સુરેશ રણજીત રાઠોડ (ઉં.વ. ૨૧), વિજય દીપક રાઠોડ (ઉં.વ. ૨૧) નામના ત્રણ યુવાનના મૃતદેહ મળી આવ્યા હતા. બપોરના સમયે અખોડથી નાંદરખાં જવાના માર્ગ પર આવેલ ગૌચરણ તલાવડીની પાળ પાસે યુવાનો બેહોશ અવસ્થામાં મળી આવ્યા હતા. તેઓની તપાસ કરતા ઉક્ત ત્રણેય યુવાનોને ઝેરી દવાની અસર થઈ હોવાનું લાગતા તેઓને ૧૦૮ની એમ્બ્યુલન્સ મારફતે ભરૂચ સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડૉકટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

# ગુજરાતમાં પર્યાવરણની જાળવણી માટે ૨૦૦ કરોડ સહાયની જાહેરાત

અમદાવાદ : પ્રોક્ટર અને ગેમ્બલ (પી એન્ડ જી) ભારત દ્વારા પર્યાવરણીય જાળવણીના સમાધાન માટે રૂ.૨૦૦ કરોડના જંગી ભંડોળ સહાયની આજે બહુ મહત્વની જાહેરાત કરવામાં આવી છે. પર્યાવરણ મુદ્દે મજબૂત અને કામયી સોલ્યુશન્સ ઓફર કરતા બાહ્ય ભાગીદારો સાથે સહયોગ માટે પીએન્ડજી દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા પર્યાવરણ સસ્ટેનેબિલીટી ફંડની સ્થાપના કરવામાં આવી છે. આ ઘોષણા સાથે પીએન્ડ જીએ પી એન્ડ જી વેગ્રો લોન્ચ કર્યું અને બાહ્ય વ્યાપાર ભાગીદાર સમીટની તા.૨૮ અને ૨૯ નવેમ્બર એમ બે દિવસીય બીજી આવૃત્તિ પણ શરૂ કરી હતી. વિગ્રો પી એન્ડ જી તેના પોતાના પ્રકારનો ઉદ્યોગો અને ઉદ્યોગ-અગ્રણી ઉકેલો પ્રદાન કરતી

**પીએન્ડજી દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા પર્યાવરણ સસ્ટેનેબિલીટી ફંડની સ્થાપના કરાઈ**

વ્યક્તિઓ માટે પ્રથમ પ્લેટફોર્મ છે તેમને ઓળખવામાં અને સહયોગમાં મદદ કરે છે. આ બે દિવસીય પરિષદમાં સંભવિત ભાગીદારો ભાગ લઈ રહ્યા છે જેમ કે સ્ટાર્ટ અપ્સ, નાના ઉદ્યોગો, વ્યક્તિઓ અને મોટી સંસ્થાઓ, પી એન્ડ જી નેતૃત્વ ટીમને સક્ષમ કરવા ઉદ્યોગની અગ્રણી તપાસ ઉકેલો રજૂ કરી રહ્યા છીએ એક મંચ પ્રદાન કરે છે. આ વર્ષે, આ પરિષદ પેકેજીંગ જેવા પર્યાવરણીય ટકાઉ ઉકેલો વિશે છે. નવીનતાઓ, કાર્બન ફૂટપ્રિન્ટ કાપવા અને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો ઓળખવા અને તેમને ખર્ચ કરવો પર ધ્યાન કેન્દ્રિત કરાયુ છે. ગત વર્ષે ઈનોવેશન સોર્સીંગ ફંડનું એન્વાયર્નમેન્ટ સસ્ટેનેબિલિટી ફંડ શરૂ કર્યું હતું.

## જૂનાગઢમાં ભાજપના નેતાના પુત્રને જેલમાં ધકેલી દેવાયો

જૂનાગઢ: શહેર મનપાનાં વોર્ડ નં. ૩નાં ભાજપનાં બિનહરીફ થયેલા નગરસેવક અબ્બાસ ઈબ્રાહિમ ઉર્ફે ગેમ્બલર કુરેશીને અને તેના પિતાને એલસીબીએ પાસામાં પકડી વડોદરા જેલમાં ધકેલી દીધો હતા. અબ્બાસે થોડા દિવસો પહેલાં પોલીસ પર હુમલો કર્યો તે વખતે તેણે પીએસઆઈને તેમની જ્ઞાતિ વિશે અપમાનજનક ટીપ્પણી કરી હતી તેનો વીડિયો પણ વાઈરલ થયો હતો. ભાજપનાં આ નગરસેવક વિરુદ્ધ હત્યાની કોશિશ, રાયોટિંગ, ખંડણી, પોલીસની ફરજમાં રૂકાવટ, બળજબરીથી પડાવી લેવું, ગેરકાયદેસર અપ્રવેશ સહિત અનેક ગુના નોંધાયેલા છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## સેક્સકાંડને કારણે બેંગલોરમાંથી હાંકી કઢાયેલા બાબાને ગુજરાતમાં આશ્રમ સ્થાપવા મંજૂરી આપી દેવાઈ

# નિત્યાનંદ : ઢોંગી બાબાની ઘૃણાસ્પદ કરતૂતો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગુજરાતમાં આજકાલ નિત્યાનંદ બાબાની કરતૂતોની વાતો ચાલી રહી છે. આમ તો મૂળ બેંગલોરનો પરંતુ અમદાવાદમાં યેનકેન પ્રકારે આશ્રમ સ્થાપનાર આ બાબાની કરતૂરો બહાર આવી રહી છે. અમદાવાદના આશ્રમમાં બાળકોને ગોંધી રાખવાની ઘટના સાથે જ વિવાદમાં સપડાયેલા નિત્યાનંદ બાબાને ૨૦૧૦માં સેકસ સ્કેન્ડલને કારણે બેંગ્લોરનો આશ્રમ છોડવો પડયો હતો. જે બાબાની બેંગ્લોરમાંથી બહુચર્ચિત સેકસ કૌભાંડને કારણે હકાલપટ્ટી થઈ હતી તેમને અમદાવાદમાં આશ્રમ સ્થાપવાની પરવાનગી કેવી રીતે મળી ? તે સવાલ કરતાં પણ મહત્વનો સવાલ છે કે, જે બાબા બેંગ્લોરમાં સેકસ સ્કેન્ડલને કારણે આટલા બદનામ થઈ ગયા હતા, તેમને અમદાવાદમાં આવ્યા પછી આટલા ભકતો, આટલી જમીન અને આટલા રુપીયા કેવી રીતે મળી ગયા ? તેનું કારણ એ છે કે ભારતની પ્રજા ભોળી છે અને સાધુનો વેશ ધારણ કરનારા કોઈને પણ તે સદગુરુ માની લે છે. જેને કારણે આવો ઢગ ભક્તો સાથે સરળતાથી કોઈપણ ખેલ પાર પાડી લે છે. માત્ર ૪૨ વર્ષના નિત્યાનંદ બાબા પોતાની પોતાની જાતને શ્રીકૃષ્ણનો અવતાર ગણાવે છે. તેમની આ વાત સાચી માનીને ભોળી મહિલાઓ તેમની ગોપી બનવા તૈયાર થઈ જાય છે. આ મહિલાઓ પર બળાત્કાર કરીને નિત્યાનંદ બાબા તેમને મોક્ષનું સુખ આપવાનો દાવો કરે છે. નિત્યાનંદ બાબા પાસે સુનિયોજીત પ્રચારતંત્ર છે, જેનો ઉપયોગ કરીને તેઓ પોતાની પાસે ચમત્કારિક શકિતઓ હાવાનો દાવો કરે છે.

ઢોંગી નિત્યાનંદ બાબો કહે છે કે, તેઓ ગાય સાથે તમિળ અને સંસ્કૃત ભાષામાં વાત કરે છે. ભકતો સમક્ષ દાવો કરે છે કે, તેઓ સિંહ, વાઘ, વાંદરા અને ગાયની ભાષા સમજી શકે છે.

નિત્યાનંદ બાબાને તેમના ભકતો ભગવાન માનતા હતા, પણ હવે તેમના ભગવાન પલાયન થઈ ગયા છે. કારણે પોલીસ તેને શોધી રહી છે. અમદાવાદમાં અપહરણની ફરિયાદથી ઉઠેલા વિવાદમાં તે બરાબર ભેરવાયો છે. હવે બાબા વિશે વિગતે જાણીએ તો નિત્યાનંદ બાબાનું મૂળ નામ એ રાજશેખરન છે. તેમનો જન્મ ઈસ ૧૯૭૭માં તામિલનાડુના તિરુવન્નમલાઈમાં થયો હતો. રાજશેખરન જયારે સ્કૂલમાં ભણતો હતો ત્યારે એક જયોતિષિએ તેમને કહ્યું હતુ કે, તેઓ આધ્યાત્મિક ઉંચાઈ પર પહોંચી જશે. ત્યારબાદ તેઓ સંન્યાસ લેવા માટે ચેન્નાઈના રામકૃષ્ણ મઠમાં પહોંચ્યા પણ ત્યાં સ્વામીએ તેમને દીક્ષા આપવા ઈન્કાર કરી દીધો હતો. જે બાદ તેઓ કેટલાય વર્ષો સુધી ઉત્તરભારતમાં ફરતા રહ્યા અને આખરે ઈસ ૨૦૦૦માં તામિલનાડુમાં પરત ફર્યા. ૨૨ વર્ષની ઉમર હતી તે સમયે નિત્યાનંદે ઈરોડમાં પોતાનો આશ્રમ સ્થાપ્યો હતો. આ સમયે તેમણે પોતે જ એવી વાતો વહેતી કરી હતી કે, બાબા પાસે અનેક ચમત્કારિક શક્તિઓ છે. જેના કારણે માનવજીવનનો ઉદ્ધાર થઈ જાય છે. બાબાની આ પ્રકારની વાતો સાંભળીને તમિળ લેખક કમ રાજકારણી વાલમપુરી જહોન તેમના સંપર્કમાં આવ્યા અને બાબાથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. તેમણે નિત્યાનંદ બાબાને લોકપ્રિય તમિળ દૈનિક કુમુદમમાં કોલમ લખવા આમંત્રણ આપ્યું. જે પછીથી આ કોલમ સ્વામી ન હોતા લખતા પરંતુ તેમના નામે બીજુ જ કોઈ લખતું હતુ. જો કે, સારા લખાણને કારણે આ કોલમ ખૂબ જ પ્રખ્યાત થઈ ગઈ. આ કોલમમાં પ્રસિદ્ધ થતાં લેખો તામિલનાડુ બહાર એટલે કે, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ વંચાવા લાગ્યા. જેને કારણે તામિલનાડુના બાબાનો વાવટો વિદેશોમાં ફરકવા માંડ્યો. વિદેશમાં ભક્તો વધતા બાબાની પ્રસિદ્ધિ વધી. હવે વિદેશી ભક્તો પણ બાબાના આશ્રમમાં આવવા લાગ્યા હતા. આ ભક્તો જેમ જેમ દાન આપતા ગયા તેમ તેમ બાબાએ બીજા સ્થળો એ પણ આશ્રમ સ્થાપવાનું શરૂ કર્યુ. પરિણામે એકલા તામિલનાડુમાં જ તેમના આશ્રમોની સંખ્યા જોતજોતામાં ૧૫ થઈ ગઈ. આ જ દરમિયાન કર્ણાટકમાં કોઈ ઉદ્યોગપતિ બાબાના ભક્ત બની ગયા. તેમણે કર્ણાટકના એક વગદાર રાજકારણી સાથે બાબાનો પરિચય કરાવ્યો. જે પછી તેમની મદદથી બાબાએ બિડાઈમાં ફાઈવ સ્ટાર આશ્રમની સ્થાપ્ના કરી. બિડાઈમાં ટોયટા કારનું મોટું કારખાનું આવેલું છે. બેંગલોરના આઈટી ઉદ્યોગમાં કામ કરતી એક યુવાન અને ખૂબસૂરત મહિલા બાબાના પ્રભાવમાં આવીને તેમના આશ્રમમાં રહેવા આવી ગઈ હતી. એક દિવસ બાબાએ તેને વિદેશી દારુ લઈને આવવા કહ્યું. આશ્રમમાં મદિરાના સેવન પર પ્રતિબંધ હતો. પરંતુ આમ છતાં બાબાના આદેશને માથે ચઢાવીને તે મહિલા આશ્રમમાં દારુની બોટલ લઈને પહોંચી ગઈ. જે પછી બાબાએ તે મહિલાને પણ દારુ પીવડાવ્યો, જેને કારણે તેણી બેહોશ થઈ ગઈ. આ મહિલાને બેહોશ થઈ ગયેલી જોઈને બાબાએ તકનો લાભ ઉઠાવતા તેણી ઉપર બળાત્કાર ગુજાર્યો. મહિલા ભાનમાં આવી ત્યારે તે બાબાની પથારીમાં હતી. બાબાએ આ વાતને ખાનગી રાખવાની મહિલાને તાકીદ કરી.

ઈસ. ૨૦૦૬માં નિત્યાનંદ બાબા અમેરિકાની મુલાકાતે ગયા હતા. આ સમયે લોસ વેગાસમાં પણ તેનો કાર્યક્રમ ગોઠવાયો હતો. જયાં તેઓ પોતાના ભક્તો સાથે સ્ટ્રિપ ટીઝ જોવા પણ ગયા હતા. બાબાએ ત્યારે પોતાના ભગવા વસ્ત્રો પણ ઉતારી નાંખ્યા હતા. જે પછી તો બાબાએ ભક્તોને કહ્યું હતુ કે, હું તો અમેરિકામાં પણ બહુ પ્રખ્યાત છું. તેથી જે તે સમયે વેશપલટો કરવો જરૂરી હતો. બેંગલોરના આશ્રમમાં પરત આવેલા બાબાએ પોતાની લીલા ચાલુ રાખતા તેણે પેલી મહિલાને પરત આશ્રમે બોલાવીને સ્ટ્રિપ ટ્રીઝ કરવા કહ્યું હતુ. મહિલાઓ સાથે રતિક્રિયાના સંબંધ વખતે બાબા સલામત જાતીય સબંધનો ખ્યાલ રાખતા હતા. નિત્યાનંદ બાબા પાસે સંપત્તિ વધી તેમ ભક્તોમાં હરિફાઈ પેદા થઈ હતી. જેને કારણે ભક્તોમાં બે ભાગલા પડી ગયા હતા. ૨૦૧૦માં તેમના કોઈ ભક્તે બાબાના કમરા કેમેરા ગોઠવી દીધા હતા. જેમાં ફિલ્મી અભિનેત્રી સાથેની તેમની કામક્રીડા કેદ થઈ ગઈ હતી. ૨૦૧૨માં નિત્યાનંદ બાબા સામે તેમની મહિલા ભક્ત દ્વારા બળાત્કારનો કેસ કરવામાં આવ્યો હતો. અમદાવાદના આશ્રમમાં ભક્તોના આધ્યાત્મિક વિકાસ માટે જાતજાતના કોર્સ દાખલ કરવામાં આવતા હતા. પ્રાથમિક કોર્સ પાસ કરનારા ભક્તો માટે વિશેષ કોર્સ રાખવામાં આવતા હતા. આ વિશેષ કોર્સમાં ભક્તોનું બ્રેઈન વોશ કરવામાં આવતું હતું. મહિલા ભક્તોને કહેવામાં આવતું કે, બાબા સાથે પથારીમાં સૂવાથી આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ થાય છે. મહિલાઓ પાસે એક કોન્ટ્રેક્ટ પર સહી કરાવી લેવામાં આવતી હતી. જેમાં લખવામાં આવતું હતું કે, બાબા તેમને સેક્સનું શિક્ષણ આપશે, જેની સામે તેમને વાંધો નથી. અમદાવાદના આશ્રમમાં ૬ વિદેશી મહિલા હેરડ્રેસરો અને મેકઅપ કલાકારો રાખવામાં આવ્યા હતા. આ કલાકારો મહિલાઓને ગોપી બનાવતી. નિત્યાનંદ બાબા કૃષ્ણ બનતા અને પરોઢિયે ત્રણ વાગ્યે ગોપીઓ સાથે નૃત્ય કરતા. ગુજરાતમાં બાળકોને ગોંધી રાખવાનો વિવાદ પેદા થયો તે પહેલા નિત્યાનંદ બાબા અમદાવાદનો આશ્રમ છોડીને ત્રિનિદાદ ભાગી ગયા હતા, જ્યાં પણ તેમનો આશ્રમ આવેલો છે.

નિત્યાનંદ બાબાનો પાસપોર્ટ બેંગ્લોરથી ૨૦૦૮માં જારી કરવામાં આવ્યો હતો. જેને ૨૦૧૮ના સપ્ટેમ્બરમાં રિન્યૂ કરવાનો હતો. બેંગ્લોરની પાસપોર્ટ ઓફિસમાંથી મળેલી જાણકારી મુજબ બાબાનો પાસપોર્ટ રિન્યૂ જ કરવામાં આવ્યું નથી. તેના બે અર્થો થઈ શકે છે. એક બાબા ૨૦૧૮ના સપ્ટેમ્બર પહેલા જ ભારત છોડીને ભાગી ગયા હતા. બીજો અર્થ એવો કે, વિવાદ પેદા થયા પછી તેઓ નેપાળને રસ્તે અમેરિકા ચાલ્યા ગયા છે.


મહિલાને દારુ પીવડાવી દુષ્કર્મ આચરનાર નિત્યાનંદ
અમદાવાદમાં બે બાળકોના અપહરણથી ફરી વિવાદમાં છે
જો કે, તેનો પતો મેળવવામાં પોલીસને ફાંફા પડી રહ્યા છે

સ્વદેશ

## અમિતાભ બચ્ચન હવે થાકી ગયા : રિટાયર થવાનો સંકેત



મુંબઈ : અમિતાભ બચ્ચન એમ જ સદીના મહાનાયક તરીકે ગણાતા નથી. આ વયમાં પણ અમિતાભ બચ્ચન જેટલી મહેનત સાથે સેટ્સ પર કામ કરે છે તેને લઈને અમિતાભ બચ્ચનની તમામ લોકો પ્રશંસા કરે છે. અમિતાભ બચ્ચને પોતે પણ કહ્યુ છે કે તબીબો હવે તેમને વધારે કામ ન કરવા માટેની સલાહ આપી રહ્યા છે. હવે અમિતાભ બચ્ચને પોતે નિવૃત થવાના સંકેત આપ્યા છે. અત્રે નોંધનીય છે કે બ્રહ્માસ્ત્ર ફિલ્મના શુટિંગ માટે અમિતાભ બચ્ચને હવે મનાલીમાં પહોંચીને કેટલાક સંકેત આપ્યા હતા. અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં પોતાની ભાવના વ્યક્ત કરી છે. અમિતાભે મનાલીમાં લોકોને મળવાને લઈને ખુશી વ્યક્ત કરી છે. બિગ બી દ્વારા લખવામાં આવ્યુ છે કે આ લોકો ખુબ સામાન્ય અને ઈમાનદાર તરીકે છે. અમે ક્યારેય તેમની બરોબરી કરી શકવાની સ્થિતીમાં નથી. અમિતાભે કહ્યુ છે કે ફરી એકવાર નવી જગ્યા અને નવા રૂપમાં બદલાઈ જવાની જરૂર છે. અમિતાભે કહ્યુ છે કે તેમને હવે એવુ લાગે છે કે રિટાયર થઈ જવાની જરૂર છે.

## રિયાલિટી શો માટે સલમાન ખાનની ફીમાં વધારો કરાયો



મુંબઈ : બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને રિયાલિટી શો બીગ બોસ માટે વધુ રકમ આપવા બીગ બોસના સંચાલકોએ તૈયારી બતાવી છે. ટચૂકડા પડદાનો રિયાલિટી શો બિગ બોસને સલમાન ખાન છેલ્લા દસ વરસથી હોસ્ટ કરી રહ્યો છે. હાલમાં જ એક વીકેન્ડમાં સલમાને કહ્યું હતું કે, તે દર વરસે વિચારે છે કે, તે હવે આ શોનો હિસ્સો નહીં બને, પરંતુ પછીથી તેનું મન બદલાઈ જાય છે.

કહેવાય છે કે, બિગ બોસના નિર્માતાદરેક સીઝનમાં સલમાનને હોસ્ટ બનવા માટે વધુને વધુ રકમ ઓફર કરે છે. હવે દરેક એપિસોડ માટે સલમાનને રૂપિયા બે કરોડ વધારાના આપવામાં આવશે તેમ સૂત્રે જણાવ્યું હતું. વાત એવી આવી છે કે, આ વખતે શોને ત્રણ અઠવાડિયા વધુ લંબાવામાં આવવાનો છે. જેથી સલમાન સાથે નક્કી કરેલ ફી કરતાં તેને એપિસોડ દીઠ રૂપિયા બે કરોડ વધુ ચુકવવામાં આવશે. રિપોર્ટના અનુસાર સલમાને પોતાના કમિન્ટમેન્ટસને કારણે વધારાનો સમય ન આપી શકવાનો નનૈયો ભણ્યો હતો. જોકે મેકર્સ તેને પે ચેકમાં વધારો કરીને મનાવી લીધો છે.

# સ્ટાર સંતાન હોવું જરાય સરળ નથી હોતું, મહેનત તો કરવી જ પડે છે : સારા અલી ખાન



મુંબઈ : બોલીવુડની સ્ટાર કિડ્સ સારા અલી ખાને એક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, સ્ટાર સંતાન હોવું જરાય સરળ નથી હોતું. તેમને પણ મહેનત તો કરવી જ પડે છે. કોઈપણ સ્ટાર સંતાન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા આવે ત્યારે તેને લઈને કેટલીયે આશા સેવાતી હોય છે. વળી ઈન્ડસ્ટ્રીની બહારના લોકો મોટેભાગે એવી ટીકા કરતાં હોય છે કે સ્ટાર સંતાન હોવાથી આ ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જલદી તક મળી જાય. તે લોકોને કોઈ જ મહેનત ન કરવી પડે. અલબત્ત, આ વાત ખૂબ જ સાચી છે, પણ તે પચાસ ટકા જ સાચી છે, તેઓને તક તો મળી જતી હોય છે પણ તક મળવાની સાથે તેમણે મહેનત પણ કરવી પડતી હોય છે. સ્ટાર સંતાનોમાં જો આવડત ન હોય તો તેઓનું પણ અહીં ટકવું મુશ્કેલ થઈ જતું હોય છે. તેમને તક મળે છે, પણ આ તક થોડા સમય પૂરતી જ હોય છે, એકવાર તેમનામાં ટેલેન્ટ નથી તેવું સાબિત થઈ જાય તો તક મળતી પણ બંધ થઈ જાય છે. આ અંગે સારા અલી ખાનનું કહેવું છે કે હા, સ્ટાર સંતાન હોવાને કારણે અમને લોન્ચિંગ માટે સારી તક મળી જાય છે, પણ લોકો અહીં રાહ જોઈને બેઠા હોય છે, અમે એક ભૂલ કરીએ કે તરત અમારી પર સ્ટાર સંતાન હોવાને કારણે જ નિશાન સાધવામાં આવે છે. સારાનું કહેવું છે કે એકવાર ચમકવાની તક મળે પણ પછી અહીં ટકી રહેવા અમારે મહેનત પણ એટલી જ કરવી પડે છે, નહીં તો અમે પણ અહીંથી બહાર ફેંકાઈ જઈએ છીએ. અમને પણ દર શુક્રવારે બોક્સ ઓફિસ ઉપર અમારી ફિલ્મ સફળ થશે કે નહીં તેની ચિંતા સતાવતી જ હોય છે.



# હાલ લગ્નની કોઈ ઉતાવળ નથી કરવી : કલકી કોચલીન

મુંબઈ : અભિનેત્રી કલકી કોચલીન વિશે થોડા સમય પહેલાં જ સમાચાર આવ્યા હતા કે તે લગ્ન વગર જ માતા બનવાની છે. તે પોતાની ગર્ભાવસ્થાના પાંચમા મહિનામાં હતી ત્યારે જ તેણે મિડીયા સામે આ વાત જાહેર કરી હતી. હવે પોતાની ગર્ભાવસ્થા માટે કલકીએ જણાવ્યું છે કે આ ખરેખર અનએક્સપેક્ટેડ પ્રેગ્નન્સી હતી. મને ખ્યાલ જ નહોતો કે મારી અંદર બીજો કોઈ જીવ શ્વાસ લઈ રહ્યો છે. શરુઆતના બે મહિના તો મારા શરીર ઉપર જાણે કે એલીયન એટેક થયો હોય તેમ મને લાગતું હતું. હું ખૂબ જ અકળામણમાં હતી કે મને શું થઈ રહ્યું છે! ત્યારબાદ ચેકઅપ કરાવતા ખબર પડી કે હું ગર્ભવતી છું. જો કે, શરુઆતના ત્રણ મહિના ખૂબ જ ખરાબ ગયા હતાં. મને બેચેની અને અકળામણ થતી હતી. પણ હવે ઘણો સમય થઈ ગયો છે અને હવે મને સારું પણ છે. મેં મારા બાળકના ધબકારા સાંભળ્યા ત્યારે હું ખરેખર એક્સાઈટેડ થઈ ગઈ હતી. મને અત્યંત ખુશી થઈ હતી. કલકીને જ્યારે પૂછવામાં આવ્યું કે તું લગ્ન ક્યારે કરીશ તો તેના જવાબમાં તેણે જણાવ્યું કે માત્ર આ બાળક મારા પેટમાં છે તેના કારણે હું લગ્નની ઉતાવળ નથી કરવા માંગતી. આ માટે અમે બંને હાલ તૈયાર નથી. અમારે સમય જોઈએ છીએ. હા, બાળકને આગળ અમે લગ્ન ન કર્યા હોવાને કારણે કોઈ મુશ્કેલી આવશે તો અમે લગ્ન વિશે વિચારીશું. હાલ લગ્નનો કોઈ પ્લાન નથી. અમારા પરિવારજનો અમને પુરતો સપોર્ટ કરે છે, અમે ફ્રીડમ પણ આપી છે, પણ લગ્નના બંધનમાં બંધાવા માટે અમારે પરિવારની મંજુરી પણ લેવી જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કલકી જેરુસલેમના પિયાનોવાદક હર્શબર્ગને ડેટ કરી રહી છે.

# ક્રિસ્ટલ ડિસોઝાએ રૂપેરી પડદે છલાંગ મારી



મુંબઈ : અમિતાભ બચ્ચન અને ઈમરાન હાશ્મીની ફિલ્મ ચહેરે ની અભિનેત્રી તરીકે ચાલી રહેલી સ્પર્ધામાં નાના પડદાની અભિનેત્રી મેદાન મારી ગઈ. ક્રિસ્ટલ ડિસોઝાએ આ ફિલ્મ મેળવી લીધી છે. તેણે પોતે જ સોશિયલ મીડિયા પર ક્લેપની તસવીર મુકી છે. ક્રિતિ ખરબંદાએ આ ફિલ્મ છોડી દીધા બાદ, મોની રોય અને અંકિતા લોખંડેના નામ ચર્ચામાં હતા. પરંતુ ક્રિસ્ટલ બાજી મારી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, ક્રિસ્ટલે પણ આ ફિલ્મનું ઓડિશન આપ્યું હતું. ફિલ્મ ચહેરાના નિર્માતા આનંદ પંડિતના સંપર્કમાં મૌની રોય અને અંકિતા લોખંડે પણ હતા. પરંતુ નિર્માતા અને દિગ્દર્શક ક્રિસ્ટલના નામ પર સહમત થયા હતા. ક્રિસ્ટલે પોતે જ ઈન્સ્ટાગ્રામના પેજ પર ફિલ્મના એક ગીતનું શૂટિંગની ક્લેપ બોર્ડ સાથે પોતાની તસવીર મુકી છે. પોતાની પહેલી જ ફિલ્મ અમિતાભ અને ઈમરાન સાથે કરવાથી ક્રિસ્ટલ ગેલમાં આવી ગઈ છે. રૂમી જાફરી આ ફિલ્મનું દિગ્દર્શન કરવાનો છે. ઉલ્લેખનીય છે કે, ક્રિતી અને દિગ્દર્શકને એકબીજા સાથે કામ કરવાનું ન ફાવતા, ક્રિતીએ આ ફિલ્મ છોડી દીધી.

## ઇન્સ્ટાગ્રામ પર કાજોલને સવાલ પુછાયો, અજય ન મળ્યો હોત તો શાહરૂખ સાથે લગ્ન કરતે ?

મુંબઈ : બોલિવૂડમાં જો રોમાન્સ અને લવની બાબતમાં સૌથી વધારે કોઈ કપલનું નામ ચર્ચાતું હોય તો તે છે શાહરુખ ખાન અને કાજોલ. હાલમાં તો બંને રિયલ લાઈફમાં સારા મિત્રો છે અને સાથે મળીને ઘણી ફિલ્મોમાં કામ પણ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, કાજોલ અને શાહરુખે દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, કરણ-અર્જુન, દિલવાલે, બાઝીગર, કુછ કુછ હોતા હૈ, કભી ખુશી કભી ગમ તેમજ માઈ નેમ ઈઝ ખાન જેવી અનેક ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. આ સિવાય તેણે શાહરુખ ખાનની ફિલ્મ ઝીરોમાં પણ કેમિયો કર્યો હતો.

એટલું જ નહીં કરેલી ફિલ્મોમાંથી મોટાભાગની તો હિટ



જ રહી છે. હાલમાં જ કાજોલે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ફેન્સ સાથે પ્રશ્ન જવાબનો એક વાયદો આપ્યો હતો. આ દરમિયાન એક ફેને પૂછ્યું કે, જો તેના લાઈફમાં અજય દેવગણ સાથે મુલાકાત ન થઈ હોત તો શું તે શાહરુખ સાથે લગ્ન કરતી? તેનો જવાબ આપતા કાજોલે કહ્યું કે, ‘શું વ્યક્તિએ પ્રપોઝ ન કરવું જોઈએ?’

આ સવાલ બાદ બીજા એક ફેને પૂછ્યું કે તે શાહરુખ સાથે ફરી ક્યારે કામ કરશે? તો એનો જવાબ આપતા કહ્યું કે, ‘શાહરુખ ખાનને જ પૂછી લો’. તો કોઈએ તેના પહેલા ક્રશ વિશે પૂછ્યું હતું અને તેના જવાબમાં કાજોલે કહ્યું કે, ‘હું મારા પહેલા ક્રશ સાથે જ પરણી છું’.







# હોલિવુડની હલચલ

## પુરુષને રાજી રાખવા જાતને નહીં બદલું : ચાર્લીઝ થેરોન



લોસએન્જલસ : હોલીવુડની ટોચની અભિનેત્રી ચાર્લીઝ થેરોને એક મેગેઝિનને આપેલી મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે તે પ્રેમમાં પડવા તો તૈયાર છે, પણ પુરુષને રાજી રાખવા માટે પોતાની જાત બદલવા તૈયાર નથી. ચાર્લીઝની વાત તેના જ શબ્દોમાં જાણીએ: ‘‘જીવનમાં કોઈ પુરુષનું આગમન થાય તો તે મને ખૂબ જ ગમશે, પણ એના ખાતર કોઈ પણ સમાધાન કરવું પડે તો તે માટે હું જરાય તૈયાર નથી. ૪૦ની ઉંમર વટાવ્યા બાદ મારામાં જે એક સ્પષ્ટ ફક આવ્યો છે તે આ છે કે હવે હું પુરુષને રાજી કરવા ખાતર મારી જાતને બદલીશ નહીં. મારા અગાઉના સંબંધોમાં એક અત્યંત તીવ્ર સભાનતા મારી અંદર એવી સળવળ્યા કરતી કે જોજે હોં, તારા વ્યક્તિત્વમાં એક તત્ત્વ એવું છે જે (પુરુષોને) ડરામણું લાગે છે. એ તત્ત્વને કાબૂમાં રાખજે (નહીંતર પુરુષ તારાથી દૂર જતો રહેશે). ૨૦થી ૩૦ની ઉંમરમાં મને મારો સ્વભાવ બદલવાની ઈચ્છા થતી. ઘણી વાર હું એવું વિચારતી કે જો હું મારી જાતને જરા નાનકડી કરી નાંખું (નમ્ર બનું) તો મારો સંબંધ પરફ્ક્ટ બની રહેશે. પણ પછી જેમ જેમ હું મોટી થતી ગઈ તેમ તેમ મને સમજાયું કે આવી રીતે જાતને બદલવી ઠીક નથી. એવું કરવાથી હું મારી જાતને વફાદાર નથી રહેતી.’’ ટૂંકમાં, હવે સંબંધ ખાતર પોતાની જાતને બદલવાને બદલે ચાર્લીઝ જેવી છે તેવી જ બની રહેવા માગે છે. અને તે હવે રાહ જોઈ રહી છે એવા કોઈ પુરુષની જે તેને યથાતથ (જેવી છે તેવી) સ્વીકારી લે.

## મેક્સિકનોને હોલીવૂડના મુખ્ય પ્રવાહમાં ભેળવવાની જરૂર : ઈવા



લોસએન્જલસ : હોલીવુડ અભિનેત્રી ઈવા લોન્ગોરિયા અભિનેત્રી છે, નિર્માત્રી, એક્ટિવિસ્ટ અને મોડેલ પણ છે. ડેસ્પરેટ હાઉસવાઈવ્ઝ ફિલ્મની આ હિરોઈન અનેક ક્ષેત્રે ખાસ્સી સફ્ળ થઈ ચૂકી છે. ઈવા પોતે તો અમેરિકામાં જન્મીને મોટી થઈ છે, પરંતુ તેનાં માતા-પિતા લેટિન અમેરિકન (મેક્સિકન) છે. ઈવા એવું કહી ચૂકી છે કે અમેરિકામાં મેક્સિકનોની ખરાબ છાપ હોવાનું એક બહુ મોટું કારણ એ છે કે અમેરિકાના ફ્લ્મિ અને ટીવીજગતમાં લેટિન અમેરિકનોનોનું નેગેટિવ ચિત્રણ કરવામાં આવે છે. ઈવાએ કહેલું, ‘‘અમને ભૂંસી નાખવામાં આવી રહ્યા છે. કોઈ તમને પડદા પર કે મીડિયામાં સ્થાન જ ન આપે એટલે એક એવું વાતાવરણ ઊભું થાય જાણે તમારું કોઈ અસ્તિત્વ છે જ નહીં.’’ ઈવાનું કહેવું છે કે ક્યારેક દેખાડા પૂરતાં કેટલાંક ગણ્યાંગાંઠયાં મેક્સિકનોને હોલીવૂડમાં સ્થાન આપવાની ફેર્માલિટી કરવાને બદલે સહજ રીતે હોલીવૂડે વૈવિધ્યને સ્વીકારીને અને આવકારીને મેક્સિકનોને હોલીવૂડના મુખ્ય પ્રવાહમાં ભેળવવાની જરૂર છે. લઘુમતીને મુખ્ય પ્રવાહમાં ભેળવવા વિશેની ઈવાની આ વાત હોલીવૂડે જ નહીં, આખી દુનિયાએ કાને ધરવા જેવી છે.

## હેલો સિંગર એડલ પતિથી અળગી થયા પછી ખુશખુશાલ

લોસએન્જલસ : છ મહિના અગાઉ એડલ કોનેકી પતિથી અળગી થઈ અને મહિના પહેલા સત્તાવાર ડિવોર્સ ફાઈલ કરી નાખ્યા. પતિ સાઈમન કોનેકીથી અળવી થયા પછી એડલનું જીવન વધુ ખુશહાલ થઈ ગયું છે.હેલોની સિંગર અડલ તાજેતરમાં એક પાર્ટીમાં આવી ત્યારે સાવ જ બદલાઈ ગયેલી લાગતી હતી. એણે સાઈમન સાથેની તમામ યાદો ભૂંસવાની કસમ લીધી હતી. એથી અળગા થયા પછી એણે પોતાનો વોર્ડરોબ બદલાવી નાખ્યો હતો.પાર્ટીમાં એ મસ્ત  નવા પોષાકમાં મહાલતી હતી. અણે પર્સનલ ટ્રેનર પણ રાખ્યો છે. અને એ એના શરીર-સોષ્ઠવ પરથી દેખાઈ આવતું હતું.

## પ૩ની હેલેના ૩૨ વરસના યુવાન સાથે રિલેશનશિપમાં



લોસએન્જલસ : હેલેના બોનહેમ પ૩ વરસની છે. ફિલ્મ મેકર ટિમ બર્ટન થકી એ બિલી (૧૬), નીલ (૧૧) એમ બે દીકરાની મા છે. હાલમાં એ ૩૨ વરસનાં લેખક રે ડેગ હોમ્બો સાથે રીલેશનશિપમાં છે. બન્નેની વયમાં ૨૧ વરસનો બહોળો તફાવત છે. જોકે આ બાબતની હેલેનાને બિલકુલ ચિન્તા નથી. હેલેનાએ કહ્યું બધાની પુખ્ત-પાકટ થવાની ગતિ જુદી જુદી હોય છે. કોઈક પુખ્ત થયા પછી પણ મુગ્ધ રહી શકે છે તો કોઈક પાકટ થયા પછી પણ નાદાન હસતો કરે છે. એ માને છે કે મહિલાઓ જેમ જેમ મોટી  થાય એમ એમ વધુ પાવરફૂલ બને છે. એ માને છે કે જૈફ વયની વ્યક્તિ સાથે ડેટ પર જવાનો અનુભવ જુદો હોય છે. વયના તફાવતને એ ગંભીરતાથી નથી લેતી. પછી જૈફ પુરુષ અને યુવાન સ્ત્રીની જોડી હોય કે વાઈસ એ વર્સા.



## એક જ વર્ષમાં ૧૦૦૦ કરોડની કમાણી કરનારો અભિનેતા બનશે અક્ષય કુમાર



મુંબઈ : દર વરસે અક્ષય કુમારની ઘણી ફિલ્મો રીલિઝ થતી હોય છે. આ વરસે પણ બોક્સઓફિસ પર તેની તમામ ફિલ્મોએ સારો વ્યવસાય કર્યો છે. આ વરસે તેની 'કેસરી', 'મિશન મંગલ' અને હાઉસફુલ ૪' ફિલ્મે બોક્સ ઓફિસ પર સારો વકરો કર્યો છે. હજી પણ તેની એક વધુ ફિલ્મ 'ગુડન્યુઝ' રીલિજ થવાની બાકી છે. આ વરસે 'કેસરી' ફિલ્મે બોક્સ ઓફિસ પર રૂપિયા ૨૦૩ કરોડનો બિઝનેસ કર્યો હતો. આ પછી 'મિશન મંગલ' રીલિઝ થઈ જેના દ્વારા રૂપિયા ૨૭૭ કરોડની કમાણી થઈ.

'હાઉસફુલ ૪' ફિલ્મે ૨૫ દિવસમાં જ રૂપિયા ૨૯૦ કરોડની કમાણી કરી નાખી હતી. આ રીતે અક્ષયની ફિલ્મોની આ વરસની કમાણી રૂપિયા ૭૭૦ કરોડ પહોંચી ગઈ છે. હવે તેની એક વધુ ફિલ્મ 'ગુડન્યુઝ' રીલિઝ થવાની છે. એક રિપોર્ટના અનુસાર અક્ષય એવો પહેલો એકટર બની શકશે જેની ફિલ્મોએ એક જ વરસમાં બોક્સ ઓફિસ પર રૂપિયા ૧૦૦૦ કરોડનો બિઝનેસ કર્યો હોય. અલબત્ત આ માટે તેની ગુડ ન્યૂઝે ૨૩૦ કરોડની કમાણી કરવી પડશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૬માં સલમાન ખાનની ફિલ્મોએ કુલ ૯૭૦ કરોડની કમાણી કરી હતી.

## લગ્ન કરવાનો નિર્ણય જીવનનો શ્રેષ્ઠ નિર્ણય : કરીના કપુર ખાન



મુંબઈ : બોલીવુડની સૌથી સફળ અભિનેત્રી કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાનના લગ્નને સાત વર્ષ કરતા વધારે સમય થઈ ગયો છે. આ બંનેનું પ્રેમપ્રકરણ ૨૦૦૮માં ટશનના સેટ પર શરૂ થઈ ગયું હતું. ચાર વર્ષની કોર્ટશીપ પછી તેમણે લગ્ન કર્યા હતા. સૈફ અને કરીના ૨૦૦૮માં તૈમુરના માતા-પિતા બન્યા હતા. તેમના રોમેન્ટિક સમયગાળાને યાદ કરીએ તો જ્યારે બંને એકબીજાના પ્રેમમાં ગળાડૂબ હતા ત્યારે સૈફે તો તેના હાથ પર કરીનાના નામનું ટેટુ પણ કરાવ્યું હતું. જોકે સૈફ અને કરીનાની રિલેશનશીપની એક રસપ્રદ વાત હવે જાહેર થઈ છે. બહુ ઓછા લોકોને ખબર છે કે કરીનાએ બે વખત સૈફ અલી ખાનનો લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો હતો. પિંકવીલા સાથેની મુલાકાતમાં કરીનાએ જણાવ્યું હતું કે ટશનના શૂટિંગ દરમિયાન સૈફે મારી પાસે પહેલીવાર ગ્રીસમાં અને પછી લદ્દાખમાં લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. મેં એ વખતે સ્પષ્ટ ના નહોતી પાડી પણ કહ્યું હતું કે હજી આપણે એકબીજાને થોડા વધારે ઓળખવા જોઈએ. કરીનાએ આ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે સૈફ સાથે લગ્ન કરવાનો નિર્ણય મારા જીવનનો શ્રેષ્ઠ નિર્ણય હતો. કરીના આજકાલ પોતાની ફિલ્મ 'ગુડ ન્યુઝ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં કરીના સાથે અક્ષય કુમાર લીડ રોલમાં છે. માતા બન્યા પછી આ કરીનાની બીજી ફિલ્મ છે. આ પહેલા તે વીરે દી વેડિંગમાં દેખાઈ હતી. આ ઉપરાંત કરીના પાસે અંગ્રેજી મીડિયમ પણ છે. આ ફિલ્મમાં કરીના ઈરફાન ખાન સાથે દેખાશે. આ ફિલ્મ હિન્દી મીડિયમની સિક્વલ છે.



## વીતેલા સમયથી હું આજે પણ ખુશ છું : ઈલિયાના ડીક્રુઝ

મુંબઈ : બોલીવુડ અભિનેત્રી ઈલિયાના ડિક્રુઝ લગભગ એક વરસથી રૂપેરી પડદે જોવા મળી નથી. તે એન્ડ્ર્યુનીબોનના પ્રેમમાં હતી, અને હવે તેની સાથે બ્રેકઅપ પણ થઈ ગયું છે. ઈલિયાનાએ પોતાની રિલેશનશિપ અને બ્રેકઅપ વિશે વાત કરતાં કહ્યું હતુ કે, '' મેં હંમેશા સ્વંયને સ્પોટલાઈટથી દૂર રાખી છે. મારો એન્ડ્ર્યુ સાથેનો સંબંધ અને અનુભવ બહુ જ સારો રહ્યો છે. અમે જેટલો સમય સાથે પસાર કર્યો તેમાં તેણે મને એક સારી વ્યક્તિ તેણે મને ઊભારી છે.આજે હું પહેલા કરતાં ઘણી વધુ સારી વ્યક્તિ બની છું. આજે હું મારા માટે એ કાર્યો કરી રહી છું જે પહેલા કરતી નહોતી. મેં મારામાં રહેલી ઘણી ભૂલોને સુધારી છે. '' મને મારા બ્રેકઅપની વાતો જાહેરમાં ચર્ચા કરવી પસંદ નથી. આ માટે હું પક્ત મારા પરિવારને જ કોઈ પણ ઉત્તર આપવા બંધાયેલી છું તેમ વધુમાં તેણે કહ્યુ હતું. અમારા સંબંધો ક્યા કારણોસર તૂટયા તે જણાવાનો હાલ આ યોગ્ય સમય નથી, તેમ ઈલિયાનાએ જણાવ્યુ હતું.




Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE
416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઓફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# બેકલેસ પહેરતાં પહેલાં નિખારો તમારી પીઠ



તહેવારોમાં ટ્રેડિશનલ ચણિયાચોળીને થોડો ગ્લેમરસ ટચ આપવા માટે બેકલેસ ચોળી પર્ફેક્ટ ઓપ્શન છે. આખા ઢંકાયેલા સુંદર ચણિયાચોળીમાં ખુલ્લી પીઠ લાગે છે સારી, પરંતુ જો પીઠનું પ્રદર્શન કરવું જ હોય તો પીઠ સુંદર છે એની ખાતરી કરવી પડશે. આપણે જેટલું ધ્યાન ચહેરાને ચમકાવવામાં આપીએ છીએ એટલું પીઠ પર ક્યારેય નથી આપતાં, પણ બેકલેસ કમખો પહેરતી વખતે ખરેખર એ વાતનો પસ્તાવો થાય છે. જો તમે બેકલેસ બ્લાઉઝ તૈયાર રાખ્યું હોય તો પીઠને પણ તૈયાર કરી લો.

**ડ્રાય સ્કિન :** પીઠની બીજી સમસ્યા એટલે ડ્રાય સ્કિન. જો કે સૂકી ત્વચાનો પ્રોબ્લેમ ડાઘ અને ખીલ કરતાં જલદી ગાયબ થાય છે, પણ એ માટે પીઠની સંભાળ રાખવી એટલી જ જરૂરી છે. ચહેરાની જેમ પીઠ પર પણ રોજ મોઈશ્ચરાઈઝર લગાવો તેમ જ ભરપૂર પાણી પીઓ, કારણ કે ડ્રાય સ્કિનની તકલીફ શરીરમાં પાણીની કમીને લીધે પણ થાય છે. સ્નાન કરતાં પહેલાં પીઠ પર બેબી ઓઈલથી મસાજ કરો અને ત્યાર બાદ સ્નાન કરો એ પછી પીઠ પર સારું બોડી લોશન લગાવો. જે દિવસે બેકલેસ ડ્રેસ પહેરવાનો હોય એ દિવસે પીઠ પર સ્ક્રબિંગ કરો, જેથી ડ્રાય અને ડેડ સ્કિન (મૃત ત્વચા) દૂર થાય અને પીઠ સુંવાળી તેમ જ ચમકદાર દેખાય.





## ખીલની સારવાર

પીઠ પર થતા ખીલ એટલે કે બેકને માટે બધા જ ઘરગથ્થુ ઉપચાર કર્યા છતાં જો ખીલ અને ડાઘ ઓછા ન થતા હોય તો ડર્મેટોલોજીસ્ટની તમને ડાઘાઓથી છુટકારો મેળવવા માટે સાચી સલાહ આપશે અને જો જરૂર હશે તો દવા પણ સૂચવશે. આવા ડાઘ એક રાતમાં જતા નથી એટલે ડાઘ જાય નહીં ત્યાં સુધી એની ટ્રીટમેન્ટ લેવાનું ચાલુ રાખો.



## પીઠનું ક્લીન-અપ

બેકલેસ ડ્રેસિસ ખૂબ સ્કિન દેખાડે છે એટલે એને પહેરતાં પહેલા પીઠ ક્લિયર છે કે નહીં એના પર અચૂક ધ્યાન આપો. સ્કિન પરના ડાઘ અને સૂકી ત્વચા બેકલેસ ડ્રેસમાં નહીં શોભે. જો તમારી પીઠ પર ડાઘ કે ખીલ હોય તો સ્નાન કરતી વખતે પીઠ પર સ્ક્રબિંગ અચૂક કરો. પાર્લરમાં પીઠનું ક્લીન-અપ પણ કરાવી શકાય.



## પેડેડ બ્લાઉઝ

બેકલેસ કમખો કે ચોળી પહેરો ત્યારે અંદર બ્રા પહેરીને બ્લાઉઝનો શો ખરાબ કરવા કરતાં બ્લાઉઝને જ પેડેડ બનાવડાવો, જેથી એ બ્રા પહેર્યાની ગરજ સારે. પેડેડ બ્લાઉઝ લુક પણ સારો આપે છે.

**પીઠની સારસંભાળ :** જો બેક પર ખીલ હોય તો તમારા ડોક્ટરને કન્સલ્ટ કર્યા બાદ એન્ટિ-બેક્ટેરિયલ ક્લેન્ઝરથી પીઠ વૉશ કરો અને નેપ્કિનથી હલકા હાથે દબાવીને કોરી કરો. જો કોઈ ડાઘ કે ખીલ હોય તો રાત્રે ગરબા રમવા જતી વખતે જેમ ફેસ પર કન્સિલર લગાવીએ એમ પીઠ પર એવા જ સ્કિન -ટોનનું કન્સિલર લગાવો. ત્યારબાદ થોડો શાઈની ટચ આપવા માટે ટિન્ટેડ બોડી લોશન કે ગ્લિટર લગાવો. જો પીઠ પર કન્સિલર તેમ જ બીજો કોઈ મેકઅપ- લગાવ્યો હોય તો ગરબા રમીને ઘરે આવ્યા પછી એ મેક-અપ બરાબર કાઢી નાખો. જો કે પીઠની સ્કિન ચહેરાની સ્કિન કરતાં જાડી હોય છે એટલે શક્ય છે કે મેકઅપ રિમૂવર સારી રીતે કામ ન કરે, પણ ડીપ સ્કિન ક્લેન્ઝર સારો ઓપ્શન રહેશે. ડેડ સ્કિનથી છૂટકારો મેળવવા માટે એક્સ ફોલિએશન સૌથી સારો ઉપાય છે. અઠવાડિયામાં એક વાર પીઠ પર સ્ક્રબિંગ કરો.

# વજન જાળવી રાખવા માટે કરો રોજિંદી કસરત

જો તમે નિયમિત રીતે કસરત કરતા હોવ અને છતાં તમને લાગે કે વજન ઓછું થતું નથી. તમારૂં ધાર્યું પરિણામ મળતું નથી તો એનો અર્થ એવો નથી થતો કે તમે કસરત બરાબર નથી કરતા. એનો અર્થ એવો છે કે તમે તમારા રોજના રૂટીનમાં નાન નાના ફેરફાર નથી કરતા.

## નાના નાના પડકારરૂપ ફેરફારો કરવા જરૂરી

આ ફેરફાર તમારા માટે વધારાની ચેલેન્જ ઊભી કરે એવા હોવા જોઈએ. દા.ત.: તમે બે સ્ટ વચ્ચે એક મિનિટ આરામ કરતા હોવ તો કોઈક દિવસ પાંચથી દસ સેકન્ડ ટાઈમ ઘટાડી દો. વેઈટ ઉપાડતા હોવ તો કોઈ એક દિવસ વજનમાં ૨૦૦-૫૦૦ ગ્રામ ઉમેરી દો. દોડવાની કસરતમાં કોઈક દિવસ ૫૦ ડગલાં વધારે દોડવાનું કરો. આવ નાના નાના ફેરફારથી તમને નવિનતા મળી રહેશે અને શરીરને વધારાની કવાયત. ફેરફારના કારણે તમને કસરત કરતી વખતે આનંદ મળશે અને એનું પરિણામ પણ તમને આનંદ આપશે.

## ભારે કસરતમાં આરામ અડધો જ કરો

જો તમને ભારે કસરત ફાવતી હોય તો કસરતના બે સેટ વચ્ચે આરામનો ગાળો ૨:૧નો રાખો. એટલે કે એક મિનિટનો સેટ પુરો કર્યા પછી આરામનો ગાઈ માત્ર ૩૦ સેકન્ડનો જ રાખો. આમ કરવાથી જરૂરી આરામ પણ મળી જશે અને કસરતની તીવ્રતા પણ વધશે. કસરત વધુ તીવ્રતાથી કરવામાં આવે તો એનું પરિણામ બધા જ જાણે છે. માનો કે તમે દોડવાની કીસરત કરી રહ્યા છો. તો દર બે મેનિટ દોડયા પછી એક મિનિટનો આરામ કરો. સતત પાંચ મિનિટ દોડયા હોવ તો અઢી મિનિટનો આરામ લો. પછી તરત બીજો સેટ શરૂ કરો. અહીં નિષ્ણાતો કહે છે કે પાંચ મિનિટ દોડીને અઢી મિનિટનો આરામ લેવાને બદલે એક મિનિટ દોડીને અડધી મિનિટનો આરામ લેવાથી વધારે સારૂં રીઝલ્ટ મળી શકે છે. એમ કરવાથી હૃદયના ધબકારા સતત વધારે લેવલ જાળવી રાખે છે અને શીરના એકેએક કોષમાં ઓક્સિજન વધારે પ્રમાણમાં વપરાતો રહે છે. આ બંને હકીકતો તમારા આરોગ્ય માટે અને વજન ઓછું કરવા માટે બેસ્ટ છે.

## ભારે કસરતમાં આરામ અડધો જ કરો

જો તમને ભારે કસરત ફાવતી હોય તો કસરતના બે સેટ વચ્ચે આરામનો ગાળો ૨:૧નો રાખો. એટલે કે એક મિનિટનો સેટ પુરો કર્યા પછી આરામનો ગાઈ માત્ર ૩૦ સેકન્ડનો જ રાખો. આમ કરવાથી જરૂરી આરામ પણ મળી જશે અને કસરતની તીવ્રતા પણ વધશે. કસરત વધુ તીવ્રતાથી કરવામાં આવે તો એનું પરિણામ બધા જ જાણે છે. માનો કે તમે દોડવાની કીસરત કરી રહ્યા છો. તો દર બે મેનિટ દોડયા પછી એક મિનિટનો આરામ કરો. સતત પાંચ મિનિટ દોડયા હોવ તો અઢી મિનિટનો આરામ લો. પછી તરત બીજો સેટ શરૂ કરો. અહીં નિષ્ણાતો કહે છે કે પાંચ મિનિટ દોડીને અઢી મિનિટનો આરામ લેવાને બદલે એક મિનિટ દોડીને અડધી મિનિટનો આરામ લેવાથી વધારે સારૂં રીઝલ્ટ મળી શકે છે. એમ કરવાથી હૃદયના ધબકારા સતત વધારે લેવલ જાળવી રાખે છે અને શીરના એકેએક કોષમાં ઓક્સિજન વધારે પ્રમાણમાં વપરાતો રહે છે. આ બંને હકીકતો તમારા આરોગ્ય માટે અને વજન ઓછું કરવા માટે બેસ્ટ છે.

**કસરત કરતી વખતે મન નિરાંત રહે એ ખુબ જ જરૂરી હોય છે.**



## પીપરમિન્ટ સ્નાયુઓને વધારે નિરાંતવા રાખશે

કસરત કરતાં પહેલાં તમે જે હળવો નાસ્તો લેતા હોવ કે ડ્રિન્ક લેતા હોવ એમાં એક ટીપું પીપરમિન્ટ(ફુદીનાનો અર્ક) ઉમેરવાનું રાખો. કસરત સાથેનો પોષક આહાર તપાસતા નિષ્ણાતોને જાણવા મળ્યું છે કે એક જ ટીપું પીપરમિન્ટ સ્નાયુઓને વધારે નિરાંતવા રાખે છે. એટલે કસરતમાં હળવાશ રહે છે. આવું એટલા માટે થાય છે કે મિન્ટ તમારા લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ વધારી આપે છે. હિમોગ્લોબિનને વધુ કાર્યક્ષમ બનાવી દે છે. આ રીતે મગજને પણ વધારે ઓક્સિજન મળવાથી તમને ખુબ નિરાંતનો અનુભવ થાય છે. કસરત કરતી વખતે મનમાં નિરાંત રહે એ ખુબ જ જરૂરી હોય છે.



# ફુગાવા સાથે ભાડાના દર વધીને ૨૮ વર્ષની જુની સપાટીએ

## ભાડુઆતોએ મોરગેજના વધેલા વ્યાજદરથી પણ મુશ્કેલીમાં મુકાવવું પડશે

મોન્ટ્રીયલ : કેનેડાના નીતિ નિર્ધારકો ફુગાવો ૨ ટકાના સ્થિર રહે એવી આશા રાખતા હતા. પરંતુ ગેસોલિનના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થતાં ભાડાં દરમાં અસુવિધા જનક વધારો થયો છે. બુધવારે સ્ટેટિટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, ઓક્ટોબર મહિનામાં ૩.૬ ટકા વધારો થયો છે. જે ગયા વર્ષ કરતાં વધારે હતો.

બેન્ક ઓફ મોન્ટ્રીયલના ચીફ ઈકોનોમિસ્ટ ડગ પોર્ટરે તેની ક્લાયન્ટલ નોટમાં લખ્યું હતું કે "૧૯૯૧થી વાર્ષિક ભાડા દરમાં ઝડપથી વધારો થયો છે.




આજકાલ રેન્ટર્સ માત્ર ભાડાના દર વધવાના દબાણનો જ સામનો નથી કરી રહ્યાં પણ આ મહિનામાં ઉપભોક્તા ભાવમાં જે વધારો થયો છે એમાં મોરગેજના વ્યાજની ચુકવણીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તે સમસ્યાનો પણ સામનો કરવો પડે છે એમ સીઆઈબીસીના ઈકોનોમિસ્ટ રોયસ મેન્ડિસે જણાવ્યું હતું.

ઓક્ટોબર સુધીના ૧૨ મહિનામાં મકાનની લોનની ચૂકવણીમાં ૭ ટકાનો વધારો થયો છે એ દરમિયાન ઉપભોક્તાઓની સંખ્યામાં અસધારણ વધારો થયો હતો. પણ મેન્ડિસ માને છે કે "મોરગેજ ઈન્ટરેસ્ટ કોસ્ટને કારણે ખર્ચ થોડો સરભર થયો હતો."

પણ કેટલીક ચીજો જેમ કે ગેસોલિનના ભાવમાં ૬.૭ ટકાના ઘટાડો થતાં કેનેડાનો ફુગાવાનો દર વધતો અટક્યો છે. ગયા વર્ષની સરખામણીમાં ૧.૯ ટકા નો વધારો થયો છે. પોર્ટરે નોંધ્યું હતું કે "કેનેડામાં ફુગાવાના દરમાં ૧.૯ ટકાનો વધારો થયો છે તે પ્રગતિશીલ અર્થ તંત્રમાં સૌથી વધુ છે.

# ગુજરાતી સિનીયર ક્લબ - બ્રામ્પ્ટન દ્વારા ગીતો અને ડાન્સ સાથે દીવાળીની ઉજવણી



### • જુના હિંદી ચલચિત્રોના સુમધુર ગીતો તથા જાદુના ખેલની રજૂઆત

બ્રામ્પ્ટન : ગુજરાતી સીનીયર ક્લબ બ્રામ્પ્ટનનો નવેમ્બર માસનો કાર્યક્રમ તા.૧૦મીના રોજ યોજાયો હતો. શરુઆતમાં સમુહ પ્રાર્થના થયા બાદ દિલિપભાઈએ કાર્યક્રમની માહિતી આપી હતી. ત્યારબાદ છોટુભાઈએ નગીનભાઈની કાર્યશૈલી તથા તેમના કલબના સંચાલનને બિરદાવ્યું હતુ.

પ્રવિણાબેન શાહે " મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હદયમાં વહ્યા કરે'' નું મંગળગીત ગાઈ સર્વેસભ્યોને આનંદ વિભોર કરી દીધા હતા. પદમાબેન તથા રાજશ્રીબેને નવા વર્ષના સાલ મુબારકનું "નવા વર્ષના જયશ્રીકૃષ્ણ "નું ગીત નૃત્ય સાથે ગાઈને સર્વેસભ્યોને શુભકામનાઓ પાઠવી હતી. કુસુમબેને દિવાળી પર્વનું મહત્વ સમજાવતું પ્રવચન કર્યુ હતુ. અનીલાબેને જણાવ્યું કે, આપણે નવા વર્ષે એકબીજાને શુભેચ્છાઓ પાઠવી છીએ. પરંતુ તે શુભેચ્છાઓ ફળીભુત થાય તે માટે આપણે આપણું મનજાગ્રત કરવું જોઈએ. ત્યારપછી નરસિંહભાઈએ જુના હિંદી ચલચિત્ર " દિલ ભી તેરા હમ ભી તેરે " નું એક મધુરગીત " મુઝ કો ઈસ રાત કી તન્હાઈ મેં આવાજ ન દો , આવાજ ન દો " તેમના મીઠા સ્વરમાં ગાયું હતુ.

પદમાબેને તથા રાજશ્રીબેને લયબદ્ધ રીતે સરસ મઝાના નૃત્યની રજુઆત કરી બધાને પ્રફુલ્લિત કરી દીધા હતા. ત્યારબાદ મહેમાન વિનયભાઈ, તેમનું ફેમીલી તથા વિરલભાઈએ ગીત-સંગીતના કાર્યક્રમમાં જુના હિંદી ચલચિત્રોના સુમધુર ગીતો તથા જાદુના ખેલની રજૂઆત કરી હતી. અંતે નગીનભાઈએ આ મહેમાન કલાકારોનો કલબવતી હદયપુર્વક આભાર વ્યકત કરી તેમનું સન્માન કર્યું હતુ. ભાગવતભાઈ પંડ્યાએ રાજકપૂરના ચલચિત્ર આવારાના "મેરા જૂતા હૈ જાપાની'' ગીતની ધુન ઉપર સરસ મઝાનો ફેન્સી ડ્રેસ પહેરી રજુઆત કરી હતી. ત્યારબાદ જે સભ્યોનો જન્મદિવસ તથા લગ્નતિથિ આવતી હતી તેઓનો પરિચય આપી તેમને અભિવંદન પાઠવ્યા હતા. ચંદ્રકાન્તભાઈ શુકલએ દિવાળીના પાવનપર્વનું ધાર્મિક મહત્વ સમજાવતુ વિવિધ દ્રષ્ટાંતો સાથે પ્રવચન કર્યુ હતુ. અંતમાં દિવાળી પ્રસંગે કરવામાં આવતી મહાલક્ષ્મી પુજાવિધિનું ધાર્મિક મહત્વ સૌને સમજાવ્યું હતુ.

# બ્રામ્પ્ટન ગુજરાતી સીનિયર મંડળની સભા : રમતોત્સવની ઉજવણી થઈ




### • યોગા સાથે ગીત સંગીત અને ડાન્સની પ્રસ્તૃતિ થઈ

બ્રામ્પ્ટન : ગુજરાતી સીનિયર મંડળ ઓફ બ્રામ્પ્ટનની સભા ગત તા.૨૪મી નવેમ્બરે મિડોઝ કોમ્યુનિટિ સેન્ટર ખાતે યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં સભ્યો દ્વારા પ્રાર્થના રજૂ થયા બાદ નલીનીબેન કાપડીયાએ ઓમના નાદ સાથે યોગા કરાવ્યા હતા. પ્રમુખ દક્ષાબેન રાજાએ સભ્યોનું સ્વાગત કરી શૂભેચ્છા પાઠવી હતી. વિલાસબેને સુંદર ગુજરાતી ગીત રજૂ કર્યા બાદ હર્ષદ પટેલે સંસ્થાને લગતી માહિતી આપી હતી. વર્ષાબેન તથા અરુણભાઈએ રમતગમત થીમને અનુરૂપ નૃત્યગીત રજૂ કરી સૌને બચપણની યાદો અપાવી હતી. જે બાદ સભ્યોની જન્મતિથિ ઉજવાઈ હતી. અતિથિ વિશેષ નવનીતભાઈ પટેલ અને રૂપલબેને મની મેનેજમેન્ટ તથા ઈન્સ્યૂરન્સ અંગે માહીતી રજૂ કરી હતી. આ સાથે ૨૦૧૯ના ફેડરલ ઈલેકશનમાં વિજેતા થયેલા મનીન્દર સિંધુનું સૌએ સન્માન કર્યું હતુ. અંતમાં વિનુભાઈએ જોક્સ કહી સૌને હસાવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ દક્ષાબેન રાજાએ કરી હતી.

# કેનેડાના સોની સમાજ દ્વારા દસમો દિવાળી કાર્યક્રમ : રાષ્ટ્રગીતનું ગાન

બોલિવૂડના હિન્દી અને ગુજરાતી ગીતો પર વિવિધ જૂથ નૃત્યો રજૂ કરાયા હતા



બ્રામ્પ્ટન : કેનેડાના સોની સમાજની સ્થાપના ૧ લી જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ જયેશ આદેશેરા ઘરે બ્રામ્પ્ટનમાં કરવામાં આવી હતી. આનાથી ગુજરાતના તમામ સોની પરિવારો માટે સંબંધ બંધાયો અને ગ્રેટર ટોરન્ટો વિસ્તારમાં અને આસપાસના તમામ પરિવારોને સામાજિક, સાંસ્કૃતિક અને ભાવનાત્મક ટેકો મળ્યો છે. શનિવાર, ૦૯ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ, કેનેડાના સોની સમાજે કેલેડન કાઉન્ટી ક્લબમાં તેના ૧૦મા એનિવર્સલ દિવાળીના કાર્યક્રમનું આયોજન કર્યું હતુ.

કાર્યક્રમમાં અંદાજે ૨૦૦ સોની પરિવારના લોકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. સભ્યોએ એકબીજાને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. દીપ પ્રાગટ્ય અને મા જગદંબા પ્રિઅરથી કાર્ય શરૂ થયું અને ત્યારબાદ ભારત અને કેનેડાનું રાષ્ટ્રગીત ગવાયું હતુ. જે બાદ બોલિવૂડના હિન્દી અને ગુજરાતી ગીતો પર વિવિધ જૂથ નૃત્યો રજૂ કરાયા હતા. નીરવ અને પ્રિતિ સોનીએ "નીરવની વાર્તાની કથા'' પર કોમેડી નાટક રજૂ કર્યું હતું જ્યાં તેઓએ દૈનિક પતિ અને પત્નીના ઘરની પરિસ્થિતિઓને ખૂબ રમૂજી રીતે દર્શાવી હતી.

નૂપુર સોનીએ અસાધારણ એન્કરિંગ કર્યું હતું અને અસરકારક રીતે સમગ્ર કાર્યનું સંકલન પણ કર્યુ હતું. અંતે તમામ રમતોમાં વિજેતાઓને ઈનામ વિતરણ કરાયું હતું.

# બ્રામ્પ્ટનમાં હિન્દુ હેરિટેજ માસની રંગેચંગે ઉજવણી : વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાયા

### • વિસ્તારના જનપ્રતિનિધિઓએ હાજરી આપી : કાર્યક્રમનું મહત્વ સમજાવાયું

બ્રામ્પ્ટન : નવેમ્બર મહિનો હિંદુ હેરિટેજ મહિનો હોય, ઘણાં સમુદાયો દ્વારા કાર્યક્રમો યોજી બ્રામ્પ્ટનમાં ઉજવણી કરાઈ હતી. સિટી હોલમાં હિન્દુ કેનેડિયન વિશે ભાવિ પેઢીને માહિતી આપવા આ ઉજવણી કરાઈ હતી.

આ તકે ધ્વજવંદન સમારોહ અને સ્વાગત સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે ઘણા સ્થાનિક ચૂંટાયેલા અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રૂબી સહોતાના સાંસદ બેમ્પટન નોર્થ, સોનિયા સિદ્ધુ (સાંસદ બ્રામ્પટન સાઉથ), અમરજોત સંધુ એમપીપી બ્રામ્પ્ટન વેસ્ટ, કાઉન્સિલર ડ ઉરગ વિલાન્સ (કાર્યકારી મેયર), કાઉન્સિલર જેફ બોમન અને કાઉન્સિલર ચાર્માઈન વિલિયમ્સ હાજર હતા.




કેનેડિયન હિંદુ એસોસિએશન, વર્લ્ડ બ્રહ્મ ફેડરેશન Canada કેનેડા, અખંડ ભારતી ક્લબ, હિન્દુ સભા મંદિર, ન્યૂ હોપ સિનિયર્સ ક્લબ, અગ્રવાલ સભા કેનેડા, ન્યુ બેમ્પટન, માય ઈન્ડિયન્સ ઈન કેનેડા એસોસિએશન, હંન્ટારીયોમાં સાઉથ એશિયન, બ્રામ્પ્ટન ફર્સ્ટ ફાઉન્ડેશન સહિતના વિવિધ સમુદાય સંગઠનોએ સહયોગ આપ્યો હતો.

હિન્દુ સભા મંદિરમાં સભા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આગેવાનીમાં મહિનાની ઉજવણી પણ કરવામાં આવી હતી.

હનુમાન મંદિર, ગૌરી શંકર મંદિર અને હિન્દુ હેરિટેજ સેન્ટર ખાતે વધારાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તમામ ઈવેન્ટ્સનુ આયોજન હિન્દુ હેરિટેજ સેલિબ્રેશન ફાઉન્ડેશનના નેજા હેઠળ થયું હતુ.

# રાજકોટમાં આયુષ કૌભાંડ ઝડપાયું, ૭૦૦ આપો અને યોજનાનો કાર્ડ લઈ જાવો..!

રાજકોટ: શહેરમાં વડા પ્રધાન આયુષમાન કાર્ડનું મોટું કૌભાંડ સામે આવ્યું હતુ. જેમાં એક સમાજનાં લોકો દ્વારા લાલબહાદુર શાસ્ત્રી સ્કુલમાં એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આયુષમાન કાર્ડ બનાવવા માટે જેની પાસે બીપીએલ કાર્ડ હોય તેમની પાસેથી ૩૦ રૂપિયા અને ન હોય તેવા લોકો પાસેથી એક જણનાં ૭૦૦ રૂપિયા લેવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ આરોગ્ય વિભાગનાં ચેરમેને તંત્રને જાણ કરીને ઘટનાસ્થળે જઈને દરોડા પાડતા અત્યાર સુધી હજારો નકલી આયુષમાન કાર્ડ કાઢવામાં આવ્યાં હોવાનુ ખુલ્યું હતું. આ ઘટના બાદ ટંકારાનાં ધારાસભ્ય લલિત કગથરાએ જણાવ્યું હતુ કે, હાલ રાજ્યમાં આવા કૌભાંડો તો ઘણાં છે આવા તો આપણા સામે આવે ત્યારે દેખાય છે. મને તો લાગે છે કે ડુપ્લિકેટ સરકાર ચાલે છે. જેઓ ધનવાન છે તેમના આયુષમાનમાં નામ આવી જાય છે.

### આયુષ્યમાન કાર્ડ કૌભાંડમાં પોલીસે કરી છની ધરપકડ

રાજકોટ: વણિક સમાજના આગેવાન વિજય માધાણીએ સુરતના કિશોર ગાંધી અને અમદાવાદના દિલીપ ગાંધી સાથે મળી કેમ્પ યોજ્યો હતો. ભરૂચ અર્બન સેન્ટરના આઇડીનો ગેરકાયદે ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું હતું. રાજકોટમાં ૩૫ લોકોનું રજિસ્ટ્રેશન કર્યું હતું. નવ શખસો સામે પોલીસે ગુનો દાખલ કર્યો હતો જેમાં પોલીસે રાજકોટના વિજય ઉર્ફે વિરેન્દ્ર માધાણી, ધીરેન્દ્ર ગોરસીયા, સુરતના શૈલેષ ઘીયા અને તેના કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામે આવેલા ભરૂચના ભાવીન વાઘેલા, વસીમ દીવાન અને શાહીમખાન પઠાણ, સુરતના કિશોર ગાંધી અને અમદાવાદના દિલીપ ગાંધીની ધરપકડ કરાઈ હતી.

# રાજકોટ-અમદાવાદ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને સરકાર દ્વારા મંજૂરી

**• અમદાવાદથી રાજકોટ માત્ર બે કલાકમાં પહોંચી શકાશે**

ગાંધીનગર- રાજકોટ-અમવાદાવ વચ્ચે મુસાફરી કરતા લોકોની સમસ્યાનો અંત આવશે. હવે અમદાવાદથી રાજકોટ માત્ર ૨ કલાકમાં પહોંચી શકાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદ અને રાજકોટ વચ્ચે સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ માટે મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટનો કુલ અંદાજીત ખર્ચ ૧૧,૩૦૦ કરોડ રૂપિયા થશે, જેને કેન્દ્ર સરકારનાં અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ સાથે જોડવામાં આવશે. ગુજરાતની રૂપાણી સરકારે અમદાવાદ અને રાજકોટ વચ્ચેના નેશનલ હાઈવે નંબર ૪૭ની બાજુમાં જ આ ટ્રેન કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે જેથી જમીન સંપાદનમાં વધારે સમસ્યા ન આવે. આ રૂટ પર ટ્રેનો ૧૬૦ કિમીની ઝડપે દોડશે અને બંને શહેરો વચ્ચેનું અંતર માત્ર ૨ કલાકમાં કાપી શકાશે. આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ્રનાં અને બીજા શહેરોની કનેક્ટિવિટી વધશે અને મુસાફરોનાં સમય સાથે ઈંધણ પણ બચશે. અમદાવાદ અને રાજકોટ વચ્ચે પેસેન્જર્સની સંખ્યા વર્ષે ૯ ટકાના દરે વધી રહી છે. ૨૦૦૭માં બંને શહેરો વચ્ચે દર વર્ષે ૧૯ લાખ લોકો મુસાફરી કરતા જે ૨૦૧૭માં વધીને પ્રતિવર્ષ ૪૫ લાખ થઈ ગયા છે.

# નવલખી બંદર ખાતે ૧૯૨.૩૩ કરોડના ખર્ચે ૪૮૫ મીટરની નવી જેટી બનશે

રાજકોટ : રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ નવલખી બંદર ખાતે નવી જેટી બનાવવા માટેની દરખાસ્તને સૌદ્ધાંતિક મંજૂરી આપી છે. આ જેટીનું નિર્માણ ગુજરાત મેરિટાઈમ બોર્ડ રૂ. ૧૯૨.૩૩ કરોડના અંદાજિત ખર્ચે હાથ ધરશે. આ અંતર્ગત નવલખી બંદર ખાતે ૪૮૫ મીટરની નવી અદ્યતન જેટીનું બાંધકામ કરવામાં આવશે. બંદરની પ્રવર્તમાન કેપેસિટી ૮ મિલિયન મેટ્રિક ટન પર એનમ છે તે વધારીને ૨૦ એમએમટીપીએ કરવાના હેતુસર આ નવી જેટીનું બાંધકામ થવાનું છે. પરિણામે બંદરની હાલની કાર્ગો હેન્ડલિંગ કેપેસિટીમાં વાર્ષિક ૧૨ એમએમટીપીએ વધારો કરવાનું આયોજન છે. રાજ્યનું નવલખી બંદર ૧૯૩૯થી કાર્યરત છે. આ બંદરની વ્યૂહાત્મક્તાને પરિણામે આ બંદરે થી ગુજરાત, ઉત્તર ભારત, મધ્ય ભારતના પાવર પ્લાન્ટ્સ માટે કોલસાનું વહન થાય છે. હાલ નવલખી બંદર પર કુલ ૪૩૪ મીટર લંબાઈની જેટીઓ આવેલી છે. જેના પરથી ગુજરાત મેરિટાઈમ બોર્ડ વાર્ષિક ૧૧.૮૫ એમએમટી કાર્ગોની હેરફેર કરે છે.

ભારત સરકારે અમલમાં મુકેલા સાગરમાલા પ્રોજેક્ટનો પણ આ નવલખી બંદરને લાભ મળશે. તે અંતર્ગત ૧૦૦ મીટરની જેટી માલસામાનના આંતરરાજ્ય દરિયાઇ પરિવહન માટે વિકસાવવામાં આવશે.

# ગોંડલમાં કૃદરતની 'ક્રૂરતા'નો કિસ્સો, ૯ સંતાનોને બાંધવા પરિવાર લાચાર

ગોંડલ: ગોંડલ નગરપાલિકાના શાસક પક્ષના નેતા રાજેન્દ્રસિંહ જાડેજા દ્વારા' સન્ડે સ્લમ ડે' મિશન શરૂ કરવામાં આવ્યું છે તેઓ જરુરિયાત મંદોની જરૂરિયાતો પૂરી કરી રહ્યા છે ત્યારે સાંઢિયા પુલ પાસે રહેતા રત્નાભાઈ પરમારના પરિવારના નવ મનોદિવ્યાંગ સદસ્યોને જોઈ' સન્ડે સ્લમ ડે' ના સદસ્યો મૂંઝવણમાં મુકાઈ જવા પામ્યા હતા. રત્નાભાઈ નોર્મલ છે. પણ એના ૨ દિકરી અને એક દીકરો મનોદિવ્યાંગ છે. આ ઉપરાંત રત્નાભાઈના મોટા દિકરા અરજણભાઈ નોર્મલ છે. પણ એના ૩ દીકરા અને ૩ દીકરી મનોદિવ્યાંગ છે. આ બધા એક જ ઝુંપડામાં રહે છે. અને રત્નાભાઈના મોટા પુત્ર અરજણ અને અજય છુટક મજુરી કામ કરવા જાય છે. જયારે ઘરમાં રત્નાભાઈ અને એના પત્ની દુધીબેન મતલબ કે દાદા દાદી આ બધા નવેય જણાને સાચવવાનુ કામ કરે છે.

### પરિવારમાં છ વર્ષના બાળકથી લઈને 33 વર્ષનો યુવાન મનોરોગી છે

સરણીયા પરિવારના વૃદ્ધ દંપતી રત્નાભાઈ અને દુધીબેને જણાવ્યું હતું કે કબાલા એટલે પશુ લે-વેચનો વ્યવસાય સદંતર બંધ જેવો થઈ ગયો છે અને પરિવારમાં છ વર્ષથી લઈ ૩૩ વર્ષના જુવાનજોધ દીકરા મનો દીવ્યાંગ હોય કફેડી હાલત થઈ છે જેથી ફરજિયાત પણે વૃદ્ધ દંપતીને ભિક્ષાવૃત્તિ કરી સંતાનોના પેટ ભરવાની ફરજ પડી રહી છે. મનો દિવ્યાંગોને સીંદરીથી બાંધવા અંગે વૃદ્ધ દંપતી એ જણાવ્યું હતું કે એક તરફ હાઈવે રોડ છે અને બીજી તરફ રેલવેનો ટ્રેક પસાર થતો હોય મનો દીવ્યાંગ ક્યારે ઝૂપડામાંથી ચાલી નીકળે તેનું નક્કી રહેતું નથી, તેઓની સાથે કોઈ અકસ્માત ન બને તે માટે ફરજિયાત સીંદરીથી બાંધવાની ફરજ પડી છે.

## જામનગરમાં WHO અને ૨૧ તજજ્ઞોનું ચાર દિવસ અધિવેશન

જામનગર: જામનગરમાં ભારત સરકારના આયુષ મંત્રાલય અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સંયુક્ત ઉપક્રમે જામનગરની આયુર્વેદ યુનિવર્સીટીના પ્રાંગણમાં આવેલી ઈન્સ્ટીટયુટ ખાતે આજથી તા.૨૯ સુધી ચાલનારી કોન્ફરન્સમાં ભાગ લેવા વિશ્વના ૨૧ દેશોના તજજ્ઞો ડેલીગેટ્સ તરીકે જોડાયા છે. જામનગરમાં આયુર્વેદ યુનિવર્સીટી કેમ્પસમાં આવેલી ઈન્સ્ટીટયુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચીંગ એન્ડ રીસર્ચ ઈન આયુર્વેદ ખાતે તા. ૨૯ સુધી ૪ દિવસ ચાલનારા અધિવેશનમાં જીનીવાથી આવેલા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અધિકારીઓ,ડોક્ટરો,ભારત ,જર્મની ,સ્વીઝર્લેન્ડ, અમેરીકા, ઈન્ગ્લેન્ડ, યુક્રેન,ટાન્ઝાનીયા, સાઉથઆફ્રીકા,આર્જેન્ટીના,બાંગ્લાદેશ,શ્રીલંકા સહિતના ૨૧ દેશોના તજજ્ઞો એકઠા થયા છે.

# પોરબંદરમાં હુમલો-લૂંટ અંગે ભાજપ લઘુમતિ મોરચાના આગેવાન સહિત ચારની ધરપકડ

**• સામાજિક કાર્યકર ઉપર હુમલો અને તોડફોડ કરી હતી:બિલ્ડર હજુ ફરાર**

પોરબંદર: પોરબંદરના સામજિક કાર્યકર કમ આરટીઆઈ એક્ટીવીસ્ટ સલીમભાઈ યુસુફભાઈ સુર્યા (ઉવ ૫૮) ગત ૩૦-૯ના રોજ સાંજના સમયે પોતાના એસટી રોડ પર આવેલા રિલાયન્સ કોમ્પ્યુટર કલાસીસ પર બેઠા હતા ત્યારે શહેરના બિલ્ડર અને મેમણ જમાતના અગ્રણી યુસુફ પુંજાણી તેના બે પુત્રો હામીદ અને હમદ ઉપરાંત ભાજપ લઘુમતી મોરચાના આગેવાન ઈબ્રાહીમ ઉમર સંઘાર અને અન્ય સાગરિત ઈરફન સંઘાર ઉર્ફે ખાન વગેરે ગેરકાયદે મંડળી રચીને ત્યાં ઘસી આવ્યા હતા અને સલીમભાઈ એ બિલ્ડર યુસુફ પાર્કિંગમાં ગેરકાયદેસર દુકાન બનાવતો હોવાથી તે અંગે હાઈકોર્ટમાં સ્ટે લીધો હોવાનું મનદુઃખ રાખીને લોખંડના પાઈપ લાકડી જેવાં હથિયાર વડે સલીમભાઈ પર હુમલો કર્યો હતો અને કોમ્પ્યુટર ક્લાસમાં તોડફેડ કરી હતી અને ક્લાસમાં રાખેલ સીસીટીવી કેમેરાનું ડીવીઆર તથા ટેબલના ખાનામાં રાખેલ ૨૨૫૦૦ રૂપિયાની ધાડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી બાદમાં સલીમભાઈના મામાની દુકાને જઈ તેમના પર પણ હુમલો કર્યો હતો જે મામલે તમામ પાંચેય આરોપીઓ છેલ્લા ૫૬ દિવસથી નાસતા ફરતાં હતા જેમાંથી ગઈ કાલે રાત્રે બિલ્ડર યુસુફ સિવાયના ચારેય આરોપીઓ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં સામેથી રજુ થતા પોલીસે ચારેયની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બાબરા મંડળીના હોદ્દેદારો સામે તપાસના આદેશ

બાબરા : બાબરામાં આવેલી અને નાણા ધીરાણ સહિત ફિક્સ ડીપોઝીટ અંગે અવાર નવાર ચર્ચામાં રહેતી સ્થાનિક મર્કેન્ટાઈલ ક્રેડીટ એન્ડ સેલિંગ કો.ઓ.હા.સો.લી નું બિલ્ડીંગ શરતભંગ બદલ સરકાર હસ્તગત કરવા તેમજ અનધિકૃત રીતે ૧૪ દુકાનો બનાવી વેચી નાખ્યાની દુકાનદારની રજુઆત સામે ગ્રામ પંચાયત-પાલિકાના અધિકારીઓ અને સંસ્થાના હોદ્દેદારો સામે જિલ્લા કલેકટર આયુષ ઓકે શિક્ષાત્મક કાર્યવાહી માટે સીટ મારફત તપાસ કરાવવા આદેશ કર્યો છે. બાબરાના લલિત શશીકાંતભાઈ મલકાણ દ્વારા તા.૬/૧૦/૨૦૧૫ના સરકારના જુદા જુદા વિભાગ સમક્ષ ફરિયાદ કરી હતી કે બાબરામાં આવેલી મર્કેન્ટાઈલ કે.કો.ઓ.સો. સા.લી દ્વારા બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૪ દુકાનો બનાવી વેચી નાખી છે.






### મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના શપથ પહેલા ત્રણેય પાર્ટીઓ દ્વારા કોમન મિનિમમ પ્રોગ્રામ જાહેર કરાયો

# નોકરી, મહિલા સુરક્ષાને પ્રાથમિકતા, ખેડૂતોના દેવાં માફ થશે

મુંબઈ : મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની મુખ્યપ્રધાન તરીકે તાજપોશી પહેલા શિવસેના, એનસીપી અને કોંગ્રેસે સત્તાવારરીતે પોતાના ગઠબંધનના નામની જાહેરાત કરી હતી અને કોમન મિનિમમ પ્રોગ્રામ (સીએમસી)ની જાહેરાત કરવામાં આવી હતી. કોમન મિનિમમ પ્રોગ્રામમાં બેરોજગારી, ખેડૂતો, મહિલા સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. ત્રણેય દળોના ગઠબંધનને મહા વિકાસ અઘાડી નામ આપવામાં આવ્યું છે. આ કોમન મિનિમમ પ્રોગ્રામની શરૂઆતમાં કહેવામાં આવ્યું છે કે, આ ગઠબંધન બંધારણમાં ઉલ્લેખ કરવામાં આવેલા ધર્મનિરપેક્ષ મુલ્યોને લઈને કટિબદ્ધ છે. આ ઉપરાંત આમા ખેડૂતોને લઈને અનેક પ્રકારની જાહેરાતો કરવામાં આવી છે. શિવસેના નેતા એકનાથ ખડસેએ કહ્યું હતું કે, આ કોમન પ્રોગ્રામ પર શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, એનસીપીના વડા શરદ પવાર



અને કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીના હસ્તાક્ષર રહેલા છે. મહા વિકાસ અઘાડીની પત્રકાર પરિષદમાં ખડસેએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રની પ્રજાની શંકાઓ હવે દૂર થઈ ચુકી છે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં ત્રણેય પક્ષો સરકાર બનાવવા માટે રાજી થઈ ગયા છે.

### મહારાષ્ટ્રમાં સીએમપીના મુદ્દાઓ શું છે

– ખેડૂતોના દેવાને સંપૂર્ણપણે માફ કરાશે – પુર અને કમોસમી વરસાદના લીધે ખેડૂતોને થયેલી તકલીફને તરત જ દૂર કરાશે – પાક વિમા યોજનામાં સુધારા કરીને ખેડૂતોને તરત મદદ અપાર્શો – ખેડૂતોને પાકના યોગ્ય ભાવ મળે તે માટે પગલા લેવાશે – રાજ્યમાં ખાલી પડેલી સરકારી નોકરીને તરત ભરાશે – ભણેલા બેરોજગાર યુવાનો માટે ફેલોશીપની જાહેરાત – નોકરીમાં સ્થાનિક યુવાનોને ૮૦ ટકા અનામત – મહિલાઓની સુરક્ષા સરકારની પ્રાથમિક્તા રહેશે – આર્થિકરીતે નબળા પરિવારની બાળકીઓનું શિક્ષણ ફ્રી રહેશે – આગંણવાડી સેવિકા અને આશા વર્કરના પગારમાં વધારો કરાશે - મહિલા સશક્તિકરણને વધુ પ્રાથમિક્તા અપાશે - શિક્ષણના ઉંચા સ્તરને જાળવવા પગલા લેવાશે - રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા યોગ્ય પગલા લેવાશે - આઈટી સેક્ટરમાં રોકાણને આકર્ષિત કરવા નીતિગત સ્તર પર જરૂરી ફેરફાર કરાશે

## મની લોન્ડરિંગ કેસમાં ચિદમ્બરમની જામીન અરજી અંગે ચુકાદો અનામત

**• ઈડી પાયાવિહોણા આરોપો મારી કારકિર્દી નાશ કરી શકશે નહીં : ચિદમ્બરમ**

નવી દિલ્હી : ઈડીએ દાખલ કરેલા આઈએનએક્સ મની લોન્ડરિંગ કેસની સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન ઈડીએ જણાવ્યું હતું કે ચિદમ્બરમ કસ્ટડીમાંથી પણ સાક્ષીઓને પ્રભાવિત કરી રહ્યાં છે. તો બીજી તરફ કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે એજન્સી પાયાવિહોણા આરોપો મૂકીને મારી કારકિદી અને પ્રતિષ્ઠાનો નાશ કરી શકશે નહીં. મની લોન્ડરિંગ કેસમાં જામીન ન આપવાના દિલ્હી હાઈકોર્ટને પડકારવા માટે ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જેની હાલમાં સુનાવણી ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટે ચિદમ્બરમની જામીન અરજી પર ચુકાદો અનામત રાખ્યો છે. ચિદમ્બરમની આ અરજીનો વિરોધ કરતા ઈડીએ જણાવ્યું હતું કે મની લોન્ડરિંગ જેવા આર્થિક અપરાધો ગંભીર પ્રકારના હોય છે અને તે દેશના અર્થતંત્રને જ નહીં લોકોના સરકારમાં રહેલા વિશ્વાસને પણ નુકસાન પહોંચાડે છે. ઈડી વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખંડપીઠને જણાવ્યું હતું કે ફક્ત રંગા અને બિલ્લા દ્વારા કરવામાં આવેલા અપરાધો જ ગંભીર છે?

## ૨૨,૮૦૦ કરોડ રૂપિયાના શસ્ત્રોની ખરીદીને સંરક્ષણ મંત્રાલયની મંજૂરી

**• ભારતીય નેવીની એન્ટી સબમરિન કોમ્બેટ ક્ષમતા વધારવા માટે ડીએસીએ છ પી-૮૧ વિમાન ખરીદવાની મંજૂરી આપી દીધી**

નવી દિલ્હી- સંરક્ષણ મંત્રાલયે આજે ૨૨,૮૦૦ કરોડ રૂપિયાના સૈન્ય પ્લેટફોર્મ અને શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી છે તેમ સત્તાવાર અધિકારીઓએ જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે ભારતીય નેવી માટે છ એન્ટી સબમરિન યુદ્ધ વિમાનની ખરીદીને પણ મંજૂરી આપી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલ ડિફેન્સ એક્વિઝીશન કાઉન્સિલની મળલી બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી. ભારતીય નેવીની એન્ટી સબમરિન કોમ્બેટ ક્ષમતા વધારવા માટે ડીએસીએ છ પી-૮૧ વિમાન ખરીદવાની મંજૂરી આપી છે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ વિમાનને કારણે ભારતીય નેવીની ક્ષમતા અને કોસ્ટલ સર્વેલન્સ મજબૂત બનશે. હાલમાં ઈન્ડિયન નેવી તમિલનાડુના અરક્કોનમ પાસે આવેલા આઈએનએસ રજાલી પાસેથી આઠ પી-૮૧ લોંગ રેન્જ મેરીટાઈમ એરક્રાફ્ટનું સંચાલન કરે છે.

ડીએસીએએ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ માટે ટ્વિન એન્જિન હેવી હેલિકોપ્ટર્સ(ટીઈએચએચ)ની ખરીદીને પણ મંજૂરી આપી છે. આ હેલિકોપ્ટર્સની મદદથી દરિયા માર્ગે આતંકીઓની ઘૂસણખોરીને રોકી શકાશે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આ વિમાનની મિશન સિસ્ટમ અને સબ સિસ્ટમ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) ડિઝાઈન કરશે.

## 'તૂ ચીજ બડી હૈ મસ્ત' મમતા બેનરજીએ અભદ્ર ટિપ્પણી કર્યાનો રાજ્યપાલનો આરોપ

કોલકાતા : પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખડ અને મુખ્યમંત્રી મમતા બેનરજી વચ્ચેનો વિવાદ ખતમ થવાનું નામ લેતો નથી. રાજ્યપાલ ધનખડે હવે આરોપ લગાવ્યો છે કે મમતા બેનરજીએ તેમના અંગે અભદ્ર ટિપ્પણી કરી છે. રાજ્યપાલ ધનખડે ટ્વિટ કરતાં લખ્યું કે, મુખ્યમંત્રીએ મારા માટે કથિતરૂપે કહ્યું કે, તૂ ચીજ બડી હૈ મસ્ત મસ્ત. રાજ્યપાલ ધનખડે પોતાની એક ટ્વિટમાં એક બાંગ્લા અખબારના સમાચાર પોસ્ટ કર્યા છે. એ સમાચારમાં કહેવાયું છે કે મુખ્યમંત્રીએ રાજ્યપાલ અંગે વાત કરતાં તેમનું નામ લીધા વિના



કહ્યું હતું કે, તૂ ચીજ બડી હૈ મસ્ત મસ્ત. રાજ્યપાલે ટ્વિટ કરતાં લખ્યું કે અખબારમાં ૨૭ નવેમ્બરે સમાચાર છપાયા હતા, જેમાં વિધાનસભામાં બંધારણ દિવસનો ઉલ્લેખ કરાયો છે. સન્માનનીય મુખ્યમંત્રીએ રાજ્યપાલ માટે કહ્યું કે, તૂ ચીજ બડી હૈ મસ્ત મસ્ત. એ ટિપ્પણીનો જવાબ આપવાનું મને યોગ્ય લાગ્યુ નહીં કેમકે હું તેમના પદનું સન્માન કરું છું.

રાજ્યપાલે અન્ય ટ્વિટમાં વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં મુખ્યમંત્રી મમતા બેનરજી બંધારણ દિવસના કાર્યક્રમના સમાપન બાદ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. ધનખડેએ ટ્વિટમાં કહ્યું કે, હું ક્યારેય સન્માન આપવામાં પાછો પડયો નથી તે ભલે માનનીય મુખ્યમંત્રી પણ કેમ ન હોય. હું તેમનું વ્યક્તિગત ધોરણે ઘણું સન્માન કરું છું. બંધારણ દિવસના આયોજિત વિશેષ સત્ર દરમિયાન મમતા અને રાજ્યપાલ વચ્ચે સીધી કોઈ વાતચીત થઈ ન હતી.

## રામમંદિર ભુલાશે, NRCને ચૂંટણી મુદ્દો બનાવવાની ભાજપની તૈયારી

**• ભારતીય જનતા પક્ષે અત્યારથી ૨૦૨૪ની સંસદીય ચૂંટણીની પૂર્વ તૈયારી આદરી દીધી**

નવી દિલ્હી : ભારતીય જનતા પક્ષે અત્યારથી ૨૦૨૪ની સંસદીય ચૂંટણીની પૂર્વતૈયારી આદરી દીધી હતી. આગામી ચૂંટણી માટે એનઆરસીના મુદ્દાને જબરદસ્ત મહત્ત્વ આપવામાં આવશે.

દેશનાં વિવિધ રાજ્યોમાં ઘુસી આવીને સ્થાયી થઈ જતા બાંગ્લાદેશી અને પાકિસ્તાની મુસ્લિમોનો મુદ્દો અત્યંત સંવેદનશીલ છે અને બહુમતી હિન્દુ મતદારોને આકર્ષી શકશે એવું ભાજપની નેતાગીરી દ્રઢપણે માને છે.

ગૃહ પ્રધાન અમિત શાહ સત્તાવાર જાહેરાત કરી ચૂક્યા છે કે આસામ પછી એનઆરસી આખા દેશમાં લાગુ પાડવામાં આવશે. આ વિધાનનો સૌથી જોરદાર વિરોધ માત્ર પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ કર્યો હતો. બીજાં રાજ્યોએ હાલ પૂરતું આ મુદ્દે અકળ મૌન સેવ્યું હતું.

અત્યાર અગાઉ રામ મંદિરનો મુદ્દો મતદારોને આકર્ષતો હતો. હવે એનઆરસીના મુદ્દાને આગળ કરવાની ભાજપની યોજના છે. જો કે પક્ષમાંજ કેટલાક એવા નેતાઓ છે જે દ્રઢપણે માને છે કે સંસદીય ચૂંટણી જીતવા માટે આ મુદ્દો સો ટકા કારગત નીવડવાની કોઈ ગેરંટી નથી

## યુએસનું હોંગકોંગ ખાતે લોકશાહી સ્થાપવા બિલ પસાર, ચીન લાલઘૂમ

વોશિંગ્ટન : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોંગકોંગમાં લોકતંત્ર માટે આંદોલન કરનાર દેખાવકારોનો સમર્થન કરતા એક કાનૂન પર હસ્તાક્ષર કરવાથી એક મોટો આંતરરાષ્ટ્રીય વિવાદ પેદા થયો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે હોંગકોંગમાં લોકશાહી પ્રસ્થાપિત કરવા માટે જે બિલ પર હસ્તાક્ષર કર્યા છે, તેનાથી ચીન રોષે ભરાયું છે.હોંગકોંગના સમર્થનમાં અમેરિકા પસાર કરેલા બિલ પર ટ્રમ્પ હસ્તાક્ષર કરતા ચીને આકરી પ્રતિક્રિયા આપી છે. આ સાથે ધમકી આપતા ચીને કહ્યું છે કે, અમે પણ આકરા પગલાં ભરવા માટે તૈયાર છીએ. અમેરિકને જવાબ આપતા ચીનના વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, 'આનું સ્વરુપ બિલકુલ નિમ્નકક્ષાનું છે અને એમાં(બિલ) સંપૂર્ણ રીતે કુટિલ ઈરાદો છુપાયેલો છે.' અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે હોંગકોંગમાં લોકતંત્ર અને માનવાધિકારના સમર્થનમાં લવાયેલા એક બિલ પર હસ્તાક્ષર કર્યા છે. આ બિલ અંતર્ગત હોંગકોંગમાં લોકતંત્ર સમર્થકોના માનવાધિકારના હનન કરનાર અધિકારીઓ પર પ્રતિબંધો લગાવવાનો પ્રસ્તાવ છે.

## અમેરિકાની નકલી યુનિ.માંથી વધુ ૯૦ની ધરપકડ કરાઈ, મોટાભાગના ભારતીયો

**• ભારત સહિતના વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકા સરકારની જાળમાં ફસાયા**

વોશિંગ્ટન : ઈમિગ્રેશન છેતરપિંડી રોકવા માટે અમેરિકા સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ નકલી યુનિવર્સિટીમાં એડમિશન લેનારા ૯૦ વિદેશી વિદ્યાર્થીઓની યુએસ ફેડરલ લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓ પૈકી મોટા ભાગના ભારતીયો છે.

ઉલ્લેખનીય છે કે યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ(આઈસીઈ)એ અત્યાર સુધીમાં ડેટ્રોઈટની નકલી યુનિવર્સિટીમાં એડમિશન લેવા માગતા ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરી છે. આઈસીઈએ માર્ચમાં નકલી યુનિવર્સિટીમાંથી ૧૬૧ વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી. જ્યારે માર્ચમાં આ યુનિવર્સિટી બંધ કરવામાં આવી ત્યારે તેમાં ૬૦૦ વિદ્યાર્થીઓ હતાં. જેમાં મોટા ભાગના ભારતીયો હતાં. આઈસીઈના પ્રવક્તાના જણાવ્યા અનુસાર અત્યાર સુધી ધરપકડ કરાયેલા ૨૫૦ ધારાસભ્યો પૈકી ૮૦ ટકાને અમેરિકા છોડવાની મંજૂરી આપી દેવામાં આવી છે. બાકીના ૨૦ ટકા વિદ્યાર્થીઓ પૈકી અડધાને પણ અમેરિકા છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. ફેડરલ તપાસકર્તાઓએ દાવો કર્યો છે કે આ નકલી યુનિવર્સિટીમાં દાખલ થનારા વિદ્યાર્થીઓને ખબર હતી કે આ નકલી યુનિવર્સિટી હતી તો પણ તેમણે એડમિશન લીધું હતું. વિદ્યાર્થીઓને પહેલાથી જ ખબર હતી કે યુનિવર્સિટીમાં કોઈ વર્ગો નથી.

# RILનું માર્કેટ કેપ ૧૦ લાખ કરોડને પાર : ભારતની પહેલી કંપની

મુંબઈ : મુકેશ અંબાણીનાં નેતૃત્વ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ગુરુવારે નવી ઊંચાઇ પર પહોંચતા માર્કેટ કેપિટલાઈઝેશનમાં રૂપિયા ૧૦ લાખ કરોડનું શિખર સર કરી ગઇ હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આ સિદ્ધિ હાંસલ કરનારી પહેલી ભારતીય કંપની છે. ગુરુવારે સવારે મુંબઇ શેરબજાર ખાતે રિલાયન્સના શેર ૦.૭૦ ટકાના વધારા સાથે રૂપિયા ૧૫૮૧.૬૦ની સપાટીને સ્પર્શતાં જ કંપનીનું માર્કેટ કેપ રૂપિયા ૧૦ લાખ બે હજાર કરોડના ઐતિહાસિક આંકડા પર પહોંચી ગયું હતું. ૧૧:૨૦ કલાકે રિલાયન્સના શેર ૦.૩૩ ટકાના વધારે રૂપિયા ૧,૫૭૫ની સપાટી પર ટ્રેડિંગ કરી રહ્યા હતા. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માટે અમેરિકાની મેરિલ લિંચ કંપનીએ જણાવ્યું છે કે, આગામી બે વર્ષમાં રિલાયન્સનું માર્કેટ કેપ ૨૦૦ અબજ ડોલર પર પહોંચી શકે છે.




૧૯ નવેમ્બરે રિલાયન્સનું માર્કેટ કેપ ૯.૫૦ લાખ કરોડને પાર કરી ગયું હતું. ૧૮મી ઓક્ટોબરે રિલાયન્સનું માર્કેટ કેપ રૂપિયા ૯ લાખ કરોડને પાર કરી ગયું હતું. ઓગસ્ટ ૨૦૧૯માં રૂપિયા ૮ લાખ કરોડનો માઈલ સ્ટોન પાર કરનારી રિલાયન્સ પહેલી ભારતીય કંપની બની હતી. ૨૦૦૭માં રિલાયન્સનું માર્કેટ કેપ રૂપિયા સાત લાખ કરોડને પાર કરી ગયું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ફક્ત ૪૦ દિવસમાં ૯ લાખ કરોડથી ૧૦ લાખ કરોડના માર્કેટ કેપની સિદ્ધિ હાંસલ કરી હતી.

**દેશભરની ટોચની પાંચ કંપનીઓનું માર્કેટ કેપ**

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ : ૧૦,૦૧,૪૯૨.૦૩ કરોડ
- ટીસીએસ : ૭,૮૦,૮૧૪.૯૭ કરોડ
- એચડીએફસી બેન્ક : ૬,૯૬,૫૪૯.૫૦ કરોડ
- હિન્દુસ્તાન યુનિલિવર : ૪,૪૯,૪૦૪.૧૬ કરોડ
- એચડીએફસી : ૪,૦૦,૬૦૯.૮૯ કરોડ રૂપિયા

ફોર્બ્સની યાદીમાં મુકેશ અંબાણીને નવમું સ્થાન

ગુરુવારે આરઆઈએલે માર્કેટ કેપ ઉપરાંત શેરની કિંમતમાં પણ વિક્રમ સર્જ્યો હતો. તો બીજી બાજુ દુનિયાના ટોપ-૧૦ અમીરોની ફોર્બ્સની યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને નવમું સ્થાન અપાયંપ છે. મુકેશ અંબાણીએ ગૂગલના ફાઉન્ડર લેરી પેજ અને સર્ગે બ્રિનને પાછળ રાખી દીધા છે. અંબાણીની નેટવર્થ ૪.૩૩ લાખ કરોડ છે. લેરી પેજ ૪.૨૫ લાખ કરોડની નેટવર્થ સાથે૧૦મા ક્રમે છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર પાછળ રૂપિયા ૨૩૫ ટ્રિલિયનના રોકાણની આવશ્યકતા

નવી દિલ્હી : આગામી એક દાયકામાં દેશની માળખાકીય સુવિધા પાછળ રૂપિયા ૨૩૫ ટ્રિલિયનના ઈન્વેસ્ટમેન્ટની આવશ્યકતા રહેશે. આવનારા દસ વર્ષમાં અપેક્ષિત કુલ ઈન્વેસ્ટમેન્ટમાં પચાસ ટકા જેટલા ઈન્વેસ્ટમેન્ટ સાથે રોડ સેકટર પ્રોજેકટસમાં આન્ધ્ર, તેલંગણા તથા હરિયાણા આગેવાની લે તેવી વકી હોવાનું ક્રિસિલ ઈન્ફ્રાસ્ટ્રકચર એડવાઈઝરી (સીઆઈએ)ના એક રિપોર્ટમાં જણાવાયું હતું. આ રાજ્યોનો બેઝ નીચો હોવાથી તેઓ આગેવાની લેશે તેવી ધારણાં છે. આગામી પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પાછળ રૂપિયા ૧૦૦ ટ્રિલિયનના ઈન્વેસ્ટમેન્ટ કરાશે એવા બીજેપીના ચૂંટણી ઢંઢેરાની સરખામણીએ આ રકમ બમણી છે. રાજસ્થાન તથા ઉત્તર પ્રદેશ તાજેતરના વર્ષોમાં ઊંચા ખર્ચ કરનારા રાજ્યો હતા પરંતુ દેવાબોજમાં વધારો થતા તેઓ હાલમાં નાણાંભીડ અનુભવી રહ્યા છે. આગામી દાયકામાં દેશભરમાં રૂપિયા ૨૩૫ ટ્રિલિયનના ઈન્ફ્રાસ્ટ્રકચર સ્પેન્ડીંગની આવશ્યકતા છે.

## સેન્સેક્સ ૧૯૯ પોઈન્ટ ઉછળી ૪૧૦૨૧ નવી વિક્રમી ઊંચાઈએ

- **ઓટો, ઓઈલ-ગેસ, બેંકિંગ, ફાર્મા શેરોમાં ફંડોની તેજી**
- **અમેરિકા-ચાઈના ટ્રેડ ડીલની અપેક્ષાએ વૈશ્વિક બજારોમાં તેજી**

મુંબઈ : અમેરિકા-ચાઈના વચ્ચે ટ્રેડ ડીલ ડિસેમ્બર ૨૦૧૯ના અંત સુધીમાં થઈ જવાની અપેક્ષાએ અમેરિકી શેર બજારોમાં રેકોર્ડ તેજીની સાથે વૈશ્વિક બજારોમાં રિકવરીની હૂંફે અને હવે સંસદના શિયાળું સત્રમાં રજૂ થનારા વિવિધ બિલો થકી આર્થિક સુધારાને વેગ મળવાના આશાવાદે આજે ભારતીય શેર બજારોમાં ફરી ઈન્ડેક્સ બેઝડ રેકોર્ડ તેજી સાથે સેન્સેક્સમાં નવો વિક્રમ સર્જાયો હતો. આજે ઓટોમોબાઈલ, બેંકિંગ-ફાઈનાન્સ, ઓઈલ-ગેસ, મેટલ-માઈનીંગ, ફાર્માસ્યુટિકલ્સ, આઈટી-સોફટવેર સર્વિસિઝ, એફએમસીજી શેરોમાં લેવાલી થઈ હતી. રૂપિયા સામે અમેરિકી ડોલર આજે ૧૩ પૈસા ઘટીને રૂ.૭૧.૩૫ રહ્યો હતો. અલબત ઈન્ડેક્સ બેઝડ આજે અફડાતફડીમાં પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં મોટું ઓફલાડિંગ થતાં એક તબક્કે મોટાભાગનો સુધારો ધોવાઈ ગયો હતો. જે ફંડોની ફરી ઈન્ડેક્સ બેઝડ ફ્રન્ટલાઈન શેરોમાં લેવાલી થતાં અંતે સેન્સેક્સ ફરી ૪૧,૦૦૦ની સપાટી કુદાવી ૧૯૯.૩૧ પોઈન્ટ વધીને ૪૧૦૨૦.૬૧ અને નિફટી સ્પોટ ૬૩ પોઈન્ટ વધીને ૧૨૧૦૦.૭૦ નવી વિક્રમી ઊંચાઈએ બંધ રહ્યા હતા. સેન્સેક્સ ઉપરમાં ૪૧૦૭૫ અને નીચામાં ૪૦૮૪૮ વચ્ચે અથડાઈ અંતે ૧૯૯ પોઈન્ટ વધીને ૪૧૦૨૧ નવી ઊંચાઈએ ટ્રેડીંગની શરૂઆત આજે મજબૂતીએ થઈ હતી.

## ઓટો સેક્ટરમાં પણ મંદીનો માર : ટાટા કંપનીએ ૧૬૦૦ કર્મચારીઓને રિટાયર કર્યા

મુંબઈ : છેલ્લા ઘણા સમયથી ભારતીય અર્થતંત્ર પર મંદીના વાદળ છવાયા છે. જેના કારણે દેશના કેટલાક સેક્ટરમાં પ્રોડક્શનને માઠી અસર થઈ છે. આ સેક્ટર્સમાંથી મંદીની સૌથી વધુ અસર ઓટોમોબાઈલ સેક્ટરને થઈ છે. જેના કારણે સેક્ટરમાંથી કેટલીક કંપનીઓ તેના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરી રહી છે. આ યાદીમાં હવે દેશની પ્રમુખ મોટર નિર્માતા કંપનીઓમાંથી એક ટાટા મોટર્સનું નામ પણ સામેલ થયું છે. મીડિયા રિપોર્ટ મુજબ છેલ્લા ઘણા સમયથી મંદીના મારનો સામનો કરતા ઓટો સેક્ટરની ટાટા મોટર્સે તેના લગભગ ૧,૬૦૦ કર્મચારીઓને બળજબરી રિટાયરમેન્ટ આપ્યું છે. દેશની બીજા નંબરની વાહન નિર્માતા કંપનીએ અલગ-અલગ વિભાગના કર્મચારીઓને વીઆરએસ આપ્યું છે. રિપોર્ટ પ્રમાણે કર્મચારીઓ પર ખર્ચની સરખામણીએ કંપનીનું કુલ વેચાણ સપ્ટેમ્બરના ત્રિમાસિકગાળામાં ૧૦.૭ ટકાથી ઘટીને ૫.૯ ટકા પહોંચ્યું હતું.


DHAMMA TORANA

ONTARIO VIPASSANA CENTRE


Shri S.N. Goenka


Sayagyi U Ba Khin

Vipassana Meditation as taught by S.N.Goenka in the tradition of Sayagi U Ba Khin

Ontario Vipassana Centre, 6486 Simcoe County Road 56, Egbert, Ontario, L0L 1N0, Canada

CONTACT US

GENERAL +1705-434-9850 (info@torana.dhamma.org)

REGISTRATION +1705-434-9850 (registration@torana.dhamma.org)

www.torana.dhamma.org

CANADIAN CENTRES : Dhamma Suttama (QC), Dhamma Surabhi (BC), Dhamma Modana (BC), Dhamma Karuna (AB)

**કોણ ભાગ લઈ શકે ?**

વિપશ્યના બૌદ્ધ પરંપરામાં સુરક્ષિત રહી હોવા છતાં એમાં કોઈ સાંપ્રદાયિક તત્વ નથી. કોઈ પણ પૃષ્ઠભૂમિની વ્યક્તિ એને અપનાવી શકે છે અને એનો લાભ લઈ શકે છે. વિપશ્યનાની શિબિર એવા લોકો માટે છે કે જે ઈમાનદારીપૂર્વક આ વિધિ શીખવાની ઈચ્છા ધરાવે છે. એમાં કુળ, જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતા આડે આવતા નથી. હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી, યહૂદી, બૌધ્ધ સૌ કોઈ વિપશ્યના શિબિરોમાં સહજ રીતે જોડાઈ રહેલ છે. સામાન્ય માનવી માત્રથી આ સમન્વયની ભાવના અટકતી નથી. હિન્દુ મહંતો, જૈન મુનિઓ અને સાધ્વીજીઓ, બૌધ્ધ ભિક્ષુઓ, ખ્રિસ્તી પાદરીઓ એમ દરેક પરંપરાના ધર્મ ગુરુઓ આ સાધનામાં સંમિલિત થઈ રહ્યા

**ઓન્ટેરિયો વિપશ્યના સેન્ટરમાં કઈ કઈ શિબિરોનું આયોજન થાય છે ?**

અહીં મહીલા તથા પુરુષ સાધકો માટે ૧૦ દિવસની ધ્યાન શિબિરોનું અવિરત આયોજન થતું હોય છે. ૮ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે પણ ૧-૧ દિવસની શિબિર યોજાઈ છે. જેમણે વિપશ્યના સાધના હજુ સુધી બિલકુલ કરેલ જ નથી તેવા લોકો પણ આનાપાનની સાધના સમજે, શીખે, અને દરરોજ ઘેર જઈ સાધના કરે તેનુ માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

**વિપશ્યના શું છે?**

વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન સાધના વિધિ છે. વિપશ્યનાનો અર્થ થાય છે કે જે જેવું છે એને ઠીક એવી રીતે જ સ્વયંમએ અનુભવવું. વિપશ્યના આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અત્યંત પુરાતન સાધના વિધિ છે. જે જેવું છે, એને ઠીક એવી જ રીતે સ્વાનુભવના આધાર પર સમજવું એ વિપશ્યના છે. લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં આ પધ્ધતિ એક સાર્વજનીન રોગના સાર્વજનીન ઉપાય અર્થાત જીવન જીવવાની કળાના રૂપમાં શીખવવામાં આવતી હતી. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાના શરીર અને ચિત્તધારા પર પળે પળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતા કરતા સાધક અનિત્ય, દુઃખ અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્ત-વિશોધન અને સદગુણ-વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે સમાનરુપે કલ્યાણકારીણી છે. આ સાધના-વિધિનો ઉદેશ્ય વિકારોનું સંપૂર્ણ નિર્મૂલન અને પરમ વિમુક્તિની અવસ્થા સુધી પહોંચાડવાનો છે.

**વિપશ્યનાના લાભો**

વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર સાધક માનસિક વિકારો જેવાકે ક્રોધ, ડર, ચિંતા, લોભ, વ્યાકુળતા વિગેરેમાં થી કમશ : મુક્તિ મેળવે છે. તેમજ તે માનસિક તણાવો અને બેચેનીથી મુક્તિ મેળવી અને મનની વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરે છે. તે વર્તમાન પ્રત્યેની જાગૃતિ કેળવી અને મન પર નિયંત્રણ મેળવી ચારિત્રના નિમાર્ણ સાથે આત્મમંગલ કરતા સર્વ મંગલની ભાવના કેળવે છે. વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર બીજાના દુઃખો પ્રતિ અધિક સંવેદનશીલ થતા હોય છે. તદુપરાંત વ્યાકુળતા વગર મૈત્રી, કરૂણા અને સમતા સભર ચિત્તથી બીજાના દુઃખોને દુર કરવા દરેક રીતે પ્રયત્નશીલ બનતા હોય છે. એમનામાં એક પવિત્ર તટસ્થતા આવતી હોય છે, કે જેથી કરીને તેઓ મનનું સંતુલન ગુમાવ્યા વગર બીજાની મદદ કરવામાં પૂર્ણરૂપે વચનબધ્ધ બની રહે છે.

**એગબર્ટમાં વિવિધ શિબિરનું આયોજન**

૦૮ ડિસે.થી ૧૧ ડિસે.(૪ દિવસ) એગબર્ડ ખાતે

૧૧ ડિસે. થી ૨૨ ડિસે. (૧૦ દિવસ) એગબર્ડ ખાતે

રજિસ્ટ્રેશન માટે (registration@torana.dhamma.org) પર સંપર્ક કરો

**વિપશ્યના શિબિરમાં આવનાર દરેક સાધકનો રહેવાનો, ખાવા-પીવાનો કે સાધના શીખવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિશ્વભરની બધી વિપશ્યના શિબિરો જૂના સાધકોના સ્વેચ્છાથી અપાયેલા દાનથી ચાલતી હોય છે.**

# મહારાષ્ટ્રની રાજકીય ક્ષિતિજ પર શિવસેના, એનસીપી, કોંગ્રેસના ગઠબંધનનો ઉદય

# ૮૦ કલાકમાં સરકાર કડડભૂસ, ફડણવીસ ઘરભેગા

મુંબઇ : ૨૪ ઓક્ટોબરે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક મહિના પછી મંગળવારે નાટકીય ઘટનાક્રમ બાદ આખરે શિવસેના-એનસીપી-કોંગ્રેસની મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકારની રચના પર અંતિમ મહોર વાગી હતી. સોમવારે સુપ્રીમે ફલોરટેસ્ટનો આદેશ કર્યા બાદ તરત જ અજીત પવાર અને ત્યાર બાદ ફડણવીસે ગણતરીના કલાકોમાં રાજીનામાં ધરી દીધા હતા. બીજી તરફ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં ત્રણે પાર્ટીના નેતાઓએ મંગળવારે રાત્રે રાજભવન પહોંચી રાજ્યપાલ કોશયારી સમક્ષ સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો. રાજ્યપાલે બુધવારે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવાનો આદેશ આપ્યો હતો. તે ઉપરાંત નારાજ ગણાતા અજિત પવાર પણ મંગળવારે મોડી રાત્રે શરદ પવારને મળવા જતાં રાજકારણ



પલટાઈ ગયું હતું. આ અગાઉ મુંબઈની ટ્રાઇડન્ટ હોટેલ ખાતે મળેલી ત્રણે પક્ષના ધારાસભ્યોની બેઠકમાં શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને મહારાષ્ટ્ર વિકાસ અઘાડી ગઠબંધનના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટી કઢાયા હતા. બેઠકમાં શિવસેનાના નેતા એકનાથ શિંદેએ મહારાષ્ટ્ર વિકાસ અઘાડીની રચના અંગેનો ઠરાવ રજૂ કર્યો હતો. આ ઠરાવને એનસીપી નેતા નવાબ મલિક અને કોંગ્રેસના નીતિન રાઉતે સમર્થન આપી પસાર કરાવ્યો હતો. ત્યારબાદ એનસીપીના નેતા જયંત પાટિલ દ્વારા ગઠબંધનના નેતા અને મુખ્યમંત્રી તરીકે શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના નામનો પ્રસ્તાવ રજૂ કરાયો હતા જેને કોંગ્રેસના નેતા બાલાસાહેબ થોરાટે સમર્થન આપ્યું હતું. એનસીપીના પ્રમુખ શરદ પવારે બેઠકમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં બદલાવની જરૂર હતી.

## ૮૦ કલાક : ફડણવીસે મહારાષ્ટ્રના સૌથી ટૂંકા ગાળાના સીએમ તરીકેનો રેકોર્ડ નોંધાવ્યો

૨૩મી નવેમ્બરે દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ત્રણ દિવસ પછી રાજકીય દાવ-પેચ ઉંધા પડતા તેમણે રાજીનામુ આપી દીધું હતુ. તેઓ લગભગ ૮૦ કલાક માટે સીએમની ખુરશી પર બિરાજ્યા હતા. ફડણવીસે મહારાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી ટૂંકા મુખ્યમંત્રી તરીકે વિક્રમ સર્જી દીધો હતો.

| મુખ્યમંત્રી | રાજ્ય | સમય |
|---|---|---|
| જગદંબિકા પાલ | ઉત્તર પ્રદેશ | ૪૪ કલાક (૧૯૯૮) |
| બી.એસ.યેદીયુરપ્પા | કર્ણાટક | ૫૫ કલાક (૨૦૧૮) |
| દેવેન્દ્ર ફડણવીસ | મહારાષ્ટ્ર | ૮૦ કલાક (૨૦૧૯) |
| ઓમ પ્રકાશ ચોટાલા | હરિયાણા | ૬ દિવસ (૧૯૯૦) |
| નિતિશ કુમાર | બિહાર | ૮ દિવસ (૨૦૦૦) |
| બી.એસ.યેદીયુરપ્પા | કર્ણાટક | ૮ દિવસ (૨૦૦૭) |
| એસ.સી.મારક | મેઘાલય | ૧૨ દિવસ (૧૯૯૮) |

## મોદી-શાહનું ષડ્યંત્ર નિષ્ફળ નીવડ્યું' : સોનિયા ગાંધી

સોનિયા ગાંધીએ ગુરુવારે સવારે કહ્યું હતું કે હું યોગ્ય સમયે જે કહેવું હશે તે કહીશ. ઉદ્ધવ ઠાકરેના મુખ્ય પ્રધાન તરીકેના સોગનવિધિમાં હાજર રહેવાનું આમંત્રણ મને મળ્યું છે. તેમણે આશાવાદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે હવે આપણું ભવિષ્ય ઊજ્જવળ છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યપાલે તો મોદી અને શાહના કહેવા મુજબ પગલાં ભર્યાં હતાં. સુપ્રીમ કોર્ટમાં અપીલ થઇ ત્યારે ભાજપની પોલ ખુલી ગઇ અને મોદી-શાહે ઘડેલું કાવતરું ખુલ્લું પડી ગયું. ભાજપના પ્રયાસોને વિફળ કરવા હવે ત્રણે પક્ષો સંગઠિત થતાં ભાજપને પછડાટ ખાવી પડી છે.

## એનસીપીમાં સુપ્રિયાનું કદ અને માન બંને વધ્યાં

નેશનલ કોંગ્રેસ પક્ષ (એનસીપી)માં હવે શરદ પવારની સાંસદ પુત્રી સુપ્રિયાનું રાજકીય કદ અને મોભો પહેલાં કરતાં ઘણો વધી જશે. મહારાષ્ટ્રમાં સરકાર રચવાના મુદ્દે થયેલી ખેંચતાણ દરમિયાન સુપ્રિયાએ દાખવેલી સૂઝ સમજ અને અજિત પવારને પક્ષમાં પાછો લાવવાના એના પ્રયાસોની ખાસ્સી નોંધ લેવાઇ હતી. સુપ્રિયાએ અજિતને પછાડ્યો કહેવાય અને એને કદ પ્રમાણે વેતરી નાખ્યો. જો કે અન્ય એક અફવા એવી પણ છે કે ભાજપને નીચો દેખાડવા આ આખીય રાજરમત પવારની હતી.

## પીએમની ઇમેજ ઝંખવાઇ : સાંસદોમાં ગણગણાટ

મહારાષ્ટ્રમાં જે રીતે ભાજપના નેતા દેવેન્દ્ર ફડનવીસે સરકાર રચી અને માત્ર ગણતરીના કલાકોમાં રાજીનામું આપ્યું તેનાથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઇમેજ ઝંખવાઇ હોવાનો ગણગણાટ સાંસદોમાં થઇ રહ્યો હતો. અન્ય પક્ષો તો ઠીક, ખુદ ભાજપના સાંસદોમાં એવો સૂર હતો કે આત્મવિશ્વાસના અતિરેકમાં આવી જઇને જે પગલાં ભરવામાં આવ્યાં એ બૂમરેંગ થયાં હતાં. આથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ બંનેને પારાવાર નુકસાન થયું હતું. હવે મહારાષ્ટ્રમાં શિવસેનાની સરકાર સ્થપાઇ હોવાથી શિવસેન વધુ મજબૂત થશે.

## સોનિયા અને શરદ પવારે સત્તા માટે સોદાબાજી કરી : અમિત શાહ

મહારાષ્ટ્રમાં શિવસેના, એનસીપી અને કોંગ્રેસનાં 'મહા અઘાડી વિકાસ ગઠબંધન' દ્વારા બનવા જઇ રહેલી સરકાર પર ગૃહ પ્રધાન અને ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહએ સવાલ ઉઠાવ્યા છે. અમિત શાહે કોંગ્રસનાં વચગાળાનાં અધ્યક્ષ સોનિયા ગાંધી અને એનસીપી પ્રમુખ શરદ પવાર પર આરોપ લગાવ્યો છે કે આ બંનેએ મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે સોદાબાજી કરી છે. તેમણે આરોપ લગાવ્યો કે ૫૬ બેઠકો મેળવનારી શિવસેનાને મુખ્ય પ્રધાન પદ આપીને તેમનું સમર્થન મેળવ્યું છે. શાહે કહ્યું કે આ રાજનૈતિક શોદાબાજી નથી તો બીજુ શું છે. તેમણે કહ્યું કે, શિવસેના અને ભાજપ કરીને ચુંટણી લડ્યા હતાં. મહારાષ્ટ્રની જનતાએ બંને પાર્ટીઓને સમર્થન આપ્યું હતું. પરંતું જ્યારે સરકાર બનાવવાનો વારો આવ્યો તો શિવસેનાએ ગઠબંધન તોડી નાખ્યું અને અલગ જ વિચારધારાવાળી પાર્ટી સાથે મિલાવી લીધો છે.

## મહારાષ્ટ્રના મહાભારતનો નાટ્યાત્મક ઘટના ક્રમ

- ૨૧ ઓક્ટો. ૨૮૮ બેઠક માટે ચૂંટણી યોજાઇ
- ૨૪ ઓક્ટો. ચૂંટણીનું પરિણામ જેમાં ભાજપને ૧૦૫, શિવસેનાને ૫૬, ગદઝૅને ૫૪, કોંગ્રેસને ૪૪ બેઠકો મળી
- ૯ નવેમ્બર શિવસેના સાથે ૫૦-૫૦ના ઝઘડ પછી ભાજપને સરકાર રચવા ૪૮ કલાક આપવામાં આવ્યા
- ૧૦ નવેમ્બર ભાજપે સરકાર રચવા ઈન્કાર કર્યો
- ૧૦ નવેમ્બર રાજ્યપાલ દ્વારા શિવસેનાને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું અને તેના માટે ૨૪ કલાક જ આપવામાં આવ્યા
- ૧૧ નવેમ્બર શિવસેનાએ સરકાર રચવાનો દાવો કર્યો અને સમર્થનપત્રો જમા કરાવવા માટે ત્રણ દિવસની સમયસીમા માગી
- ૧૧ નવેમ્બર રાજ્યપાલે શિવસેનાનો દાવો ફગાવી એનસીપીને સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું.
- ૧૨ નવેમ્બર શિવસેનાએ સરકાર રચવાના દાવાને ખારીજ કરવા સામે સુપ્રીમમાં કેસ કરવામાં આવ્યો
- ૧૨ નવેમ્બર મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ
- ૨૨ નવેમ્બર શિવસેના, એનસીપી અને કોંગ્રેસે મહાવિકાસ અઘાડીના નામે ચૂંટણી બાદનું જોડાણ કર્યું. ઉદ્ધવને સીએમ બનાવવા સહમતી
- ૨૩ નવેમ્બર પરોઢિયે રાષ્ટ્રપતિ શાસન દૂર થયું, વહેલી સવારે ફડણવીસે સીએમપદે અને અજિત પવારે ડે. સીએમપદે શપથ લીધાં
- ૨૩ નવેમ્બર રાજ્યપાલના નિર્ણય વિરુદ્ધ સુપ્રીમમાં તાકીદે સુનાવણીની અરજી કરવામાં આવી
- ૨૪ નવેમ્બર સુપ્રીમે સુનાવણી કરી અને ચુકાદો બીજા દિવસ ઉપર મોકૂફ રાખ્યો
- ૨૫ નવેમ્બર સુપ્રીમે સુનાવણી કરી અને ચુકાદો વધુ એક દિવસ માટે મોકૂફ રાખ્યો
- ૨૫ નવેમ્બર હોટેલ હયાતમાં ૧૬૨ કરતા વધારે ધારાસભ્યોની પરેડ કરાવીને શિવસેના, એનસીપી અને કોંગ્રેસનું શક્તિ પ્રદર્શન
- ૨૬ નવેમ્બર સુપ્રીમે બુધવારે સાંજે ૫ કલાકે ફ્લોર ટેસ્ટ કરવાનો આદેશ આપ્યો
- ૨૬ નવેમ્બર બપોરે અજિત પવારે ડે. સીએમપદે રાજીનામું આપ્યું
- ૨૬ નવેમ્બર બપોરે 3:30 કલાકે ફડણવીસ પણ પદ ઉપરથી રાજીનામું આપી દીધું
- ૨૬ નવેમ્બર સાંજે ૭:30 કલાકે ઉદ્ધવ ઠાકરેને મહા વિકાસ અઘાડીના નેતા અને સીએમપદના ઉમેદવાર જાહેર કરાયા.

# રાહુલ ગાંધીનાં કારણે એક તબક્કે બગડ્યો હતો ઉદ્ધવ-પવારનો ખેલ!

**• અહમદ પટેલ શરદ પવારનાં પ્રસ્તાવ પર તરત જ તૈયાર થઈ ગયા**

-મહારાષ્ટ્રમાં આખરે શિવસેના-એનસીપી અને કોંગ્રેસની સરકાર બની ગઈ છે, પરંતુ આ ગઠબંધનની ઔપચારિક જાહેરાતમાં જે મોડું થયું તેણે એક સમયે સરકાર બનવાની સંભાવનાઓ જ ખત્મ કરી દીધી હતી. શનિવાર સવારે જ્યારે દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી અને અજિત પવારે ઉપ-મુખ્યમંત્રી પદનાં શપથ લીધા, તો ત્રણેય પ ાર્ટીઓનાં કેટલાક નેતાઓએ ઔપચારિક જાહેરાતમાં મોડું થવાને જવાબદાર ઠેરવ્યું. આવામાં પ્રશ્ન ઉઠાવવો યોગ્ય છે કે આખરે મોડું કેમ થયું હતુ? સૂત્રોનું માનીએ ૧૨ નવેમ્બરનાં ફડણવીસનાં રાજીનામા સુધી એનસીપી અને શિવસેનામાં સહમતિ બની ગઈ હતી, પરંતુ મામલો દિલ્લીમાં અટકાયેલો હતો. રાહુલ ગાંધી કેમ્પ શિવસેના સાથે સરકાર બનાવવાની એકદમ વિરુદ્ધ હતો. કૉંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની હા બાદ રાહુલ ગાંધી કેમ્પનાં નેતાઓએ શિવસેના સામે નવી શરતો રાખી જેમાં વીર સાવરકરનાં મુદ્દાથી અંતર રાખવું, હિંદુ રાષ્ટ્રવાદથી અલગ થવું, મરાઠી રાજનીતિથી અલગ થવા જેવા વિવાદાસ્પદ મુદ્દાઓ સામેલ હતા. તેમા કે.સી. વેણુગોપાલનું નામ સૌથી આગળ આવી રહ્યું છે. ગુલામ નબી આઝાદ પણ આ સરકારનાં ગઠનની વિરુદ્ધ હતા.

# અજિત પવારના રૂ.૭૦ હજાર કરોડના સિંચાઈ કૌભાંડમાં ૯ કેસ ઉપર પડદો

મુંબઈ : મહારાષ્ટ્રમાં શનિવારે ભાજપ સાથે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લેનાર અનેસીપીના નેતા અજિત પાવર સામેના સિંચાઈ કૌભાંડના ૯ કેસો સરકારે પરત ખેંચી લીધા હતા. સિંચાઈ કૌભાંડમાં તેમની સામેની તપાસ સ્તરના કેટલાંક કેસ બંધ કરવામાં આવ્યા છે. આ પૂર્વે અહેવાલમાં જણાવાયું હતું કે સિંચાઈ કૌભાંડમાં અજિત પવાર સામેના કેસ બંધ કરવામાં આવ્યા છે. હવે આ સિંચાઈ કૌભાંડની કેટલીક ફાઈલ્સ બંધ કરવાનો આદેશ એસીબીના અમરાવતી વિભાગે આપ્યો છે. આ આદેશથી નવ પ્રકલ્પ સંબંધી ફાઈલ બંધ કરવાનો આદેશ હોવાનું અને તેના પર બિપીન કુમાર સિંહની સહી છે આગુપ્ત પત્ર મીડિયા સમક્ષ જાહેર થયો છે. આમાં વિદર્ભ ડે વિકાસમહામંડળ હેઠળ આવતા વાશીમ, યવતમાળ,અમરાવતી, બુલઢાણા જિલ્લાના પ્રકરણનો સમાવેશ થાય છે. ભવિષ્યમાં સરકારે અથવા કોર્ટે કોઈ આદેશ અથવા નિર્દેશ આપ્યો તો જરૂર પડયે ફરી તપાસ કરવામાં આવી શકે છે એવી સ્પષ્ટતા સાથે ફાઈલ બંધ કરાઈ છે. આ પત્ર મુંબઈ એસીબી ડિરેક્ટર જનરલની કચેરીથી રવિવારે જ અમરાવતી પોલીસ સુપરિન્ટેન્ડન્ટને રવાના કરાયો હતો. આ પ્રકરણે જોકે મહારાષ્ટ્ર એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)એ સ્પષ્ટતા બહાર પાડીને જણાવ્યું છે કે આ કેસ રૂટીન પ્રકારના છે. આમાં કેટલાંક ગુનાહિત પ્રવૃત્તિના છે અને કેટલાંક વિભાગીય કેસ છે. કેટલાંક તપાસ સ્તરના છે.

# ભારતની આંખ મનાતા કાર્ટોસેટ-૩નું સફળ લોન્ચિંગ વિદેશના ૩૧૦ સેટેલાઈટને લોન્ચ કરવાનો રેકોર્ડ

શ્રીહરિકોટા : ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ ફરી એક વાર ઈતિહાસ રચીને બુધવારે સવારે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા અંતરીક્ષ કેન્દ્રના લોન્ચપેડ પરથી આકાશમાં ભારતની આંખ ગણવામાં આવતા કાર્ટોસેટ-૩નું સફળતાપૂર્વક લોન્ચિંગ કર્યું છે. આ સાથે ઈસરોએ અમેરિકાના ૧૩ નેનો સેટેલાઈટોને પણ એમની ઓર્બિટમાં સફળતાપૂર્વક પ્રસ્થાપિત કર્યા છે. આમ એક જ પીએસએલવી-સી૪૭ રોકેટ દ્વારા ૧૪ સેટેલાઈટ છોડવામાં આવ્યા હતા. પીએસએલવીની આ ૪૯મી ફ્લાઈટ હતી. ભારતે બુધવારે લોન્ચ કરેલો કાર્ટોસેટ-૩ એ નવમો રિમોટ સેન્સિંગ સેટેલાઈટ છે. આ સેટેલાઈટથી ભારત આસપાસના દેશોની હિલચાલ પર આસાનીથી નજર રાખી શકશે.

ઈસરોની આ ઉપલબ્ધિ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યા છે. ઈસરોના ચીફ કે. સિવાને પણ ખુશાલી વ્યક્ત કરી છે.

૧૪ સેટેલાઈટોને લઈને સવારે ૯.૨૭ મિનિટે ઊપડેલા રોકેટે ૧૭ મિનિટ બાદ કાર્ટોસેટ-૩નો પોલાર સન સિન્ક્રોનસ ઓર્બિટમાં મૂક્યો હતો. ત્યાર બાદ ૧૦ મિનિટમાં ૧૩ નેનો સેટેલાઈટોને પ્રસ્થાપિત કર્યા હતા. કાર્ટોસેટ-૩ પૃથ્વીથી ૫૦૯ કિલોમીટરની ઊંચાઈએ ૯૭.૫ ડિગ્રીના ઝુકાવ સાથે પરિભ્રમણ કરશે. ૧,૬૦૦ કિલોગ્રામનો આ સેટેલાઈટ પાંચ વર્ષ સુધી ઓર્બિટમાં કામ કરશે. કાર્ટોસેટ-૩ એ ઉચ્ચતમ રિઝોલ્યુશન ધરાવતો નાગરી સેટેલાઈટ છે. એના કેમેરામાં લગાવવામાં આવેલા લેન્સ અત્યાધુનિક છે અને એનાથી ભારત એના પાકિસ્તાન સહિતના પાડોશી દુશ્મન દેશો પર નજર રાખી શકશે. કાર્ટોસેટ-૩ એ આ સિરીઝનો ૯મો સેટેલાઈટ છે જે થર્ડ જનરેશનનો છે. ૫૦૯ કિલોમીટરની ઊંચાઈથી પણ એ પૃથ્વીની સ્પષ્ટ તસવીરો લઈ શકશે.


કલાસીફાઈડ / Classified

PIZZA STORE FOR SALE

"2-4-1 Pizza For Sale in Ajax. Exciting Opportunity! Great Location! Great Profits! Same owner since 1992 now ready to retire. Rent $3,000/month inc HST. Sales $12,000/week. Please Call Zibby - 416-824-6279."


## PMને જ SPG સુરક્ષા, ૫૬ છોડયા બાદ પાંચ વર્ષ જ લાભ : અમિત શાહ



નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે લોકસભામાં એસપીજી સુધારા બિલ રજૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે બિલ અંગે કેટલીક સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે આ બિલ પસાર થઈ ગયા બાદ માત્ર વડા પ્રધાન હોય તેને જ એસપીજી સુરક્ષા આપવામાં આવશે, જ્યારે પૂર્વ વડા પ્રધાન અને તેમના પરિવારને એસપીજી સુરક્ષાની કોઈ જરુર ન હોવાથી તેને પરત લઈ લેવામાં આવશે. જોકે કોંગ્રેસે લોકસભામાં બિલનો વિરોધ કરી લોકઆઉટ કર્યો હતો પણ બિલ અંતે પસાર કરી દેવામાં આવ્યું હતું અને હવે તેને રાજ્યસભામાં મોકલવામાં આવશે. ગાંધી પરિવારની એસપીજી સુરક્ષા હટાવી લેવામાં આવી હોવાથી વિવાદ થયો હતો. આ પરિસ્થિતિ વચ્ચે વિપક્ષે ભારે વિરોધ કર્યો હતો.

## કોચીમાં તૃપ્તિ દેસાઈ અને સાથીઓ પર હુમલો કરનારની ધરપકડ કરાઈ

કોચી : સબરીમાલા જવા માટે કોચી પહોંચેલી સામાજિક કાર્યકર તૃપ્તિ દેસાઈ અને એમના સાથીઓ પર એક વ્યક્તિએ હુમલો કર્યો હતો. જો કે હાજર રહેલા પોલીસ દળે તરત હુમલાખોરને પકડી લીધો હતો. સુપ્રીમ કોર્ટે આ મુદ્દો સાત જજોની બનેલી મોટી બેન્ચને સોંપી દીધો હતો. જો કે કોર્ટે એ પહેલાં ૨૦૧૮ના સપ્ટેંબરની ૨૦મીએ પોતે આપેલા ચુકાદાને રદ કર્યો નહોતો. આ ચુકાદામાં ૧૦થી ૫૦ વર્ષની મહિલાઓને સબરીમાલામાં દર્શન કરતાં અટકાવવી કે રોકવી નહીં એવું જણાવાયું હતું. સબરીમાલાના વ્યવસ્થાપકોની દલીલ એવી છે કે જે પરંપરા ચાલી આવે છે એને કોર્ટ રદ કરી શકે નહીં.

# છેલ્લા ત્રણ વર્ષમાં ૬૫ ભારતીયોને વિદેશમાં બંધક બનાવાયા : સરકાર

- ૬૫ પાકી નાઈજિરિયામાં સૌથી વધુ ૩૨, કેન્યામા ૧૦, અફઘાનિસ્તાનમાં ૯ ભારતીયોનું અપહરણ

નવી દિલ્હી : ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન કુલ ૬૫ ભારતીયોને વિવિધ દેશોમાં બંધક બનાવવામાં આવ્યા હતાં તેમ સરકારે આજે લોકસભામાં જણાવ્યું હતું. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં વિદેશ મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન વી મુરલિધરે જણાવ્યું હતું કે સરકારે કેટલાક વર્ષોમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે સ્પેશિયલ ઓપરેશન હાથ ધર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે અપહરણ કરાયેલા ૬૫ ભારતીયો પૈકી સૌથી વધુ ૩૨ નાઈજિરિયામાં, કેન્યામાં ૧૦, અફઘાનિસ્તાનમાં ૯, મ્યાનમારમાં પાંચ, દક્ષિણ આફ્રિકામાં ત્રણ, ક્યુબામાં બે, દક્ષિણ સુદાનમાં બે, ઇરાકમાં એક તથા સર્બિયામાં એક ભારતીયનો સમાવેશ થાય છે.

મુરલીધરને જણાવ્યું હતું કે વિદેશમાં ભારતીયોની સુરક્ષા સરકારની સૌથી મોટી ચિંતા છે. આ માટે ભારત સરકાર સંઘર્ષ દેશોમાં ભારતીયોની સ્થિતિ પર ઝીણવટભરી નજર રાખે છે. એક અન્ય પ્રશ્નના જવાબમાં પ્રધાને જણાવ્યું હતું કે હાલમાં ભારતીય નાગરિકોને ૧૬ દેશોમાં વિઝા ફ્રી એસેસ મળે છે જ્યારે ૩૮ દેશોમાં ભારતીયોને વિઝા ઓન એરાઈવલની સુવિધા મળે છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં મુરલીધરને જણાવ્યું હતું કે ૨૦૧૬-૧૭માં ભારતે યુએનને ૬૨.૧૯ કરોડ રૂપિયા, ૨૦૧૭-૧૮માં ૧૭૮.૬૮ કરોડ રૂપિયા અને ૨૦૧૮-૧૯માં ૧૬૨.૮૮ કરોડ રૂપિયા આપ્યા હતાં.

# સાત અફઘાન પ્રવાસીઓ પાસેથી ૯.૭૮ કરોડનું હેરોઈન ઝડપાયું

- અગાઉ, સપ્ટેમ્બરમાં પણ હેરોઈનની પડીકીઓ ગળી જઈને દેશમાં ઘૂસાડવાનો નિષ્ફળ પ્રયાસ થયો હતો

નવીદિલ્હી : કસ્ટમ સત્તાવાળાઓએ ગઈ તા.૧૬ નવેમ્બરે, દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૯.૭૮ કરોડ રૂપિયાની કિંમતના હેરોઈન સાથે સાત અફઘાન નાગરિકોને ઝડપી લીધા હતા.

દેશમાં દાણચોરીથી હેરોઈનને ઘૂસાડવાનો પ્રયત્ન કરી રહેલા અફઘાન નાગરિકોને ગઈ તા.૧૬ નવેમ્બરે તેઓ અફઘાનિસ્તાનના કંદહાર ખાતેથી દિલ્હી એરપોર્ટ પર ઉતર્યા ત્યારે એમને આંતરવામાં આવ્યા હતા. પ્રવાસીઓની તબીબી ચકાસણી કરાતા તેઓ જેને ગળી ગયા હતા એવી ૯.૭૮ કરોડ રૂપિયાની કિંમતના ૧.૯૫ કિલોગ્રામ હેરોઈનની ૨૧૪ કેપ્સ્યુલ એમની પાસેથી મળી આવી હતી.હેરોઈનને જપ્ત કરીને અફઘાન પ્રવાસીઓને અટક કરાયા હતા. સપ્ટેમ્બરમાં, આજ પધ્ધતિથી દેશમાં ૧૫ કરોડ રૂપિયાનું હેરોઈન ઘૂસાડતા પાંચ અફઘાનોને ઝડપી લેવાયા હતા, એમ કસ્ટમ સત્તાવાળાઓની યાદીમાં જણાવાયું છે.

# બિહારમાં કંપનીના કર્મચારીઓને બંદૂક બતાવી રૂ. ૨૦૫ કરોડના સોનાની લૂંટ

હાજીપુર : બિહારના વૈશાલી જિલ્લામાં ગોલ્ડ લોન આપતી કંપનીના શાખામાં આજે બંદૂકધારી ડાકુઓ ત્રાટક્યા હતા અને કરોડો રૂપિયાના પચાસ કિલો સોનાની લૂંટ ચલાવી હતી, એમ પોલીસે કહ્યું હતું. ટાઉન પોલીસ સ્ટેશન હેઠળ સિનેમા રોડ શાખામાં આજે બપોરે આ ઘટના બની હતી. 'આઠ બંદુકધારીઓ આવ્યા હતા. તેમણેબંદુકની અણીએ સ્ટાફને બંધક બનાવી લૂંટ ચલાવી હતી. સ્ટાફના સભ્યો અને ચોકીદારે ડાકુઓનો સામનો કરતા ડાકુઓએ તેમને ખૂબ માર્યા હતા'એમ પોલીસ આઈજી તિરહુટ રેન્જ, ગણેશ કુમારે પત્રકારોને કહ્યું હતું. શાખાના મેનેજરે તેમની શાખામાંથી રૂપિયા ૨૦૫ કરોડનું પંચાવન કિલો સોનું લૂંટાયું હોવાનો દાવો કર્યો હતો.

'અમે તેમના દાવાની ચકાસણી કરી રહ્યા છીએ અને ડાકુઓને શોધવાની શરૂઆત કરી હતી'એમ તેમણે કહ્યું હતું. બિહારમાં ૨૨ કેરેટના સોનાનો ભાવ રૂપિયા ૩૬૪૫ છે જ્યારે ૨૪ કેરેટના સોનાનો ભાવ તેના કરતાં ૨૦૦ રૂપિયા વધારે છે.



# ઝારખંડઃ કોંગ્રેસે મેનિફેસ્ટો જાહેર કર્યો, યુવાનોને રોજગારી ભથ્થું,

નવી દિલ્હી : ઝારખંડમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે પોતાનો મેનિફેસ્ટો જાહેર કર્યો છે. જેમાં કોંગ્રેસે જણાવ્યું છે કે, તેની સરકાર બની તો ખેડૂતોને ૨ લાખ રૂપિયાની લોનને માફ કરી દેવામાં આવશે. આ સિવાય યુવાઓને રોજગાર ભથ્થુ આપવામાં આવશે અને દરેક ઘરમાં એક નોકરી આપવામાં આવશે.

આ સિવાય કોંગ્રેસે પોતાના મેનિફેસ્ટોમાં વચન આપ્યું છે કે, રાજ્યમાં ખાલી પડેલી સરકારી નોકરીની જગ્યા ૬ મહિનામાં ભરવામાં આવશે. ખેડુતોને અનાજ ખરીદી પર સરકાર ૨૫૦૦ રૂપિયા આપશે. લઘુ વન ઉપજ માટે કાયદો લાવવામાં આવશે. સરકારી કામકાજ માટે ઓફિસોનું ચક્કર લગાવવું નહી પડે કારણ કે ડોર ટૂ ડોર કાગળો પહોંચાડવામાં આવશે.

આ ઉપરાંત કોંગ્રેસે પોતાના મેનિફેસ્ટોમાં ઘરેલું વિજળીના દર અને પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો, મહિલાઓ માટે વુમન હેલ્પલાઈન, મોબ લિંચિંગ પર કાયદો બનાવાશે,ખાનગી શાળાની એક ફી નક્કી કરાશે સહિતના વચનો આપ્યા છે.

## પ્રદુષણથી રાજધાની નરકથી પણ બદતર બની ગઈ : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના જળ પ્રદુષણના રિપોર્ટ પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકાર બંન્નેને ફટકાર લગાવી છે. કોર્ટે મામલે કહ્યું કે, દિલ્હીની સ્થિતી નરકથી પણ ખરાબ છે. પ્રદુષણને લઈને સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ પાસેથી દિલ્હીમાં ચાલી રહેલી ફેક્ટરીઓ પર રિપોર્ટ ફાઈલ કરવા કહ્યું છે જેમાં તેની ખરાબ અસરની જાણકારી આપવામાં આવશે. જસ્ટીસ અરૂણ મિશ્રાની અધ્યક્ષતાવાળી બેંચે સીપીસીબીને દિલ્હીની ફેક્ટ્રીઓ પર રિપોર્ટ આપવા જણાવ્યું છે.

અનુસંધાન પેજ નંબર 04

## મહારાષ્ટ્રના રાજકારણમાં પવાર...

મુખ્યમંત્રીપદને લઈને વિખવાદ સર્જાયા બાદ શિવસેનાએ એનસીપી તરફ મુખ ફેરવ્યું હતુ. શરદ પવારે આ તકનો બરાબર લાભ લીધો અને ઉદ્ધવ ઠાકરેના મુખ્યમંત્રી બનવાના સપનાને પૂરેપૂરી હવા આપી. શિવસેનાનો સાથ છૂટયા બાદ ભાજપ પાસે બીજા પક્ષોના ધારાસભ્યોને તોડવાનો માર્ગ જ બચ્યો હતો. ભાજપે તેમાં ધમપછાડા પણ કરી જોયા, પરંતુ શરદ પવારે ત્રણેય પાર્ટીના ધારાસભ્યોને સાથે રાખવામાં જે પ્રકારે સફળતા મેળવી તેનાથી ભાજપની ગંદી રાજનીતિ ઉઘાડી પડી ગઈ છે. ગુરુવારે આ ત્રણેય પાર્ટીઓએ સરકાર રચવા પહેલા મહારાષ્ટ્રમાં કોમન મિનિમમ પ્રોગ્રામની જાહેરાત પણ કરી. જેમાં ખેડૂતોના વિકાસને મુખ્ય મુદ્દો બનાવાયો છે. ગુરુવારે જ સાંજે ૬.૪૦ કલાકે મુંબઈના શિવાજી પાર્ક ખાતે ૫૦ હજારથી પણ વધુ લોકોની હાજરીમાં મુખ્યમંત્રીપદે ઉદ્ધવ ઠાકરેની તાજપોશી થઈ. આ સમયે શરદ પવાર સહિત દેશના અનેક દીગ્ગજ નેતાઓએ હાજરી આપી. આમ મહારાષ્ટ્રમાં શિવસેના સાથે મળીને ચૂંટણી લડેલા ભાજપના સત્તાના સપના રોળાઈ ગયા છે. મહારાષ્ટ્રમાં ભાજપને તેનો અહમ જ નડી ગયો છે તેવું પણ રાજકીય પંડિતો માની રહ્યા છે.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧) બંધબેસતું (૩) સમોવડ (૬) અંગદ (૭) નમતું (૯) ધજા (૧૦) કપટ (૧૨) મરામત (૧૪) અડીખમ (૧૫) લાપરવા (૧૮) ત્વરા (૨૦) કડ (૨૧) તલાશ (૨૩) જીવ (૨૫) નવરું (૨૮) રજા (૩૦) અભાગિયું (૩૧) રામ (૩૨) પાત (૩૪) જાગ (૩૫) હાંજા (૩૬) કાતડી **ઊભી ચાવી :** (૧) બંધન (૨) બેસતું (૩) સગ (૪) મોદક (૫) ડપર (૬) અંજામ (૮) મટોડી (૯) ધરા (૧૧) પસાર (૧૨) મમત્વ (૧૩) તલાક (૧૪) અસિત (૧૬) પડન (૧૭) વાયરું (૧૯) રાજી (૨૨) ભાગંભાગ (૨૪) વરરાજા (૨૬) વલોપાત (૨૭) ખોયું (૨૯) જામ (૩૦) અજા (૩૩) તડી

# અમેરિકામાં ૧ અબજ ડોલરના કૌભાંડમાં ભારતીય મૂળના ૩ એક્ઝિક્યુટિવ દોષિત

**• આઉટકમ હેલ્થના સહ સ્થાપકો રિશી શાહ, શ્રદ્ધા અગ્રવાલ, પૂર્વ એક્ઝિ. આશિક દેસાઈ સહિત છ દોષિત**

વોશિંગ્ટન : શિકાગો સ્થિત હેલ્થ ટેક સ્ટાર્ટ અપ આઉટકમ હેલ્થના પૂર્વ એક્ઝિક્યૂટીવને ફેડરલ ઓથોરિટીએ દોષિત ઠેરવ્યા છે. ભારતીય મૂળના ત્રણ પૂર્વ એક્ઝિકયૂટીવ પર ફ્રોડ સ્કીમ દ્વારા એક અબજ ડોલર એકત્ર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસના જણાવ્યા અનુસાર આઉટકમ હેલ્થના સહ સ્થાપકો ૩૩ વર્ષીય રિશી શાહ, ૩૪ વર્ષીય શ્રદ્ધા અગ્રવાલ અને પૂર્વ એક્ઝિકયૂટીવ ૨૬ વર્ષીય આશિક દેસાઈ સહિતના છ આરોપીઓએ કંપનીના કલાયન્ટ, લેણદારો અને રોકાણકારો સાથે છેતરપિંડી આચરી હતી.

ન્યાય વિભાગના ક્રિમિનલ ડિવિઝનના પ્રિન્સિપલ ડેપ્યુટી આસિસ્ટન્ટ એટર્ની જનરલ જોહ્ન પી ક્રોનાનના જણાવ્યા અનુસાર આઉટકમના પૂર્વ એક્ઝિક્યૂટીવ અને કર્મચારીઓએ લેણદારો, કલાયન્ટ, રોકાણકારો અને પોતાના ઓડિટર્સને ખોટી રીતે વધુ આવક દર્શાવી હતી.

ક્રોનાને વધુમાં જણાવ્યું હતું કે વધુ મૂડી મેળવવા અને અંગત લાભ માટે ખોટા આકંડા રજૂ કરવાનો અપરાધ કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહી. શાહ અને અગ્રવાલે સાથે મળીને હેલ્થકેર એડવર્ટાઈઝિંગ કંપનીની શરૂઆત કરી હતી. જસ્ટિસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર ૨૦૧૧થી ૨૦૧૭ દરમિયાન પૂર્વ એક્ઝિકયૂટીવ્સે જાહેરાત સાધનો પાછળ લાખો ડોલરનો ખર્ચ કર્યો હતો અને આ વાસ્તવમાં આ સાધનો કંપનીમાં હતા જ નહીં. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર એક અબજ ડોલરનું ભંડોળ એકત્ર કરવા માટે આ ખર્ચના આંકડા દર્શાવવામાં આવ્યા હતાં.

# એમેઝોન બાદ કેલિફોર્નિયાના લોસ પડ્રેસ નેશનલ ફોરેસ્ટમાં દાવાનળ

**• ૪,૦૦૦ લોકોએ સ્થળાંતરણ કરેલું, હેલિકોપ્ટર વડે આગ કાબૂમાં લેવા પ્રયાસ કરાયો, વીજ પુરવઠો રોકાયો**

કેલિફોર્નિયા : એમેઝોનના જંગલો બાદ હવે કેલિફોર્નિયાના લોસ પડ્રેસ નેશનલ ફોરેસ્ટમાં વિકરાળ આગ ફાટી નીકળી છે. જંગલના આશરે ૧૭.૪ વર્ગ કિમિ ક્ષેત્રમાં આગ ફેલાઈ ચુકી છે અને હવાની ગતી ખૂબ જ તેજ હોવાના કારણે તેને કાબૂમાં લેવામાં ખૂબ મુશ્કેલી અનુભવાઈ રહી છે. કેલિફોર્નિયાના લોસ પડ્રેસ નેશનલ ફોરેસ્ટમાં લાગેલી આગને કાબૂમાં લેવા માટે ફાયર ડિપાર્ટમેન્ટના આશરે ૬૦૦ જેટલા કર્મચારીઓ પ્રયત્નો કરી રહ્યા છે અને આગને હોલવવા માટે હેલિકોપ્ટર્સની મદદ પણ લેવાઈ રહી છે.

જાણવા મળ્યા મુજબ સોમવારે લોસ પડ્રેસ નેશનલ ફોરેસ્ટમાં એક વિસ્ફોટ થયો હતો અને ત્યાર બાદ સાંતા બારબરા અને ગોલેટા શહેરો પાસે આશરે ૧૭.૪ વર્ગ કિમી(૧,૭૪૦ હેક્ટર) જમીન સળગી ગઈ હતી. ત્યાર બાદ આગે વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું હતું અને ભારે પવનના કારણે તેમાં વધારો થયો હતો જેથી આસપાસના વિસ્તારોમાં રહેતા હજારો લોકોએ પોતાનું ઘર છોડી સુરક્ષિત સ્થળે સ્થળાંતરણ કરવું પડયું હતું. અગ્નિશામક દળના અધિકારીઓ આગને કાબૂમાં લેવા હેલિકોપ્ટર અને ફિક્સ્ડ વિંગ વિમાનોની મદદ લઈ રહ્યા છે.

# બાજવાનું એક્સટેન્શન સુપ્રીમ કોર્ટે રદ કરી દેતાં ઈમરાન ડર્યા

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ કમર જાવેદ બાજવાને અપાયેલા એક્સટેન્શનને દેશની સુપ્રીમ કોર્ટે રદ કરતાં વડા પ્રધાન ઈમરાન ખાન ગભરાઈ ગયા હતા એમ એક ટીવી ચેનલે કહ્યું હતું. મંગળવારે મળેલી પ્રધાનમંડળની બેઠકમાં એજન્ડા પરના બીજા બધા મુદ્દાને પડતા મૂકીને આ મુદ્દો છવાઈ ગયો હતો.

કાયદા ખાતાએ સમયસર સુપ્રીમ કોર્ટને દસ્તાવેજો નહીં મોકલીને બેદરકારી દાખવી હતી એવું ગુસ્સામાં કહીને ઈમરાન ખાને પોતાના કાયદા પ્રધાન ફરોગ નસીમનું રાજીનામું માગી લીધું હતું. આમ સુપ્રીમ કોર્ટ પરનો ગુસ્સો ઈમરાન ખાને પોતાના સાથી પ્રધાન પર ઠાલવ્યો હતો એમ જિયો ઊર્દૂ ન્યૂઝ ચેનલે જણાવ્યું હતું.

અગાઉ ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફના મુદ્દે પણ સુપ્રીમ કોર્ટે ઈમરાન ખાનની ટીકા કરી હતી અને ન્યાય તંત્ર વિશે એલફેલ બોલવા સામે ચેતવણી ઉચ્ચારી હતી. કેબિનેટની બેઠકમાં ઈમરાન ખાને કહ્યું કે એક્સટેન્શનનો નિર્ણય લેવાઈ ચૂક્યો હતો તો કાયદા ખાતાએ સમયસર સુપ્રીમ કોર્ટને લાગતાવળગતા દસ્તાવેજો કેમ ન મોકલી આપ્યા ?

# ટ્રમ્પ માટે ૮૪ ગોલ્ફ કોર્ટ ભાડે લેવાઈ, શોખ માટે કરદાતાઓના ૪ કરોડ ફૂંક્યા



વોશિંગ્ટન : અમેરિકાનાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે અમેરિકાના ખરીદ વિભાગે (ફેડરલ પ્રોક્યોરમેન્ટ) ૮૪ ગોલ્ફ કોર્ટ ભાડે લીધો છે તેની અવેજમાં કરકારી ખજાનામાંથી ભાડા પેટે ૫.૫ લાખ ડોલરની ચુકવણી કરાશે. શોખ ખાતર અમેરિકાનાં કરદાતાનાં લગભગ ચાર કરોડ ખર્ચ કરવા માટે ટ્રમ્પની ખૂબ ટીકા થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ ગોલ્ફ રમવા માટે પોતાના મિત્રોને પણ સાથે લઈ જાય છે. ગોલ્ફ રમવા દરમિયાન આપવું પડતું બિલ કરદાતાઓનાં પૈસાથી ચુકવાય છે. અત્યાર સુધીનાં ટ્રમ્પનાં ત્રણ વર્ષનાં કાર્યકાળમાં ટ્રમ્પ ઓછામાં ઓછા ૧૭ ગોલ્ફ કોર્સમાં ૨૨૪ વખત જઈ ચુક્યા છે. આ દરમિયાન તેમની સાથે હંમેશા સિક્રેટ સર્વિસનાં એજન્ટ રહેતા હતા.

ટ્રમ્પને ગોલ્ફ રમવા માટે કોર્ટ આપવાની વ્યવસ્થા મેડોક્સ જોઈન્સ ઈક નામની કંપની કરે છે. આ કંપની સનસાઈન ગોલ્ફ કાર નામથી બિઝનેસ ચલાવે છે. જે પોતાના ગ્રાહકને ગોલ્ફ કોર્ટ પુરા પાડે છે. ગયા વર્ષે પણ ટ્રમ્પનાં માટે મેડોક્સે જ કોર્ટ ભાડા પર આપ્યા

# અંતિમ બદલાના દિવસ (કયામત) વિષે જાણકારી

ભાગ-૨



"(હે પયગંબર), આ લોકોને કહો કે અલ્લાહ જ તમને જીવન અર્પણ કરે છે અને તે જ તમને મૃત્યુ આપે છે. પછી તે જ તમને અંતિમ બદલા(કયામત)ના દિવસે એકત્ર કરશે જેના આવવામાં જરા પણ શંકા નથી. પરંતુ ઘણા ખરા લોકો આ વાત નથી જાણતા." (પ્રકરણ ૪૫, શ્લોક ૨૬)

"(હે પયગંબર), લોકો તમને પુછે છે કે આ ઘડી (અંતિમ બદલાનો દિવસ-કયામત) ક્યારે આવશે ? તમે તેમને કહો કે આ વાતનું જ્ઞાન કેવળ અલ્લાહને જ છે. તમને આ વાતની કશી ખબર નથી. કદાચ તે ઘડી નજીક જ આવી ગઈ હોય." (પ્રકરણ ૩૩, શ્લોક ૬૩)

"અને આકાશો અને ધરતીની ગુપ્ત વાતોનું જ્ઞાન તો કેવળ અલ્લાહ પાસે જ છે. અને તે ઘડી (અંતિમ બદલાનો દિવસ-કયામત) આવવાનો મામલો કોઈ સમય નહિ લે, પરંતુ એટલો જ સમય કે આંખના પલકારામાં જ, બલ્કે આનાથી પણ કંઈ ઓછો. ખચિત અલ્લાહ સર્વે કાર્યો પર સર્વ શક્તિમાન છે." (પ્રકરણ ૧૬, શ્લોક ૭૭)

"એ ઘડી (અંતિમ બદલાનો દિવસ-કયામત)નું જ્ઞાન કેવળ અલ્લાહ પાસે જ છે. તે જ વરસાદ વરસાવે છે અને તે જ જાણે છે કે માતાઓના પેટમાં શું ઉછરી રહ્યું છે. કોઈ વ્યક્તિ નથી જાણતી કે આવતી કાલે તેના કર્મોની કરણી કેવી હશે અને ન તો કોઈ વ્યક્તિ એ જાણે છે કે તેને કઈ ભૂમિ પર મૃત્યુ આવનાર છે. ખચિત અલ્લાહ બધું જ જાણનાર અને સંપૂર્ણપણે માહિતગાર છે." (પ્રકરણ ૩૧, શ્લોક ૩૪)

"અને આકાશોનું અને ધરતીનું અને તેમની વચ્ચે આવેલી સર્વે વસ્તુઓનું અમોએ સત્ય સિવાય અન્ય કોઈ કારણસર સર્જન નથી કર્યું. અને ખચિત નિર્ણયની ઘડી (અંતિમ બદલાનો દિવસ-કયામત) અવશ્ય આવનાર છે. પછી હે પયંગબર, આ લોકોને તેમના નઠારા વર્તન માટે સજ્જનતાપૂર્વક ક્ષમા કરી દો." (પ્રકરણ ૧૫, શ્લોક ૮૫)

"સત્યને જુઠાડનારાઓ (કાફીરો) કહે છે કે શું વાત છે કે 'તે ઘડી (અંતિમ બદલાનો દિવસ-કયામત) અમારા ઉપર આવતી નથી?' (હે પયગંબર), તમે તેમને કહો કે સોગંદ છે મારા પાલનહાર (રબ)ના જે ગુપ્ત વસ્તુઓનો જાણકાર છે, તે ઘડી તમારી ઉપર અવશ્ય આવીને રહેશે. તેનાથી રજભાર કોઈ વસ્તુ ન આકાશોમાં છુપાયેલી છે અને ન ધરતીમાં અને ન રજકણથી મોટી અને ન તેનાથી નાની. આ સર્વે એક સ્પષ્ટ પુસ્તકમાં લખાયેલું છે." (પ્રકરણ ૩૪, શ્લોક ૩)

"(હે પયગંબર), આ લોકો તમને પુછે છે કે છેવટે આ અંતિમ બદલાના દિવસ (કયામત)ની ઘડી ક્યારે આવશે ? તમે

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

તેમને કહો કે 'આ વાતની જાણકારી કેવળ મારા પાલનહાર (રબ)ની પાસે જ છે. તે આ ઘડીને પોતાના સમય ઉપર જાહેર કરશે. તે સમયે આકાશો અને ધરતીમાં ઘણો જ કપરો સમય હશે. એ ઘડી તમારા ઉપર ઓચિંતી આવી પડશે.' આ લોકો તેના વિષે તમને એવી રીતે પુછે છે કે જાણે તમે તે ઘડીની શોધમાં છો. તમે તેમને કહો કે 'આ ઘડીની જાણકારી તો કેવળ અલ્લાહને જ છે.' પરંતુ ઘણા લોકો આ સત્યથી અજાણ છે." (પ્રકરણ ૭, શ્લોક ૧૮૭)

ઉપર આપેલા સર્વે બોધવચનો અનુસાર અંતિમ બદલાના દિવસ (કયામત)ના આવવા વિષેના ચોક્કસ સમય વિષે ધરતી પરના કોઈ પણ મનુષ્યને અને ત્યાં સુધી કે પાલનહાર અલ્લાહના પયગંબરોને પણ જાણકારી નથી. આ ચોક્કસ સમય વિષેની જાણકારી કેવળ પાલનહાર અલ્લાહની પાસે જ છે, અને આ સર્વે બોધવચનો અનુસાર અંતિમ બદલાનો દિવસ (કયામત) એક ચોક્કસ સમયે અવશ્ય આવનાર છે.

હવે નીચે આપેલા બોધવચનોમાં અંતિમ બદલાના દિવસ (કયામત)ની એક આછી ઝલક આપવામાં આવે છે. આ બોધવચનો આ પ્રમાણે છે :-

"જે દિવસે (કયામત-અંતિમ બદલાના દિવસે) રૂહ (હઝરત જીબ્રઈલ અ.સ.-દેવદુતો-ફરિશ્તાઓના સરદાર) તથા બીજા દેવદુતો (ફરિશ્તાઓ) કતાર (લાઈન બનાવીને) ઉભા હશે. કોઈપણ વ્યક્તિ કંઈ બોલશે નહિ સિવાય કે જેને અત્યંત કૃપાળુ (રહેમાન-અલ્લાહ) પરવાનગી આપે અને જે યોગ્ય વાત કહે. તે દિવસ અવશ્ય આવવાનો છે. હવે જેની ઈચ્છા થાય તે પોતાના પાલનહાર (રબ)ની તરફ પાછા ફરવાનો માર્ગ અપનાવી લે. ખચિત અમે તમને એ આપત્તિથી ડરાવી દીધા છે જે નજીક આવી પહોંચી છે. તે દિવસે મનુષ્ય એ બધું જોઈ લેશે (તેના કર્મો) જે તેના હાથોએ આગળ મોકલેલ છે. અને સત્યને જુઠાડનાર (કાફીર) પોકારી ઉઠશે કે કદાચ હું માટી હોત." (પ્રકરણ ૭૮, શ્લોક ૩૮, ૩૯ અને ૪૦)

"મહાન દુર્ઘટના ! શું છે તે મહાન દુર્ઘટના ? તમે શું જાણો કે તે મહાન દુર્ઘટના શું છે ? તે દિવસે લોકો વિખરાયેલા પતંગિયાઓ જેવા અને પર્વતો પીંજાયેલા રંગબેરંગી ઉન જેવા હશે. પછી જેમના ત્રાજવા (કર્મો) ભારે હશે તેઓ મનગમતા આરામમાં હશે અને જેમના ત્રાજવા (કર્મો) હળવા (હલકા) હશે તેમનું ઠેકાણું ઉંડી ખાઈ હશે. અને તમને શી ખબર કે તે શી વસ્તુ છે ? ભડકે બળતી અગ્નિ (જહન્નમ-નર્ક)" (પ્રકરણ ૧૦૧, શ્લોક ૧ થી ૧૧)

સત્ય તો એ છે કે અંતિમ બદલા(કયામત)ના દિવસે ખરેખર કેવું વાતાવરણ હશે તે વિષે ચોક્કસ જ્ઞાન મેળવવું ઘણું જ કઠિન છે. તેમ છતાં પાલનહાર અલ્લાહે કુરાન મજીદના અસંખ્ય બોધવચનોમાં આ દિવસની આછી ઝલક દેખાડી દીધેલ છે, જેમાંના બે બોધવચનો ઉપર આપેલ છે. ઉપસંહાર એ કે અંતિમ બદલા (કયામત)નો દિવસ અવશ્ય એક ચોક્કસ દિવસે આવવાનો છે જેની જાણકારી કેવળ અલ્લાહને જ છે. અને આ દિવસે દરેક મનુષ્યને તેના જગત જીવનની કરણીનો બદલો આપવામાં આવશે. તે માટે દરેક મનુષ્યે આ જગતમાં રહીને પાલનહાર અલ્લાહના સર્વે આદેશોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ જેથી તેના બંને જીવન સફળ થાય અને તે દિવસે તેને તેના સદકાર્યોનો ઉત્તમ બદલો મળે. સમાપ્ત.

# ઘરમાં કરાતી પૂજામાં તમારે ક્યારે ફૂલોનો ઉપયોગ કરવો જોઈએ?



## સાપ્તાહિક રાશિ ભવિષ્ય

તા.૨૯-૧૧-૨૦૧૯ થી તા. ૦૫-૧૨-૨૦૧૯

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

સપ્તાહ દરમ્યાન વ્યાપાર-વ્યવસાયમાં પ્રગતિ થાય. કલા ક્ષેત્રે મહત્વની સિદ્ધિ હાસંલ કરી શકશો. કોર્ટ કચેરીના દાવામાં સફળતા મળે. માનસિક શાંતિનો અનુભવ થાય. શુભ માંગલિક પ્રસંગોના કારણે મન પ્રસન્ન રહેશે. સુખ-સમૃદ્ધિમાં અનેક ગણો વધારો થાય. નાણાંભીડ હળવી થાય. આધ્યાત્મિક વલણ અનુકૂળ બને. અંતરાયોને દૂર કરી મહત્વનો વળાંક લઈ શકશો. હરિફો પર વિજય મળે. આહારવિહારમાં કાળજી રાખવી. ઉતાશ્વવળીયા નિર્ણયોથી હાનિ થઈ શકે.



### વૃષભ (બ,વ,ઉ)

આપનું આ સપ્તાહ એકંદરે સર્વાંગી પ્રગતિવાળું બની રહેશે. ક્યારેક જ મળતી વિકાસની તક આકસ્મિક રીતે હાથમાં આવે. આવકના સાધનો વધે. ધર્મકાર્યો માટે વિશેષ અનુકૂળતા વધે. કાર્યક્ષેત્રની બાબતમાં ઉતાવળીયા નિર્ણયોથી મન અશાંત રહે. ધીરજનું ફળ મેળવી શકશો. કાવાદાવાથી દૂર રહેવું. જાહેર સામાજિક કાર્યોમાં અરૂચી વધે. વ્યવસાયલક્ષી આયોજનનું વિસ્તૃતિકરણ કરી શકશો. વાણી વર્તનથી લોકોના મન જીતી શકશો. દામ્પત્યજીવનમાં લાગણીનું પ્રમાણ વધુ રહેશે.



### મિથુન (ક,છ,ઘ)

સપ્તાહ દરમ્યાન ધંધાકીય આયોજન સફળ થાય. મહત્વની કામગીરીનો આરંભ થાય. ઘરમાં સજાવટની ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશો. સહીસિક્કાની બાબતમાં કોઈ બનાવટ ન કરી જાય તે બાબતે કાળજી રાખવી. મિશ્રફળની અનુભૂતિ થાય. લાંબા સમયથી વિખૂટા પડેલા સ્નેહજનનું મિલન થાય. નાના કાર્યો પાછળ વધુ જહેમત ઉઠાવવી પડે. ખોટા સાહસ અને ઉતાવળીયા નિર્ણયોથી બનાવટ પણ થઈ શકે અને કામમાં અવરોધ પણ આવી શકે. વડીલ વ્યકિતના સ્વાસ્થ્ય બાબતે ચિંતીત રહેશો.



### કર્ક (ડ,હ)

સપ્તાહ દરમ્યાન પૂર્વે કરેલા આયોજનનું સારું ફળ મેળવી શકશો. સંતાનની પ્રગતિથી હર્ષ થાય. વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. માનસિક પ્રફુલ્લતામાં વૃદ્ધિ થાય. ભૂતકાળમાં કરેલા રોકાણોથી લાભ થાય. આવકની સ્થિતિ યથાવત જળવાઈ રહેશે. દામ્પત્યજીવનમાં અને પરિવારમાં ફુલગુલાબી વાતાવરણ જોવા મળે. ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશો. ચતુરાઈપૂર્વક કાર્યોનો વિકાસ સાધી શકશો. દક્ષિણ દિશામાંથી લાભકારક સમાચાર મળે.



### સિંહ (મ,ટ)

સપ્તાહ દરમ્યાન ચિંતાના કારણો આપમેળે દૂર થતાં જણાય. કાયદાકીય બાબતમાં આગેકૂચ કરી શકશો. બૈદ્ધિક ક્ષેત્રે સારી સફળતા મળે. જૂની મહત્વાકાંક્ષાઓ ફળિભૂત થાય. આવકની સ્થિતિ જાળવી શકશો. મકાન જમીનને લગતા કામકાજ પરિપૂર્ણ થાય. પેટ, આંતરડા સંબંધી તકલીફમાં રાહત જણાય. પરિવારમાં સુલેહ સંપનું વાતાવરણ જોવા મળે. ભાગ્યોદયની નવી નવી તક ઝડપી શકશો. ધાર્યા કામ પાર પાડવા માટેની મહત્વની ભૂમિકા મળે. ઘરમાં શુભ પ્રસંગોનું આયોજન સરળ રીતે પાર પાડી શકશો.



### કન્યા (પ,ઠ,ણ)

સપ્તાહ દરમ્યાન આનંદ-પ્રમોદ અને માનસિક રીતે સજજ્ બની શકશો. કોર્ટ કચેરીના કાર્યોમાં અંશતઃ વિજય મળે. સર્જનાત્મક ક્ષેત્રે સિદ્ધિ મળે. ભાગ્યોદયની નવી નવી તકો ઝડપી શકશો. માનસિક રીતે વાતાવરણ જળવાઈ રહેશે. ગૃહજીવનમાં સર્જાયેલા મતભેદનું નિવારણ થાય. ચિંતાશીલ પરિબળો દૂર થતાં જણાય. દાહક પદાર્થોથી અને વિષૈલા પદાર્થોથી ખાસ સાચવવું. યાત્રા પ્રવાસ કષ્ટદાયક નિવડે. જીવનજરૂરીયાત ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો.



### તુલા (ર,ત)

સપ્તાહ દરમ્યાન આરોહ-અવરોહની સ્થિતિમાંથી બહાર આવવા માટેનો માર્ગ મોકળો થતો જણાય. પરિવારમાં નાની સરખી ભૂલનો મોટો ભોગ આપવો પડે. સંતાનના સ્વાસ્થ્ય અંગે ચિંતા રહે. દામ્પત્યજીવનમાં ત્રીજી વ્યકિતના કારણે મોટો ઝઘડો થાય. ફસાયેલી ઉઘરાણી મેળવવામાં રાહત અનુભવશો. પાચનતંત્રની નબળાઈ સંબંધી થોડી થોડી ફરિયાદ રહી શકે. વૈભવ સમૃદ્ધિમાં વધારો થાય. માનસિક શાંતિ જળવાઈ રહેશે. મનોબળ મક્કમ બનશે. હરિફો, પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો.



### વૃશ્ચિક (ન,ય)

સપ્તાહ દરમ્યાન નવા કાર્યોનો પ્રારંભ કરી શકશો. સરળ અને સમાધાનકારી આ સપ્તાહમાં અનેક મહત્વની તક ઝડપી શકશો. કૌટુંબિક સ્નેહ અને સંપમાં વૃદ્ધિ થાય. કોઈની સાથે વિવાદમાં ઉતરવું નહી. ઘરની કોઈ પણ વ્યકિતની પ્રગતિ થતાં હર્ષોલ્લાસ વધે. દામ્પત્યજીવન સ્નેહી અને મધુર રહેશે. કાવાદાવાથી દૂર રહેવું. મિત્રો સાથેના સંબંધોમાં વૃદ્ધિ થાય. ભાઈબહેન સાથે સર્જાયેલા મતભેદનું નિવારણ થાય. વ્યવહારિક પ્રશ્નો વધુ ગૂંચવાતા જણાય. સંતાનની પ્રગતિમાં સહાયભૂત થઈ શકશો.



### ધન (ધ,ભ,ફ,ઢ)

સપ્તાહ દરમ્યાન સાહસથી સિદ્ધિ મળે. કુટુંબીજનો સાથે વ્યર્થના વિવાદ ટાળવા. સ્થાવર મિલ્કતના સોદા પાકા થાય. વ્યર્થની વધુ પડતી ચિંતાના કારણે બનતા કામ પણ બગડી શકે. ધાર્મિક ક્ષેત્રે પ્રીતિ વધે. ઉત્સાહજનક કામગીરીથી પ્રસન્નતામાં વધારો થાય. ધંધાકીય આયોજન સરળતાથી પાર પડે. પરિવારમાં વાતાવરણ જળવાયેલું રહેશે. ધંધા વેપારમાં સીમાચિન્હ સિદ્ધિ મળે. મનોબળની મક્કમતા મૂકેલા નિર્ણયો પણ પાણી ફેરવી દેશે. સૈદંર્ય પ્રસાધનની ખરીદી કરી શકશો.



### મકર (ખ,જ)

સપ્તાહ દરમ્યાન આયોજન કાર્યો કરવામાં સફળતા મળે. પારાવારિક સમસ્યાનો ઉકેલ આવે. મોસાળ પક્ષથી લાભ થાય. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. દામ્પત્યજીવનમાં મધુરતાનું વાતાવરણ જળવાઈ રહેશે. મહત્વના કાર્યોમાં અવરોધને લીધે વિલંબ થાય. આરોગ્ય નરમગરમ રહે. આર્થિક પ્રગતિ વેગવાન બને. લાભદાયી આયોજનો સરળતાથી પાર પાડી શકશો. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. યાત્રા પ્રવાસ ફળદાયી નિવડે. પારાવારિક વિવાદ ટાળવા. પત્નીની લાગણીને સમજી શકશો.



### કુંભ (ગ,સ,શ,ષ)

સપ્તાહ દરમ્યાન મન અનેક રીતે સંતોષમય રહેશે. વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. અધિકારથી અનેકોને પ્રભાવિત કરી શકશો. લોકકલ્યાણના કાર્યો અર્થે ટૂંકી મુસાફરી કરી શકશો. ભાગ્યોદયમાં વૃદ્ધિ થાય. સરકારી કાર્યોમાં સરળતાથી આગળ વધી શકશો. કુનેહપૂર્વક કામગીરીને આગળ વધારી શકશો. હરિફોને હાથ હેંઠા પડે. ધાર્મિક પ્રવૃત્તિઓ તરફ આકર્ષણ વધશે. સગા સ્નેહીઓ સાથે મતભેદનું વાતાવરણ રહે. સ્નેહીજનના સ્નેહના અભાવના કારણે એકાંતિપ્રય વાતાવરણ વધુ ગમશે.



### મીન (દ,ચ,ઝ,થ)

સપ્તાહ દરમ્યાન આકસ્મિક યા નિર્ધારિત લાભના યોગ પ્રબળ છે. આર્થિક બાબતમાં ઈચ્છિત પ્રકારના આયોજનો કરી શકશો. કાર્યક્ષેત્રે ધાર્યુ સાહસ કરી મનોવંચ્છિત ફળ પ્રાપ્ત કરી શકશો. મિત્રો સ્નેહીઓનો સહકાર સાંપડી શકશો. આવડત, પ્રતિભાના કારણે, કાર્યકુશળતાના કારણે ધારેલી પ્રગતિ કરી શકશો. વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. કોર્ટ કચેરીના કાર્યોમાં સમાધાન વૃત્તિ અપનાવવી પડે. ભાગીદારો સાથે મનદુ:ખનું વલણ રહે. ધંધામાં ધીમે ધીમે આગળ વધી શકશો. બોજો હળવો થતાં હળવાશ અનુભવશો.

માલ્યાદીનિસુગંધીનિ માલત્યાદિનિ વૈ પ્રભૌ।
મયાડનીતાનિ પુષ્પાણિ ગૃહાણ પરમેશ્વર ॥

(પૌરાણિક) અર્થઃ 'માલતી વગેરે સુગંધી પુષ્પો હું (તારી પૂજા માટે) લાવ્યો છું. તો પ્રભુ તેનો સ્વીકાર કરો.'



## પૂજાના ફૂલનું મહત્ત્વ

વિશ્વના બધા ધર્મો પોતપોતાની રીતે ભગવદ્શક્તિનું-ઈશ્વરનું પૂજન કરે છે, પરંતુ તેની જે પરંપરા છે, તેની પાછળ જે કાંઈ ભાવ છે તે અનેરો જ છે. અર્થાત્, કાળક્રમે તેમાં તાંત્રિકતા અને અંધશ્રદ્ધાનું ગાંડપણ ઘૂસી ગયું છે, તે વર્જ્ય છે, પરંતુ પૂજનની પ્રત્યેક કૃતિ પાછળનો ભાવ જોતાં આપણી સંસ્કૃતિ, આપણા ઋષિઓ તથા આપણા ધર્મ માટે નતમસ્તક થવાય છે. ભગવાનનું પૂજન કરતી વખતે સુંદર, ખીલેલું, સુવાસથી મહેકતું કોમળ પુષ્પ તેના ચરણે ધરી ધન્યતા અનુભવીએ છીએ. એક કવિની પંક્તિમાં કહેવું હોય તો 'તારું દીધેલું તુજને સમર્પણ થઈ જતો હું અવ ધન્ય ધન્ય.' નિરુક્તમાં પુષ્પ શબ્દની વ્યાખ્યા મુજબ પણ તેનો ભાવ કંઈક આવો છે.

પુણ્યસંવર્ધનાચ્ચાપિ પાપૌધપરિહારતઃ ।
શ્રેષ્ઠફલાર્થપ્રદાનૃ પુષ્પમિત્થાભિધીયતે ॥
(કુ.તં. ૧૭/૫૮)

અર્થઃ 'પુણ્યને વધારનાર, પાપોને ભગાડનાર અને શ્રેષ્ઠ ફળ પ્રદાન કરનારને પુષ્પ કહે છે.' એવી વ્યાખ્યા કુલાવર્ણ તંત્રમાં છે. દેવોપાસનાનાં બધાં સાધનોમાં પુષ્પને શ્રેષ્ઠ સાધન માન્યું છે.

પુષ્પૈદેવાઃ પ્રાસીદન્તી પુષ્પે દેવાશ્ચ સંસ્થિતાઃ ।
ન રત્નૈર્ન પ્રસાદમાયાતિ યથા પુષ્પૈઃ જનાર્દનઃ ॥
(બૃ.ના.પૂર્વખંડ-૬૭)

અર્થઃ 'હે જનાર્દન! પુષ્પોથી દેવો પ્રસન્ન થાય છે. પુષ્પોમાં દેવો છે. અને તે દેવો રત્નો, સુવર્ણ કે વિત્તથી પ્રસન્ન ન થતાં પુષ્પોથી ઘણા પ્રસન્ન થાય છે.'

પરંતુ આપણે ભગવાનને ફૂલ ચડાવીએ એમાં આપણી શું વિશિષ્ટતા છે? વિશ્વનિયંતાએ ફૂલ નિર્માણ કર્યું, તે ખીલવ્યું. તેમાં સૌંદર્ય અને કોમળતા નિર્માણ કરી સૌરભથી મહેકતું કર્યું. તેણે નિર્માણ કરેલું તે ફૂલ આપણે બાગમાંથી ચૂંટી લાવીએ એ સિવાય આપણું, બીજું કયું કર્તૃત્વ છે? જોકે આજે તો બાગમાં ચૂંટી લાવવાની તકલીફ પણ બહુ ઓછા લોકો લે છે. મોટા ભાગના તો બે રૂપિયામાં ખરીદી કરીને લાવેલાં ફૂલ ભગવાનને ચડાવે છે. મતલબ પૈસાથી ખરીદેલું ફૂલ ભગવાનને ચડાવે છે

## પૂજાનું ફૂલ જીવન પુષ્પનું પ્રતીક

હકીકતમાં તો આપણા કર્તૃત્વથી ખીલાવેલું આપણું જીવનપુષ્પ ભગવાનના ચરણે ધરવાનું છે. એમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી કહેતા અને તેના પ્રતીક તરીકે આપણે બાગમાં ખીલેલું ફળ વિશ્વનિયંતાને ચરણે ધરીએ છીએ.

સંસાર હંમેશાં કાંટાથી ભરેલો છે અને તે દુઃખભર્યા સંસારમાં સદાયે હસતા રહી આપણા જીવનપુષ્પને ખીલતું રાખવામાં જ માનવીનું કર્તૃત્વ છે. તે જીવનપુષ્પ દુઃખના બોજા નીચે દબાઈ ન જાય, સદાય પ્રસન્ન અને ખીલતું રહે તેમાં માનવીના પુરુષાર્થને આહ્વાન છે. તેમાં કલાકારનો જીવંત આદર્શ છે. માનવીના સત્કર્મની જ આ વિશિષ્ટતા છે અને પોતાના કર્તૃત્વથી ખીલાવેલું પ્રસન્ન, સદાય હસતું જીવનપુષ્પ ખુમારીથી ઊભું રહ્યું હોય એવું પુષ્પ, પ્રભુને ચરણે ધરી કૃતકૃત્યતા અનુભવવાની.

# જાણો, વાસ્તુ શાસ્ત્ર મુજબ ઘરમાં ચીજવસ્તુઓ કઈ દિશામાં રાખશો

વાસ્તુશાસ્ત્ર એક સરળ નિયમ પર કામ કરે છે. જો ઘરમાં કોઈ વસ્તુ ખોટી જગ્યાએ રાખેલી હોય તો તેનાથી નકારાત્મક ઉર્જા વધે છે. જેની અસર કોઈને કોઈ પ્રકારે ત્યાં રહેતા લોકો પર થાય છે. જે ઘરમાં નકારાત્મક ઉર્જા હોય ત્યાં રહેનારા લોકોને માનસિક તાણનો પણ સામનો કરવો પડે છે. તો આજે જાણીએ કેવી રીતે સામાન્ય ફેરફાર કરીને ઘરમાં સુખ-શાંતિ લાવી શકાય.

ઘરમાં તુલસીનો છોડ અવશ્ય રાખવો. તેમજ રોજ સવારમાં તુલસીના છોડને પાણી પણ ચડાવવું અને સાંજે તુલસીજી પાસે દીવો પ્રગટાવવો. તુલસીનો છોડ પૂર્વ અથવા ઉત્તર દિશામાં લગાવવાથી આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

ઘરનો મુખ્ય દરવાજો પૂર્વ અથવા ઉત્તર દિશા તરફનો ન હોય તો તેના પર સાથિયો, શ્રીગણેશ અથવા અન્ય કોઈપણ શુભ ચિન્હ લગાવી દેવું. ઘરમાં બારી-બારણાંની સંખ્યા સમાન હોવી જોઈએ. ઘરમાં કામની ન હોય તેવી વસ્તુઓનો સંગ્રહ ન કરવો. ઘરમાં આવી વસ્તુઓના કારણે તાણની સ્થિતિ ઉત્પન્ન થાય છે. ધન સંબંધી લાભ મેળવવા ઈચ્છતા હોવ તો તિજોરીનું મુખ ઉત્તર અથવા પૂર્વ દિશામાં રાખવું જોઈએ. તિજોરીના બારણા પર કમળ પર બિરાજમાન મહાલક્ષ્મી માતાનો ફોટો લગાવવો. દક્ષિણ દિશાની દીવાલ પર અરીસો ન લગાવવો. અરીસો પૂર્વ અથવા ઉત્તરની દીવાલ પર જ લગાવવો. દીવાલ અથવા છત પર તિરાડ પડી હોય તો તેને તુરંત જ રીપેર કરાવી લેવી જોઈએ. સાંજના સમયે થોડી વાર માટે ઘરના દરેક રૂમમાં લાઈટ જરૂરથી ચાલુ કરવી. ઘરમાં કરોળિયાના જાળા ન હોવા જોઈએ.

# વાસ્તુ અને ફેંગશૂઈના ઉપયોગથી ઘરની તમામ અંશાંતિ દૂર થઈ શકે

ફેંગશૂઈની શુભ વસ્તુઓને ઘરમાં લાવી અને યોગ્ય દિશામાં રાખવા માત્રથી પણ જીવનમાં બદલાવ કરી શકાય છે. આ વસ્તુઓની શુભ અસર આર્થિક સંકડામણ પણ દૂર કરી દે છે અને ઘરના વાતાવરણામાં શાંતિ લાવે છે. તો જાણી લો ઘરમાં ફેંગશૂઈની વસ્તુઓ કેવી રીતે રાખવાથી લાભ થઈ શકે છે.

ઘરની પૂર્વ દિશામાં લાફિંગ બુદ્ધા રાખવા. જો કોઈના તરફથી આ બુદ્ધા તમને ભેટમાં મળ્યો હોય તો તે ઉત્તમ ફળ આપે છે. આથી બને ત્યાં સુધી ભેટમાં મળે તેવા લાફિંગ બુદ્ધા વધુ ફળ આપે છે. ફેંગશુઈ અનુસાર જો ઘરમાં બીમારીએ ઘર કરી લીધું હોય તો તેનો રામબાણ ઈલાજ છે કાચબો. જો તમારા ઘરમાં કાચબાની ઉપસ્થિતિ હશે તો તમારાથી બીમારી અને શત્રુઓ દુર જ રહેશે. ધંધા-રોજગારમાં વધારો કરવાની ઈચ્છા હોય તો ધાતુના કાચબાને પાણી ભરેલા વાસણમાં રાખી ઓફિસની ઉત્તર દિશામાં મુકવો. કાચબો લાંબા આયુષ્યનું પ્રતિક પણ ગણાય છે. જે ઘરમાં કાચબો હોય છે ત્યાં અપમૃત્યુનો ભય રહેતો નથી. સુખી દાંપત્યજીવન માટે બેડરૂમમાં પણ કાચબો રાખી શકાય છે પરંતુ તેને પાણી વિના રાખવો.

## વુમન વર્લ્ડ

### મહિલાએ બનાવ્યો તમાકુ ફ્લેવરનો આઈસ્ક્રીમ



આઈસક્રીમમાં વિવિધ ફલેવર અને વેરાયટી આવતીહોય છે પરંતુ બ્રિટનમાંએક રસોઈ શોની સ્પર્ધામાં એક નવી જ ફલેવરનો આઈસક્રીમ રજૂ કરવામાંઆવ્યો હતો. આ આઈસક્રીમ કાર્યક્રમમાં જનને પસંદ આવ્યો હતો પરંતું સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ તેની ટીકા પણ કરી હતી. બ્રિટનના માસ્ટરશેપ : ધ પ્રોફેશનલન્સ શોમાં લડંની યાસ્મિન નામની એક સ્પર્ધકે ટોબેકો આઈસક્રીમ (તમાકુ ફલેવરનો આઈસક્રીમ) બનાવ્યો હતો. યાસ્મિન એક્ટન રેસ્ટોરન્ટની મુખ્ય શેફ છે. તેણે ટાર્ટ ટેઈન નામની સ્વીટ ડિશની સાથે તમાકુ ફલેવરનો આઈસક્રીમ રજૂ કર્યો હતો. જો કે, તમામ ત્રણ જજ યાસ્મને આઈસક્રીમ માટે જે ફલેવરની પસંદગી કરી હતી. તેનાથી આશ્ચર્યમાં મુકાયા હતા. ગેસ્ટ જજ ગ્રેસ ડેન્ટે જણાવ્યું હતું કે, આ આઈસક્રીમનો ટેસ્ટ એવો છે જાણે હું કોઈ એશ ટ્રે(સિગારેટની રાખ એકઠી કરવાની ડિશ)ને ચાટી રહ્યો હોય તેવું લાગે છે. ડેન્ટ જ નહીં પરંતુ સોશિયલ મીડિયામાં પણ યાસ્મિનની ટીકા કરવામાં આવી હતી. આ શોમાં વિલિયમ સિટવેલ, ગ્રેસ ડેન્ટ અને જિમી ફામુરવા જજ હતા. જજે પસંદ કરી હતી પરંતુ જ્યારે તેણે પોતાના ડેઝર્ટને રજૂ કર્યું ત્યારે જ આઘાત પામ્યા હતા. યાસ્મિને એપલ ટાર્ટ સાથે વિચિત્ર ફલેવરનો આઈસક્રીમ રજૂ કર્યો હતો. તેમણે આઈસક્રીમનો ટેસ્ટ કર્યો તે અગાઉ ગ્રેસે જણાવ્યું કે મેં અગાઉ ક્યારેય તમાકુનો સ્વાદ ચાખ્યો નથી. ત્રણેય જજને ટાર્ટ ફલેવર પસંદ આવી હતી પરંતુ ફલેવરનો આઈસક્રીમ તેમને ખુશ કરી શક્યો ન હતો.

### ‘૨૦૧૯ વીમેન ઓફ વર્થ’માં બે ઈન્ડિયન અમેરિકન યુવતીએ સ્થાન મેળવ્યું



યુએસમાં લોરિયલ પેરિસ દ્વારા જાહેર કરાયા મુજબ બે ઈન્ડિયન અમેરિકન હેતલ જાની તથા શ્રેયા વેંકટનો સમાવેશ ‘૨૦૧૯ વિમેન ઓફ વર્થ’ બિરુદ મેળનાર તરીકે કરાયો છે. જે માટે ૧૦ મહિલાઓ પસંદ કરાઈ છે. તેમાં આ બંને યુવતીઓએ સ્થાન મેળવ્યું છે. તેઓ દરેકને ૧૦ હજાર ડોલર આપી સન્માનિત કરાશે. આ એવોર્ડ વિજેતાઓને રોજિંદા જીવનમાં મહિલાઓમાં હકારાત્મક પરિવર્તન લાવી તેઓનો આત્મવિશ્વાસ વધારવાના પ્રયત્ન બદલ સન્માનિત કરાશે. જાનીને બાળકોમાં આત્મવિશ્વાસ વધારી પ્રોત્સાહિત કરી કારકિર્દી બનાવવા માટે પસંદ કરાયેલ છે. તથા વેંકટને કોમ્યુનિટીમાં વોલન્ટીઅરશીપ તથા લીડરશીપ ક્ષેત્રે કામગીરી સાથે અનાજનો વ્યય કરવાને બદલે ભૂખ્યાને ભોજન આપવાની પ્રવૃત્તિ બદલ પસંદ કરાયાં છે.

### દુબઈમાં દુનિયાની સૌથી મોંઘી કેક



તમે જાતજાતની અને અવનવી ડિઝાઈનની કેમ જોઈ હશે તમે પરંતુ આજે જોઈએ દુનિયાની સૌથી મોંઘી અને અનોખી કેક. નવવધૂના આકારની દુનિયાની સૌથી મોંઘી આ કેક આજકાલ દુબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ કેક બ્રિટનથી લાવી અહી મૂકવામાં આવી છે. દુલ્હનના આકારની આ કેક કોઈ પુતળા જેવી જ લાગે છે પરંતુ આ એની હકીકત જાણી આશ્ચર્યચકિત થઈ જશે. આ કેકની કિંમત છે સાત કરોડ રૂપિયા. સામાન્ય રીતે એક ખૂબ સુરત મહિલાનું વજન ૪૫થી ૬૦ કિલો હોય છે તો આ મહિલા કેકનું વજન ૧૨૦ કિલો. દુબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં પ્રદર્શિત આ કેકની સૌથી ખાસ વાત એ છે કે એમાં ત્રણ કેરેટના હીરા છે. એટલું જ નહીં આ કેકમાં નાના નાના નમોતી પણ છે અને એ ખાઈ પણ શકાય છે. રિપોર્ટ અનુસાર આ કેકની લંબાઈ ૧૮૨ સે.મી. છે અને એને ડેકોરેટ કરવામાં ૧૦ દિવસનો સમય લાગ્યો હતો. આ કેક અને આઈસિંગ ઉપરાંત એમાં ૫૦૦૦ ફુલો, ૧૦૦૦ ઈંડા અને ૨૦ કિલો ચોકલેટનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

## ઘરના દેશી ઉપચારથી ચપટીમાં દૂર કરો ખીલ અને ડાઘ

‘ખીલ’ એ કિશોરાવસ્થાથી યુવાવસ્થા સુધી યુવક-યુવતીઓને થતી સૌથી મોટી સમસ્યા છે. કિશોરાવસ્થાની સાથે થતાં ખીલનું પ્રમાણ શરૂઆતમાં ઘણા ઓછા હોય છે, પરંતુ કેટલીક વખત એ ધીમે ધીમે એટલું વધી જાય છે કે, તેની પીડા, ખંજવાળ વગેરેથી પરેશાન થઈને વ્યક્તિ તેને ખોતરી કે ફોડીને, પોતાના જ ચહેરાને વધારે ખરાબ કરી દે છે. કેટલીક વખત ખીલ મટી ગયા પછી પણ ચહેરા પર તેના ડાઘ અને ખાડા રહી જતા હોય છે તો આજે અમે કેટલાક ઉપાય લઈને આવ્યા છીએ. જેની મદદથી તમે આ સમસ્યાથી છૂટકારો મેળવી શકશો.

ખીલ થવાના કારણો

– ખીલ ઉત્પન્ન થવાનું પ્રથમ અને પ્રમુખ કારણ છે. ‘હોર્મોનલ પરિવર્તન’.



ઘણી વખત બાળક દશ-બાર વર્ષની ઉંમરે પહોંચે છે કે, તરત તેમાં લિંગ સંબંધી સ્વાભાવિક પરિવર્તનો થવા લાગે છે. શરીરનાં બધા તંત્રો સક્રિય બની જાય છે અને અંતઃસ્ત્રાવોમાં પરિવર્તનની શરૂઆત થાય છે. આ પરિવર્તનોના કારણે ખીલ ઉત્પન્ન થઈ શકે છે.

– ખીલ થવાનું બીજું કારણ છે, ‘પાચનતંત્રની અક્રિયાશીલતા’. પાચનતંત્રની ગરબડનાં કારણે જ્યારે આહારનું પાચન બરાબર ન થાય ત્યારે ગેસ, અપચો, કબજિયાત વગેરે ઉત્પન્ન થાય છે. જે અપ્રત્યક્ષરૂપથી ખીલને ઉત્પન્ન કરવામાં કારણ બને છે.

આ રીતે કરો ઉપચાર

– રોજ જો આપણે કેટલીક સામાન્ય કામ નિયમિતરૂપથી કરીએ તો ખીલની સાથે સાથે પાચનતંત્રની તકલીફોને પણ દૂર કરી શકાય છે.

– જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પેટ સાફ રહેવું જોઈએ. એ માટે રોજ રાત્રે એક ચમચી ત્રિફળા ચૂર્ણ પાણીમાં પલાળીને સવારે ગાળીને નિયમિત પીવું ફાયદાકારક છે.

– રોજ ઓછામાં ઓછુ ત્રણ-ચાર લીટર પાણી પીવાથી પણ પેટ સાફ થાય છે. જે વ્યક્તિઓ દિવસમાં લગભગ આઠ ગ્લાસ પાણી પીવે છે. તે લોકોને ઓછા ખીલ થાય છે.

## ગરમર



**સામગ્રી :** ૧ કિલો, ગરમર, ૧ બોટલ – કેરીનું ખાટ્ટુ પાણી, ૨ ચમચી : હળદર પાવડર, મીઠું,

**રીત :** સૌ પ્રથમ ગરમર ને ૫ –૬ પાણી થી ધોઈ નાખો. ગરમરમાં ઉપરના પાંદડા કાઢી નાખો અને જે નીચે ના મૂળિયાં હોય તે ગરમર હોય છે. હવે તેની પાતળી છાલ જે હોય તે કાઢી નાખો તે બાદ તેને ફરી ૩ – ૪ વખત પાણીથી ધોઈ નાખો.પછી તેના જરૂર મુજબ કટકા કરો અને તેમા મીઠું ઉમેરી મિક્સ કરી લો. હવે તેમા કેરીનું ખાટું પાણી ઉમેરી લો. તેને આખા દિવસમાં ૩–૪ વખત હલાવીને ઉપર નીચે કરો. ૧૦ –૧૫ દિવસમાં તે તૈયાર થઇ જશે એક બોટલમાં ખાટ્ટું પાણી સાથે ગરમર ભરીને ફ્રીઝ માં રાખી શકાય. તૈયાર છે જામ ખંભાળિયાનું પ્રખ્યાત ગરમરનું અથાણું.

## લસણિયા ઢોકળા



**સામગ્રી :** ૧ બાઉલ – સોજી, ૩ ચમચી – દહીં, ૧ ચપટી – ખાવાનો સોડા, ૧ ચમચી – લીંબુનો રસ, ગરમ પાણી, સ્વાદાનુસાર – મીઠું, ૨ ચમચી – લસણની ચટણી, તેલ

**રીત :** સૌ પ્રથમ ઢોકળાનુ ખીરુ બનાવવો. દહીં અને જરૂર મુજબ ગરમ પાણી ઉમેરી ખીરું તૈયાર કરો. તે એક કલાક માટે ઢાંકીને રાખી મૂકો. ત્યારબાદ તેમાં મીઠું લીંબુનો રસ અને ખાવાના સોડા ઉમેરી બધું મિક્સ થઈ જાય તે રીતે ખૂબ જ હલાવો. હવે એક કાથરોટ માં પાણી ગરમ મૂકી તેમાં એક નાની થાળીમાં તેલ ગરમ થવા મૂકો. ત્યારબાદ ઢોકળાના ખીરાને ખૂબજ હલાવી થાળી પર પાથરો તેના પર લસણની ચટણી નાખો ત્યારબાદ તેના પર થાળી ઢાંકી ૨૦ મિનિટ માટે ચઢવા દો. તો તૈયાર છે સોજીના લસણવાળા ઢોકળા.

## ક્રોસવર્ડ



**આડી ચાવી :**

(૧) અનુકૂળ, ગોઠતું, માફક (૫)
(૩) બરાબરિયું, સમાન (૪)
(૬) વાલીનો પુત્ર (૩)
(૭) ઢીલું, નમ્ર, વિવેકી (૩)
(૯) નિશાન, વાવટો (૨)
(૧૦) છળ, પ્રપંચ (૩)
(૧૨) સમારકામ (૪)
(૧૪) ખમે તેવું, શૂરવીર (૪)
(૧૫) બેપરવા (૪)
(૧૮) ઉતાવળ, ઝડપ (૨)
(૨૦) એક વાર ખાંડેલી ડાંગર (૨)
(૨૧) તપાસ, શોધ (૩)
(૨૩) દિલ, પૂંજી, પ્રાણ (૨)
(૨૫) કામ વગરનું, કામથી ફારગ (૩)
(૨૮) છૂટી, પરવાનગી (૨)
(૩૦) કમનસીબ, નાલાયક (૪)
(૩૧) વિષ્ણુનો એક અવતાર (૨)
(૩૨) પડવું તે, પતન (૨)
(૩૪) યજ્ઞ, યાગ (૨)
(૩૫) શરીરના સાંધા, શક્તિ (૨)
(૩૬) ચામડી (૩)

**ઊભી ચાવી :**

(૧) કેદ, પ્રતિબંધ (૩)
(૨) ગોઠતું આવતું, માફકસરનું (૩)
(૩) દીવાની જોત (૨)
(૪) લાડુ (૩)
(૫) દોપટ, બેવડું (૩)
(૬) અંત, પરિણામ (૩)
(૮) માટી (૩)
(૯) પૃથ્વી (૨)
(૧૧) પ્રચાર, ફેલાવો (૩)
(૧૨) હુંપદ, હેત, હક (૩)
(૧૩) ફારગતી, છૂટાછેડા (૩)
(૧૪) કાળું, શ્યામ (૩)
(૧૬) પડતી, પતન (૩)
(૧૭) કોરું ચોમાસું (૩)
(૧૯) ખુશ, સંમત (૨)
(૨૨) સંબંધી તરીકેનો હિસ્સો (૪)
(૨૪) પરણવા જતો વર (૪)
(૨૬) આક્રંદ, કલ્પાંત (૪)
(૨૭) ઘોડિયાની ખોઈ (૨)
(૨૯) પ્યાલો (૨)
(૩૦) કુદરતી, બકરી, માયા (૨)
(૩૩) ઝડી, દરોડો (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# કૉલેજનો ઘંટ રણક્યો ને હું કમલની રાહ જોવા માંડ્યો

રંગભર્યા કૉલેજજીવનનો પ્રથમ દિવસ.

ખૂબ જ ગમતું હેન્ડલુમનું પીળું શર્ટ અને સફેદ પેન્ટ પહેરી, હાથમાં એકમાત્ર નોટબુક અને પેન લઈ મેં સાઈકલ મારી મૂકી.

ઘટાટોપ આસોપાલનાં વૃક્ષોથી આચ્છાદિત અને તાજું જ પાણી છંટાયેલા ઝીણી કાંકરીવાળા કૉલેજ કંપાઉન્ડના રસ્તા પરથી પસાર થતાં પેદા થતો વિશિષ્ટ ધ્વનિ મને મળ્યો, પરંતુ ઓચિંતો વળાંક લેતાં સામેથી આવતી ત્રણ છોકરીઓને બચાવવા જતાં મેં બ્રેક મારી અને સાઈકલ થોડીક સ્લીપ થતાં હું પડતાં બચી ગયો. મારી આ પરિસ્થિતિ પર એક બટકબોલીએ ખડખડાટ હાસ્ય રેલાવ્યું અને કંઈક કૉમેન્ટ પણ થઈ. દુર્ભાગ્યે હું દૂર પહોંચી ગયો હતો તેથી કંઈ સમજાયું નહીં.

કૉલેજનો ઘંટ રણકી ઊઠ્યો. હું કમલની રાહ જોતો હતો. સૌ છોકરાં- છોકરીઓનો ગણગણાટ વધી પડ્યો અને નદીના પ્રવાહની જેમ કૉલેજના ઑડિટોરિયમ તરફ ફંટાયો. થોડીવાર કમલની રાહ જોયા બાદ એ ન દેખાતાં હુંયે ઑડિટોરિયમમાં પ્રવેશ્યો. ઑડિટોરિયમના મંચ પર હસતી મુખમુદ્રા ધારણ કરી પ્રિન્સિપાલ જૂના વિદ્યાર્થીઓ તરફ નજર ફેંકતાં સ્મિત રેલાવતા હતા.

આજુબાજુ બેઠેલા પ્રોફેસરો અને લેક્ચરરોમાં કોઈ અત્યંત ગંભીર હતા તો કોઈ ખડખડાટ હાસ્ય ફેલાવતા હતા અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના અવાજનો સરવાળો લહેરાતા સાગરના ધ્વનિની યાદ દેતો હતો.

પ્રિન્સિપાલ સાહેબ ઊભા થયા અને પ્રવચન શરૂ થયું. નવા આગંતુકોનું ને પુરાણા વિદ્યાર્થીઓનું સ્વાગત થયું. શીખ અપાઈ અને કૉલેજકાળની ગંભીરતા અને નાજુકતાનો ખ્યાલ અપાયો. અંતે વર્ગમાં જવાની સૂચના અપાઈ. બધા વર્ગ તરફ વળ્યા. લૉબીમાં કમલ મળી ગયો અને ભરચક વર્ગના ઓરડામાં અમે બંને થોડાક સંકોચ સાથે પ્રવેશ્યા. જોયું તો પહેલી બૅન્ચ ઉપર જ બેઠેલી છોકરીએ મને જોતાં એની બેનપણીને ધીમેથી કંઈક કહ્યું અને એ બંને હસી પડી. મને સાઈકલની સ્લીપ યાદ આવી અને ધૂંવાંપૂંવાં થતો છેલ્લે ખાલી પડેલી બૅન્ચ સુધી પહોંચી ગયો.

બે-ચાર દિવસ થયા. વર્ગના પ્રતિનિધિ અને કૉલેજના જનરલ સેક્રેટરીની ચૂંટણીની નોટિસ મુકાઈ. મને તો ચૂંટણીમાં રસ નહોતો, પણ વર્ગના નવા મિત્ર બનેલા અન્ય વિદ્યાર્થી દ્વારા માલૂમ પડ્યું કે, પેલી અસ્મિતાએ પણ ઉમેદવારી નોંધાવી છે. પહેલા દિવસની મશ્કરીનો જવાબ આપવા મેં મનોમન ગાંઠ વાળી.

કમલ ભારે હોંશિયાર હતો. તેને વર્ગના પ્રતિનિધિ માટે ઊભા રહેવા મેં તૈયાર કર્યો. વર્ગના થોડાક, રસિક વિદ્યાર્થીઓનો અમે સંપર્ક સાધી છોકરાઓમાંથી કમલને જ ટેકો મળે અને બીજો કોઈ ઊભો ન રહે તેવી પરિસ્થિતિ સર્જતાં વાર ન લાગી. સામે પક્ષે અસ્મિતા ઊભી હતી. કમનસીબે ૧૦૦ છોકરાઓના વર્ગમાં પ્રિ. યુનિ. આર્ટ્સનું અમારું જ એવું ડિવિઝન હતું કે જેમાં પંચાવન છોકરીઓ અને પિસ્તાલીસ છોકરાઓ હતા. તેથી બધા જ છોકરાઓનો મત કમલને મળે તોય જો છોકરીઓના બીજા પાંચથી વધુ મત ન મળે તો કમલ હારી જાય.

છોકરીઓના મત તોડવાના વિવિધ વ્યૂહો અમે રચી કાઢ્યા અને તેનો અમલ પણ ખાનગીમાં શરૂ કરી દીધો. હવે તો અસ્મિતા સાથે અમારે વાતચીતનો વ્યવહાર પણ શરૂ થઈ ગયો હતો. જ્યારે જ્યારે મળતી ત્યારે કહેતી : 'હું તો હારી જવાની જ, કેમ કે કમલ જેવો જબરો છોકરો ઊભો હોય ત્યાં આપણું શું ગજું ?' એની મશ્કરી અમે પામી જતા, પણ કમલ ભારે સ્માર્ટ હતો. એકવાર મોકો જોઈને કહી દીધું : 'જાઓ, મિસ. અસ્મિતા, તમે હારી જવાનાં છો એવું વારંવાર કહો છો તો આપણે એક શરત લગાવીએ. જે જીતે તે હારેલાને ફિલ્મ બતાવે. બોલો છે કબૂલ ?'

'ઓલ રાઈટ, એગ્રિડ, આપણે તો તમારું પિક્ચર જોવાનું નક્કી થઈ ગયું. મને એકલીને નહીં, મારી સહેલીઓ પણ સાથે આવશે.' અસ્મિતાએ એ જવાબ પણ મશ્કરીમાં જ આપ્યો.

ફોર્મ પાછાં ખેંચી લેવાની તારીખ પસાર થઈ ગઈ અને અલકાએ નવો ધડાકો કર્યો. તે પોતે પણ ચૂંટણીમાં ઊભી રહી છે એવી જાહેરાત કરી અને ઝપાટાબંધ પ્રચાર શરૂ કરી દીધો. અલકા મારી જોડે એસ.એસ.સી.માં ભણતી હતી. અમે એકબીજાને સારી રીતે ઓળખતાં. મારી વાત કોઈપણ દિવસે તે ટાળતી નહીં ! મને યાદ છે કે એસ.એસ.સી.ની પરીક્ષાના આગલા દિવસે પણ કેટલાંક 'સ્યોર' સજેશનો લઈને મારી પાસે આવી હતી. આ આત્મીયતાનો મેં પ્રથમવાર લાભ ઉઠાવ્યો — અસ્મિતાનું અભિમાન હણવા.




અલકા હારી ગઈ. કમલ જીતી ગયો. તાળીઓના ગડગડાટ અને ગુલાલની છોળો વચ્ચે કમલને બધાએ ઊંચકીને આખીયે કૉલેજના કંપાઉન્ડમાં ફેરવ્યો. મેં અસ્મિતાને શોધી કાઢી અને કહ્યું મિસ અસ્મિતા, આજના ત્રીજા શોની આઠ ટિકિટો મેં બુક કરાવી છે, આપણી શરત મુજબ. આ તો પરિણામની મને સવારે જરા ખબર હતી તેથી જ બુક કરાવી દીધી છે.

અસ્મિતા ચોંકી ઊઠી. ગભરાઈ ગઈ. અલકાને કહેવા લાગી : 'અલકા, આ શું ? તેં પહેલેથી કેમ જણાવ્યું નહીં ? આ તો ભારે ગોટાળો થશે. આપણી અંદરઅંદર ભાંગફોડ થશે તો ન હું જીતીશ કે ન તો તું જીતીશ. આપણા મત વહેંચાઈ જશે જ્યારે છોકરાઓના બધા જ મત કમલને મળશે. તે જીતી જશે...'

પણ અલકાએ મને આપેલું પ્રૉમિસ પકડી રાખ્યું. તે એકની બે ન થઈ. પ્રચાર ચાલુ રાખ્યો.

મેં કહ્યું : 'અલકા, કમલને મેં ઊભો રાખ્યો છે. પણ મારો વોટ તો તને જ મળશે.'

'થૅન્ક્યુ વેરી મચ' અલકાએ ભાવવાહી નજર ફેંકતાં ટૂંકો ઉત્તર વાળ્યો અને મારી સામે જોઈ રહી.

એનો દૃષ્ટિપાત હું જીરવી ન શક્યો. એમાં વજન હતું, પ્રભાવ હતો, કદી ન પ્રગટ થયેલો સુષુપ્ત ભાવ હતો, આત્મીય લાગણી હતી, પરંતુ અહેસાન તો નહોતું જ. નીચે ઢળેલી મારી નજર એના કાળા સેન્ડલમાં અદ્‌ભુત શોભતા ગુલાબી પગ પરથી ઉઠાવી ફરી એની આંખો સાથે એક કરી અને કહ્યું, 'થૅંક્યુ અલકા, તારા અહેસાનનો બદલો હું ક્યારે વાળીશ !' તે હસી રહી હતી. છતાંયે મનના ભાવ કળવા દેતી ન હતી.

અસ્મિતાનું નૂર હણાઈ ગયું હતું. બેબાકળી બનીને કૉલેજના વર્ગ પણ નિયમિત ભરતી ન હતી. એની વાતચીત કરવાના ઢંગ પણ બદલાઈ ગયા. ખૂબ જ હળવાશથી અને લળી લળીને છોકરાઓ સાથે વાત કરતી. ચૂંટણીને આડે છેલ્લા બે દિવસ બાકી રહ્યા. અલકાની પ્રગતિ અદ્‌ભુત હતી. દિવસે દિવસે તેનું ગ્રુપ મોટું થતું ગયું અને બધાને એમ જ લાગવા માંડ્યું કે કમલની ખરી હરીફાઈ તો અસ્મિતા સાથે નહીં થાય પણ અલકા સાથે જ થશે. અસ્મિતાએ નવા નુસખા અજમાવ્યા. કેન્વાસિંગ માટે સેન્ટેડ કાર્ડ અને ટાઈમટેબલ છપાવ્યાં. બધાંને વહેંચ્યાં અને ઘણુંબધું કર્યું. ચૂંટણીનો દિવસ આવી ગયો. ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ને પૂરી થઈ.

પરિણામ જાહેર થયું. અસ્મિતા હારી ગઈ. અલકા હારી ગઈ. કમલ જીતી ગયો. તાળીઓના ગડગડાટ અને ગુલાલની છોળો વચ્ચે કમલને બધાએ ઊંચકીને આખીયે કૉલેજના કંપાઉન્ડમાં ફેરવ્યો. મેં અસ્મિતાને શોધી કાઢી અને કહ્યું મિસ અસ્મિતા, આજના ત્રીજા શોની આઠ ટિકિટો મેં બુક કરાવી છે, આપણી શરત મુજબ. આ તો પરિણામની મને સવારે જરા ખબર હતી તેથી જ બુક કરાવી દીધી છે. મારા છેલ્લા વાક્યે એની આંખમાંથી ઝળઝળિયાંને બહાર આવવાની ફરજ પાડી. વાતાવરણ શાંત થતાં મેં અલકાને શોધવા પ્રયાસો કર્યા પણ તે ન મળી. હું ભારે વિમાસણમાં પડી ગયો. કમલને પૂછ્યું. તેને પણ ખબર નહોતી.

કંટાળીને અમે ઘેર ગયા.

બીજા દિવસે પણ તે ન આવી. ત્યારબાદ તે કદી ન આવી. ચૂંટણી બાદ હું બધું જ ભૂલી ગયો. ચૂંટણી ભૂલી ગયો, અસ્મિતાના વેરને ભૂલી ગયો, પણ અલકાને ન ભૂલી શક્યો.

વર્ષ આખરે યુનિવર્સિટી પરીક્ષા આવી. ગુજરાત કૉલેજના વિશાળ જ્યોર્જ હૉલમાં પરીક્ષા શરૂ થવાની છેલ્લી પાંચેક મિનિટ બાકી હશે. મારી નજર બારણાં તરફ મંડાઈ ત્યાં અલકાને હૉલમાં પ્રવેશતી જોઈ સ્તબ્ધ બની ગયો. ગાઈડનાં થોથાં બૅંચ પર મૂકી સામે ગયો.

મેં કહ્યું : 'અલકા !'

તેણે સહેજ વળીને મારા તરફ જોયું અને ખૂબ જ ધીમેથી ગંભીરતાથી બોલી : 'કેમ રશ્મિન ! કેવી તૈયારી છે ?'

'તૈયારી તો ઠીક છે, પણ ઈલેક્શન બાદ ક્યાં અદૃશ્ય થઈ હતી ?' મેં ઉતાવળે ઉતાવળે સીધું જ પૂછી નાખ્યું.

મારા પ્રશ્ને એની મુખમુદ્રા પર એક કરુણતમ ભાવની પરાકાષ્ઠાયુક્ત રેખાઓ અંકિત કરી. બે હાથે પકડી રાખેલાં પુસ્તકોને નજર સમક્ષ આવી ભૂતકાળને વાંચતી હોય તેમ એકધારું નીચું મોં રાખી બોલી : 'રશ્મિન, શું વાત કરું ! ઈલેક્શને તો મને ઝેવિયર્સ જેવી કૉલેજ છોડાવી.

જે દિવસે મેં ચૂંટણી માટે ઉમેદવારી જાહેર કરી તે રાત્રે અસ્મિતા મારા ઘેર આવી હતી અને મને નિષ્ક્રિય રહેવાની સલાહ આપી. પણ મેં તને આપેલા પ્રૉમિસનો ભંગ નહીં કરવાનું એને સ્પષ્ટ જણાવી દીધું. ગુસ્સે થઈને તે ચાલી ગઈ.'

એના પિતા જે બૅન્કમાં મૅનેજર છે તે જ બૅન્કમાં મારા પપ્પા પણ ઑફિસર છે. તે દિવસોમાં બા-બાપુ બહારગામ ગયેલાં હતાં, પરંતુ ચૂંટણીની આગલી રાત્રે જ તેઓ ઘેર આવ્યાં. બીજા દિવસે કોણ જાણે શુંયે એમને કોઈએ સમજાવ્યું તે ખબર ન પડી અને મારી જોડે કોઈપણ જાતની વાતચીત કર્યા સિવાય મને

બીજી કૉલેજમાં દાખલ કરી દેવાઈ. મેં પણ એ સામે એક હરફ પણ આજ દિન સુધી ઉચ્ચાર્યો નથી. બસ, આજે તું મળ્યો ને મેં આખા વર્ષથી સંઘરી રાખેલી એક નાની શી વાત તને કહી...'

ઘડીભર હું સ્તબ્ધ થઈ ગયો અને એકીનજરે અલકા સામે જોઈ રહ્યો. તેની નજર હજુયે નીચે જ હતી, જાણે કે પોતાના કોઈ ઊંડા દુઃખનો ઊભરો ઉલેચીને થાકી ગઈ હોય.

ત્યાં જ ઘંટ વાગ્યો. સુપરવાઈઝરે બારણામાં પ્રવેશતાં જ બૂમ મારી : 'પ્લીઝ ટેઈક યોર સીટ.'

અલકા તરફ એક અહેસાનભરી દૃષ્ટિ ફેંકતાં હું બૅંચ પર ગોઠવાયો. એ હજી મારી તરફ જોઈ રહી હતી. એ દૃષ્ટિપાત હું જીરવી ન શક્યો. એમાં વજન હતું, પ્રભાવ હતો, સુષુપ્ત ભાવ હતો, પણ અહેસાન તો નહોતું જ.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું



### દરિયામાં સર્જાતા મોતના કૂવા : વમળ

ચોમાસામાં રસ્તા પર પાણી ભરાયેલું હોય અને કોઈ છિદ્રમાંથી જમીનમાં ઉતરે ત્યારે ચક્રાકાર વમળ સર્જાય છે તે તમે જોયા હશે. સાંકડા મોંવાળી ગળણીમાં પાણી નાખીને જૂઓ તેમાંથી પસાર થતું પાણી ચક્રાકાર ગતિથી ઉતરે છે. પાણી કે પ્રવાહીઓ ખાલી જગ્યા તરફ ગતિ કરે છે. રસ્તો સાંકડો હોય ત્યારે તે ચારે તરફથી દબાણ કરી એક બિંદુ ઉપર કેન્દ્રીત થાય છે અને ચક્રાકાર વમળ બને છે. નદી કે તળાવમાં પણ ભૂતળમાં ખાડો પડે તો સપાટી પર પાણીના વમળ જોવા મળે છે. ચક્રાકાર ફરતાં પાણીની ગતિ અને શક્તિ પ્રચંડ હોય છે. દરિયામાં તો વિરાટ કદના વમળ સર્જાય છે અને ભીષણ શક્તિ ધરાવે છે. આ વમળમાં બોટ કે નાના વહાણ ચક્રાકાર ફરીને તળિયે જઈ પડે છે. સમુદ્રમાં ઘણા સ્થળે આવા વમળ હોય છે. સાગર ખેડૂઓ તેને મોતના કૂવા ગણે છે અને તેનાથી દૂર રહે છે. સ્કોટલેન્ડ નજીક કોરીવેકનના અખાતમાં વિશ્વનું સૌથી મોટું વમળ આવેલું છે. જાપાનના અવાજી ટાપુ પર એક જોખમી વમળ પ્રસિધ્ધ છે તેને નારૂટો વર્લ્પૂલ કહે છે. તેમાં લગભગ ૧૮ કિલોમીટરની ઝડપે પાણી ચક્રાકાર ફરે છે અને તે ૬૬ ફૂટના વ્યાસનું છે.

# અલ્બાનિયામાં ભૂકંપ :૩૯થી વધુનાં મોત, ૬૭૦ ઘાયલ



કુદરના કહેર સામે લાચાર માનવી કરી પણ શુ શકે. ત્યારે અલ્બાનિયામાં મંગળવારે આવેલ ભયાનક ભૂકંપ બાદ કાટમાળમાંથી મળેલા મૃતદેહોની સંખ્યા વધીને ૩૯ સુધી પહોંચી ગઈ છે અને ૬૭૦થી વધારે લોકો ઘાયલ થયા છે. રક્ષા મંત્રાલયએ જણાવ્યું કે, મૃ ત્યુપામનારની સંખ્યા સાંજે વધીને ૨૦ થઈ ગઈ હતી. અમેરિકા ભૂગર્ભ સર્વેક્ષણ અનુસાર ૬.૪ તીવ્રતા સાથે આવેલા ભુકંપનું કેન્દ્ર રાજધાની તિરાનાથી ૩૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં હતુ. ત્યાર બાદ ૫.૧ અને ૫.૪ની તીવ્રતાવાળા ઝટકા અનુભવાયા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયએ જણાવ્યું કે, લગભગ ૬૦૦ લોકો ઘાયલ થયા છે. જેમાં અમુકની હાલત ખુબ ગંભીર છે. રક્ષા મંત્રાલયએ જણાવ્યું કે, તિરાનાથી ૩૩ કિલોમીટર દુર દુર્રેસમાં પડેલી ઈમારતમાંથી સાત મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. થુમાને શહેરમાં પણ એક ઈમારત પડતા કાટમાળમાંથી પાંચ મૃતદેહો કાઢવામાં આવ્યા હતા. એક અન્ય ઘટનામાં કુર્બિનમાં ભૂકંપ આવતા લોકો ગભરાઈને પોતાના ઘર બહાર છલાંગ લગાવતા એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે ઉત્તરના શહેર લેજહામાં રસ્તો ટુટતા એક અન્ય વ્યક્તિનું મોત થયું છે. બચાવદળ ભૂકંપના કારણે પડેલી ઈમારતોમાં દબાઈને ફસાયેલા લોકોને બચાવાનો પ્રયાસ કરી રહ્યા છે. અલ્બાનિયાના રાષ્ટ્રપતિ ઈલિર મેટાએ કહ્યું કે, થુમાનેમાં સ્થિતી ખુબ ગંભીર છે અને લોકોને બચાવાની પુરી કોશિશ કરવામાં આવી રહી છે. અલ્બાનિયાના પ્રધાનમંત્રી એદી રમાએ કહ્યું કે, તમામ સરકારી એજેન્સિઓ સર્તક છે અને દુર્રેસ અને થુમાનેમાં લોકોને બચાવાનું કામ કરી રહ્યા છે.

# જર્મનીના ૩૦૦ વર્ષ જૂના મ્યુઝિયમમાંથી તસ્કરો ૧ અબજ યુરોના ઘરેણા ચોરી ગયા

**• ડ્રેસડન શહેરના સંગ્રહાલયમાં એક્ઝેટ કેટલી ચોરી થઈ તેની તપાસ ચાલુ : બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી મોટો હાથફેરો**



બર્લિન : જર્મનીના ડ્રેસડન શહેરમાં સોમવારે ઈતિહાસની સૌથી મોટી પૈકીની એક કહી શકાય એવી ચોરી નોંધાઈ હતી. શહેરના મ્યુઝિયમમાં તસ્કરો ત્રાટક્યા હતા અને અંદાજે ૧ અબજ યુરો ડૉલર (૭૯ અબજ રૂપિયા)ની કિંમતના ઘરેણા ઉઠાવી ગયા હતા. આ મ્યુઝિયમમાં અતી કિંમતી ઐતિહાસિક ચીજ-વસ્તુઓ સંગ્રહાયેલી છે. મ્યુઝિયમના સંગ્રહમાં ૧૮મી સદીના સોના-ચાંદી-હિરા-મોતીના દસ જ્વેલરી સેટ પણ હતા. એમાંથી ૩ સેટ તસ્કરો ઉઠાવી ગયાનો અંદાજ પોલીસે લગાવ્યો હતો. જોકે હજુ ગણતરી ચાલુ છે કે તસ્કરો એક્ઝેટ કેટલી ચીજ-વસ્તુ ઉઠાવી ગયા છે. આ ચોરી જર્મનીમાં બીજા વિશ્વયુદ્ધ પછી થયેલી સૌથી મોટી તસ્કરી છે. ડ્રેસડન શહેરમાં રોયલ પેલેસ આવેલો છે. તેમાં ધ ગ્રીન વોલ્ટ નામનું સંગ્રહાલય છે. ૪૦૦૦થી વધારે મૂલ્યવાન કળા-કૃતિ, ઘરેણા ધરાવતા આ મ્યુઝિયમની ગણતરી યુરોપના સૌથી મોટા સંગ્રહાલયોમાં થાય છે. વળી આ ગ્રીન વૉલ્ટની સ્થાપના છેક ૧૭૨૩માં થઈ હતી. એટલે સંગ્રહાલય ૨૯૬ વર્ષ જૂનું છે. આ મ્યુઝિયમમાં કુલ બે વિભાગ છે, જેમાં એક જૂની કળા-કૃતિઓનો અને એક નવી ચીજ-વસ્તુઓનો છે. તસ્કરોએ જૂના વિભાગ પર પસંદગી ઉતારી હતી. મ્યુઝિયમના સીસીટીવી ફૂટેજમાં બે ચોર મોઢું ઢાકીને તોડ-ફોડ કરતાં નજરે પડયા છે.

# કોંગોમાં માનવ વસાહતો ઉપર વિમાન તૂટી પડતાં ૨૬નાં મોત

**• ઉતારૂઓ, ક્રૂ મેમ્બર તથા સ્થાનિક લોકો ભોગ બન્યા**



ગોમા : કોંગો રિપબ્લિકના ગોમા પ્રદેશના માનવ વસતિવાળા વિસ્તારમાં એક વિમાન તૂટી પડતાં ઓછામાં ઓછા ૨૬ જણ માર્યા ગયા હતા.

કોંગોની સરકારે આ સમાચારને સમર્થન આપ્યું હતું. માર્યા ગયેલા લોકોમાં વિમાનના ઉતારુઓ, વિમાની સ્ટાફ અને ધરતી પર રહેલા કેટલાક લોકોનો સમાવેશ થયો હતો.

ટેલિગ્રામ પર મેળવો દરેક મહત્વના સમાચાર, ચેનલ સબસ્ક્રાઈબ કરવા કરો ક્લિક સરકારી પ્રવક્તાએ મિડિયાને આપેલી માહિતી મુજબ ૧૯ બેઠકો ધરાવતું આ વિમાન મેપોન્ડો જિલ્લાના ગોમા પ્રદેશમાં તૂટી પડ્યું હતું. વિમાનમાં બેઠેલા તમામ ઉતારુઓ માર્યા ગયા હોવાનું મનાય છે. અકસ્માત કેવી રીતે થયો એની તપાસ ચાલી રહી હતી. ગોમા એરપોર્ટના એક પ્રવક્તાએ કહ્યું કે આ અકસ્માતમાં એક પણ વ્યક્તિ બચી હોવાની શક્યતા નથી. ડોર્નિયર-૨૨૮ ટાઈપનું વિમાન હતું. એરપોર્ટ નજીકજ એક ગીચ વસતિવાળા વિસ્તારમાં વિમાન તૂટી પડ્યું

## હસ્તમૈથુનોપચાર ઉર્ફે માસ્ટરબેશન થેરાપી



**તનસ્વી તન, મનસ્વી મન**

ડો. મુકુલ ચોક્સી

હસ્તમૈથુનોપચાર ઉર્ફે હસ્તમૈથુન દ્વારા કરવામાં આવતી સારવાર. આવી કોઈ સારવાર પદ્ધતિનું આજપર્યંત ભલે નામાભિધાન થયું નથી, પરંતુ આવી થેરાપી ડીસ્ગાઈઝ્ડ ફોર્મમાં અચૂક અસ્તિત્વમાં છે સેક્સ થેરાપીસ્ટના ક્લિનિકમાં એવા ઘણા કિસ્સાઓ મળી આવશે જેમાં હસ્તમૈથુનને સારવારના ભાગરૂપે પ્રીસ્ક્રાઈબ કરવામાં આવ્યું હોય. સંયત માત્રામાં માસ્ટરબેશન પ્રેક્ટિસ એ ક્યારેક માસ્ટરબેશન થેરાપીનું કામ કરતી હોય છે.

એક તેજસ્વી યુવક ખૂબ પરેશાન હતો. તે અપરણીત હતો. તેનો કામાગ્નિ ખૂબ પ્રબળ હતો. ત્રણચાર છોકરીઓના સંબંધમાં તે લપેટાયો હતો. પણ દરેક સંબંધને અંતે તૂટી જતો હતો. તેનાથી બે-ત્રણ પરિણીત સ્ત્રીઓ સાથે પણ કામુક અડપલાં થઈ ગયા હતા. જેથી તેને ઠપકો તથા ધમકી મળ્યા હતા. એકવાર તો પોલીસના ચક્કરમાં આવતાં આવતાં તે રહી ગયો હતો. પોતાની ઓળખીતી તથા સાથે કામ કરતી સહયોગી યુવતી પાસે જ તે અઘટિત દેહસંબંધની માંગણી કરી બેઠો હતો. હવે આ યુવકના વાલીઓ ચિંતિત હતા. કેમ કે આવો પ્રતિભાશાળી યુવાન તેની કામકુટેવોને લીધે વગોવાઈ રહ્યો હતો તેને અણછાજતી હરકતો જાહેર થઈ જવાથી તેના વિવાહ માટે માંગા આવતા પણ બંધ થઈ ગયા હતા. છોકરાને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે ખબર પડી કે ડરને લીધે હસ્તમૈથુન નહોતો કરતો. આ છોકરાને માટે સંયમિત માત્રામાં હસ્તમૈથુન એ તેનો સોશિયલ પ્રોબ્લેમ સોલ્વ કરવા માટેની થેરાપી બની શકે છે. તિ માત્રામાં કામેચ્છાઓ, કામાતુર વર્તન, અનકન્ટ્રોલ્ડ સેક્સ્યુઅલ ઈમ્પલ્સીસ વગેરેથી ઉદભવતા ઈમોશનલ, ફેમીલીયર તથા સોશિયલ પ્રોબ્લેમ્બર હસ્તમૈથુનના માપસર ઉપયોગથી હેન્ડલ થઈ શકે છે.

આથી વધુ મહત્ત્વની બાબત તો વિકૃત જાતીયતા છે. જેના મનમાં રેપ, બળાત્કાર તથા છોકરીઓને મોલેસ્ટ કરવાના વિચારો આવતા હોય. જે ઈન્સેસ્ટ રીલેશન ઉર્ફે પોતાની જ નિકટતમ સગી હોય એવી સ્ત્રી (માતા, બહેન, દીકરી) સાથે સગોત્ર વ્યભિચાર કરવાની વેતરણમાં હોય એવા પુરુષો કામવિકૃત આવેગોને શમાવવા હસ્તમૈથુનનો છૂટથી ઉપયોગ કરી શકે છે. અને એ તે સ્ત્રીને પણ ઉગારી શકે છે. આ સિવાય પણ બાળકીઓ, વૃદ્ધા, પશુઓ સાથે સેક્સ માણવા ઉત્સુક પુરુષ હસ્તમૈથુન કરી લઈને પોતાની વિકૃતિઓને અમલમાં મૂકવાથી દૂર રહી શકે છે.

કોમર્શિયલ સેક્સ વર્કર્સ પાસે નિયમિત જવાની આદત ધરાવતા પુરુષો એચઆઈવી એઈડ્સ થવા બાબતે ચિંતિત હોય છે. તેઓ પોતાનું આ વેશ્યા વ્યસન છોડવા માટે પણ હસ્તમૈથુનનો સહારો લઈ શકે છે. કેમકે હસ્તમૈથુન માટે એકાંત સિવાય બીજી કોઈ ચીજની જરૂર પડતી નથી.

(કર્મશઃ આવતા અંકે)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.) E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્નઃ મારી ઉંમર ૩૨ વર્ષની છે અને મારી પત્ની ૩૧ વર્ષની છે. અમે સમાગમ કરતી વખતે કોન્ડોમનો ઉપયોગ કરીએ છીએ. ગર્ભ ન રહે એ માટે કોન્ડોમ સિવાય બીજો વિકલ્પ કયો છે?**

ઉત્તરઃ પુરુષ માટે કોન્ડોમ સિવાય બીજી કોઈ સુરક્ષિત ગર્ભનિરોધક પદ્ધતિ નથી. સ્ત્રી માટે ગર્ભનિરોધક ગોળી ઉપલબ્ધ છે. એમાં તમે જે ગર્ભનિરોધક ગોળીમાં લો ડોઝ હૉર્મોન હોય એ લઈ શકો છો. તમારી પત્નીએ માસિકપાળી પૂરી થાય પછી રોજ રાત્રે એક ગોળી લેવી અને એક પેકેટમાં જેટલી ગોળી હોય એ બધી પૂરી કરવી. ગોળી પૂરી થયા પછી લગભગ અઠવાડિયામાં ફરી માસિકપાળી આવી જશે. ફરી પાછી માસિકપાળી પૂરી થાય એટલે ગોળી લેવાનું શરૂ કરી દેવું. ગોળી લેવાનું પહેલી વાર શરૂ કરો ત્યારે એક અઠવાડિયા સુધી નિરોધનો ઉપયોગ કરવો જરૂરી છે. બીજી સાઈકલમાં ગોળી લો ત્યારે પહેલા દિવસથી જ તમે સંપૂર્ણ રીતે સુરક્ષિત બની જાઓ છો અને પછી નિરોધની આવશ્યકતા નથી રહેતી. આ ગોળી લેવાથી ઘણી વાર અનિયમિત માસિક પણ નિયમિત બની જાય છે. જો કોઈ સ્ત્રીને બ્રેસ્ટકેન્સર હોય અથવા હોર્મોનની બીજી કોઈ સમસ્યા હોય, ડાયાબિટીઝ અથવા બ્લીડિંગ ડિસઓર્ડરની કોઈ તકલીફ હોય તો આ ગોળી લેવાનો નિષેધ છે. ગોળી શરૂ કરતાં પહેલાં તમારા ગાયનેકોલોજિસ્ટની સલાહ લેવી આવશ્યક છે.



મુંઝવણ

**પ્રશ્નઃ હું ૧૫ વર્ષની કિશોરી છું. મને દર મહિને છ દિવસ માટે પેશાબની સાથે લોહી આવે છે. આ સમયમાં તે જગ્યાએ બહુ દુખાવો થાય છે. પરંતુ ૬ દિવસ પછી બધુ બરાબર થઈ જાય છે. ને પોતાને જ નથી સૂઝતું કે આ કયો રોગ છે. હું બહુ પરેશાન છું. તમે જ કહો કે હું શું કરું?**

ઉત્તરઃ તમને કોઈ જ રોગ નથી. તમારી સમસ્યાનું મૂળ તમારું અજ્ઞાન છે. જેને તમે રોગ સમજો છો, તે હકીકતમાં તમે મોટાં થયાં હોવાનું લક્ષણ છે. ૧૨ થી ૧૫ વર્ષની ઉંમરથી દરેક નીરોગી છોકરીને દર મહિને ૩ થી ૫ દિવસ આવું લોહી આવે છે. જેને માસિક કહે છે. આ માસિક આવવાનું ૪૦ થી ૫૦ વર્ષની ઉંમર સુધી દર મહિને ચાલુ રહે છે. ફક્ત સગર્ભા અવસ્થામાં અથવા કોઈ વિકાર આવી જવાથી જ તે અવરોધાય છે અને તે બંધ થઈ જાય છઓ આ એ વાતનું લક્ષણ છે કે કન્યાના જનન અંગ વિકસી રહ્યાં છે અને તે ગર્ભધારણ કરી શકે છે. દર મહિને ચાલતું આ ચક્ર માસિકધર્મ, માસિકસ્ત્રાવ વગેરે નામે ઓળખાય છે. તમે પંદર વર્ષના થયાં તો પણ આ વિશે કશું જાણતાં નથી. એ જ દર્શાવે છે કે તમને ન તો કોઈએ કંઈ સમજાવ્યું છે કે ન તો તમે આ વિશે કંઈ વાંચ્યું છે. આ અજ્ઞાન તમારા ભાવિ જીવનમાં ઘણી બધી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. આ માટે તમે સ્કૂલની લાઈબ્રેરીમાંથી આ વિષયનું સારું પુસ્તક લઈ વાંચો. સ્ત્રીના શારીરિક વિકાસ વિશે સારા-સારા ડૉક્ટરોએ લખેલાં પુસ્તકો પણ બજારમાં મળે છે.

**પ્રશ્ન : મારી ઉંમર ૨૧ વર્ષ છે. મારી સમસ્યા એ છે કે મને ખૂબ જ પરસેવો થાય છે, આ કારણે નીચેના પાટ્ર્સમાં ચળ આવ્યા કરે છે. ચળ આવે એટલે ખંજવાળી લઉં પછી ત્યાં બળતરા થાય છે. આનો કોઇ ઉપાય જણાવશો જેથી હું આ સમસ્યામાંથી મુક્ત થઇ શકું.**

જવાબ : પરસેવો વધારે થતો હોય તેવા સંજોગોમાં એ પાટ્ર્સમાં ખૂબ તકલીફ થતી હોય છે, આવું ન થાય તે માટેનો શ્રેષ્ઠ ઉપાય માત્ર એટલો જ છે કે તે પાર્ટને વધારે સ્વચ્છ રાખીને ત્યાં પાઉડર લગાવવાનું રાખવું જોઈએ. તમે હાલ બજારમાં મળતાં મીન્ટવાળા પાઉડર લગાવી શકો છો. આવા પાઉડર પરસેવો થતો ઓછો કરે છે. તે જગ્યાએ વધારે ચળ આવતી હોય અને બળતરા થતી હોય તો તમે ડોક્ટરની સલાહ લઈને એન્ટિ ફંગલ ક્રીમ પણ લગાવી શકો છો. પરસેવાને થતો આપણે બંધ નથી કરી શકતા પણ તેને કારણે ત્વચાને કોઈ તકલીફ ન થાય તે માટે તેની સફાઇ કરી તે જગ્યાએ પાઉડર લગાવીને ઈન્ફેક્શનથી તમે બચી શકો છો.

# કોહલી નં.-૧ના તાજથી ૩ પોઈન્ટ દૂર, અગ્રવાલ ટોપ-૧૦માં

## રોહિત શર્મા, જોઇ રુટ ટોપ-૧૦માંથી બહાર થયા, સ્ટિવ સ્મિથ હજુ પણ પ્રથમ ક્રમાંકે યથાવત્



દુબઈ : ભારતીય સુકાની વિરાટ કોહલી બાંગ્લાદેશ સામે ડે-નાઈટ ટેસ્ટમાં સદી ફટકારીને આઈસીસી ટેસ્ટ બેટ્સમેનોની રેન્કિંગમાં સ્ટિવ સ્મિથની નજીક પહોંચી ગયો છે. બીજી તરફ ભારતીય ઓપનિંગ બેટ્સમેન મયંક અગ્રવાલ પ્રથમ વખત ટોપ-૧૦ ખેલાડીઓમાં સામેલ થયો છે. કોહલીના ૯૨૮ રેટિંગ પોઈન્ટ છે જેણે કોલકાતા ટેસ્ટમાં બાંગ્લાદેશ સામે ૧૩૬ રનની ઈનિંગ્સ રમી હતી. તેની અને પ્રથમ ક્રમાંકે રહેલા સ્ટિવ સ્મિથ વચ્ચે માત્ર ત્રણ પોઈન્ટનું અંતર રહી ગયું છે. પેસ બોલર ઈશાન્ત શર્મા તથા ઉમેશ યાદવે કારકિર્દીના સર્વોચ્ચ પોઈન્ટ હાંસલ કર્યા છે. ઈશાન્ત ૭૧૬ પોઈન્ટ સાથે ૧૭મા તથા ઉમેશ ૬૭૨ પોઈન્ટ સાથે ૨૧મા ક્રમાંકે છે. ઓફ સ્પિનર અશ્વિન ૭૭૨ પોઈન્ટ સાથે નવમા ક્રમાંકે છે. ફિટનેસની સમસ્યાનો સામનો કરી રહેલો જસપ્રીત બુમરાહ એક ક્રમાંક પાછળ સરકીને પાંચમા ક્રમે પહોંચ્યો છે. રવીન્દ્ર જાડેજા ઓલરાઉન્ડર્સની યાદીમાં બીજા ક્રમે તથા વેસ્ટ ઈન્ડિઝનો જેસન હોલ્ડર ટોચના ક્રમે છે. ન્યૂઝીલેન્ડનો નિલ વેગનર આઠમાથી સીધો ત્રીજા ક્રમાંકે પહોંચી ગયો છે.

### પિંક બોલ ટેસ્ટમાં ભારતની જીત

કોલકાતા : ટેસ્ટ ક્રિકેટના ૧૪૨ વર્ષના ઇતિહાસમાં ભારતીય ટીમ એક અનોખો વર્લ્ડ રેકોર્ડ સર્જી દેખાડ્યો છે. સતત ચોથી ટેસ્ટ ઇનિંગ્સ અને રનોના અંતરથી જીતનાર ભારતીય ટીમ દુનિયાની પહેલી ટીમ બની છે. કોલકાતામાં રવિવારે રમાયેલી ડે નાઇટ ટેસ્ટમાં ભારતીય ટીમે મહેમાન ટીમ બાંગ્લાદેશને હરાવીને સિરીઝ પર કબજો કરી લીધો છે. કેપ્ટન વિરાટ કોહલી (૧૩૬) અને ફાસ્ટ બોલરોની મહેનતને કારણે ભારતીય ટીમે કમાલનું પ્રદર્શન કરીને બાંગ્લાદેશને સિરીઝની બીજી ટેસ્ટમાં ત્રીજા દિવસે ઇનિંગ્સ અને ૪૬ રનથી હાર આપી હતી. કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સમાં પિંક બોલથી ડે નાઇટ ફોર્મેટમાં રમવામાં આવેલી આ મેચમાં ભારતને ત્રીજા દિવસની જીત માટે ૪ વિકેટની જરૂર હતી.

# તીરંદાજ દીપિકાને ગોલ્ડ, અંકિતાને સિલ્વર, ટોકિયો ઓલિમ્પિકની ટિકિટ પણ મેળવી

બેંગકોક : દીપિકા કુમારીએ અહીં ૨૧મી એશિયન આર્ચરી ચેમ્પિયનશિપની ક્વોલિફિકેશન ટૂર્નામેન્ટમાં વિમેન્સ રિકર્વ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ તથા અંકિતા ભક્તે સિલ્વર મેડલ હાંસલ કરીને ભારત માટે ઓલિમ્પિક ક્વોટા હાંસલ કરી લીધો હતો. આ ઉપખંડની ક્વોલિફિકેશનમાં ત્રણ વ્યક્તિગત ક્વોટા હાંસલ કરી શકાય તેમ હતું અને નેશનલ ફેડરેશન ઉપરના પ્રતિબંધના કારણે ભારતના તીરંદાજોને વર્લ્ડ આર્ચરી ફેડરેશનના બેનર હેઠળ ભાગ લેવો પડે છે. ટોચની ક્રમાંકિત દીપિકા અને છઠ્ઠી ક્રમાંકિત અંકિતાનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું.



ભારતની અનુભવી તીરંદાજ દીપિકાએ મલેશિયાની નૂર અફીસા અબ્દુલને ૭-૨થી, ઈરાનની જહરા નેમાતીને ૬-૪થી તથા સ્થાનિક તીરંદાજ નરીસારા ખુનહિરાનચાઈઓને ૬-૨થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરવાની સાથે ઓલિમ્પિક ક્વોટા હાંસલ કરી લીધો હતો. દીપિકાએ બે પરફેક્ટ ૧૦ થતા એક નવ પોઈન્ટનું નિશાન તાકીને ગોલ્ડ પોતાના નામે કર્યો હતો. ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરવાની અંતિમ તક ૨૦૨૦ના વર્લ્ડ કપનો બર્લિન તબક્કો છે. અંકિતાએ અંતિમ ચાર તીરંદાજોમાં ભૂતાનની કર્માને ૬-૨થી હરાવીને ફાનલમાં પ્રવેશ કર્યો હતો જો કે ફાઈનલમાં તેને દીપિકા સામે પરાજય મળ્યો હતો. ભારત માટે આ બીજો ઓલિમ્પિક ક્વોટા છે. આ પહેલાં તરુણદીપ રાય, અતનુ દાસ તતા પ્રવીણ જાધવની મેન્સ રિકર્વ ટીમ વર્ષની શરૂઆતમાં જ વર્લ્ડ ચેમ્પિયનશિપ દ્વારા ઓલિમ્પિક ટિકિટ હાંસલ કરી ચૂકી હતી.

# ધોની ૨૦૨૧ની આઈપીએલ હરાજી પૂલમાં પાછો જવા તૈયાર

• ચેન્નઈ સુપર કિંગ્સ માટે ધોની નાણાં સાથે સમાધાન કરવા તૈયાર

ચેન્નઈ : ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ મંગળવારે સ્પષ્ટતા કરી દીધી હતી કે મહેન્દ્રસિંહ ધોનીની ઈન્ટરનેશનલ કારકિર્દી હજુ પૂરી થઈ નથી. શાસ્ત્રીએ એટલું જણાવ્યું હતું કે તે ક્યારે રમવાની શરૂઆત કરે છે અને તેનો આઈપીએલમાં કેવો દેખાવ થાય છે તેના પર તમામ બાબતનો મદાર રહેશે. આઈપીએલ ક્રિકેટની સૌથી મોટી લીગ છે અને શાસ્ત્રીના સંકેત પ્રમાણે ધોની તેની મૂળ ફ્રેન્ચાઈઝી ચેન્નઈ સુપર



કિંગ્સ (સીએસકે) માટે ૨૦૨૦ની સિઝન છેલ્લી રહેશે નહીં તે નિૃતિ છે. આધારભૂત સૂત્રોએ જણાવ્યું છે કે ભારતીય ટીમના ભૂતપૂર્વ સુકાની ધોનીએ ફ્રેઈન્ચાઝીના માલિકોને તે ૨૦૨૧ની આઈપીએલ સિઝનમાં પણ રમશે તેવી જાણકારી આપી દીધી છે.

# બ્રુક્સની સદીથી વિન્ડીઝનો દબદબો, અફઘાનિસ્તાનને પરાજય તરફ ધકેલ્યું

લખનઉ : શામર બ્રુક્સની (૧૧૧) સદી બાદ સ્પિનર્સે કરેલી શિસ્તબદ્ધ પ્રદર્શનની મદદતી વેસ્ટ ઈન્ડિઝે અહીં રમાતી એકમાત્ર ટેસ્ટ મેચના બીજા જ દિવસે અફઘાનિસ્તાનને પરાજય તરફ ધકેલી દીધું હતું. અફઘાન ટીમના ૧૮૭ રનના જવાબમાં વિન્ડીઝે બ્રુક્સની સદી વડે ૨૭૭ રન બનાવીને ૯૦ રનની લીડ મેળવી હતી. ત્યારબાદ કેરેબિયન સ્પિનર્સ રોસ્ટન ચેસ તથા પ્રથમ દાવના સ્ટાર બોલર રહકીમ કોર્નવાલે ત્રણ-ત્રણ વિકેટ ઝડપીને અફઘાનિસ્તાનને મુશ્કેલીમાં મૂકી દીધું હતું. બીજા દિવસની રમતના અંતે અફઘાનિસ્તાને ૧૦૯ રનના સ્કોરે સાત વિકેટ ગુમાવી દીધી હતી.




બાર્સેલોના : સ્ટાર ખેલાડી લાયોનલ મેસ્સીએ પોતાની ૭૦૦મી મેચમાં ગોલ નોંધાવવા ઉપરાંત સાથી ખેલાડી લુઈસ સુઆરેઝ અને એન્ટોની ગ્રિઝમેન માટે ગોલની તક ઊભી કરતા બાર્સેલોનાએ બોરુસિયા ડોર્ટમન્ડને ૩-૧થી હરાવીને ચેમ્પિયન્સ લીગ ફૂટબોલના નોકઆઉટ તબક્કામાં સ્થાન નિૃતિ કરી લીધું હતું. મેચમાં પ્રથમ ગોલ બાર્સેલોના માટે લુઈસ સુઆરેઝે ૨૯મી મિનિટે, મેસ્સીએ ૩૩મી મિનિટે તથા એન્ટિનો ગ્રિઝમેને ૬૭મી મિનિટે ગોલ કર્યા હતા. ડોર્ટમન્ડ માટે એકમાત્ર ગોલ જાદોન સાંચોએ ૭૭મી મિનિટે કર્યો હતો.

### ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રેકોર્ડ તોડ્યો

લેફ્ટ ફૂટથી કિક મારીને ગોલ નોંધાવનાર મેસ્સીએ પોર્ટુગલના ક્રિસ્ટિયાનો રોનાલ્ડો તથા સ્પેનના રાઉલના રેકોર્ડને તોડી નાખ્યો હતો. આ બંને ફૂટબોલરે વિવિધ ૩૩ ટીમો સામે ગોલ નોંધાવ્યા હતા. મેસ્સી હવે ૩૪ ટીમો સામે ગોલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. મેસ્સીએ સ્પેનિશ ક્લબ માટે રમેલી ૭૦૦ મેચમાં ૬૧૩ ગોલ કર્યા છે.

### ચેલ્સી-વેલેન્સિયાનો મુકાબલો ડ્રો

ડેનિલ વાસે છેલ્લી મિનિટોમાં નોંધાવેલા ગોલના કારણે વેલેન્સિયાએ ચેલ્સી સામેની ચેમ્પિયન્સ લીગની મેચને ૨–૨થી ડ્રો કરવામાં સફળતા મેળવી હતી. ડ્રોના કારણે ચેલ્સીએ નોકઆઉટમાં સ્થાન મેળવવા માટે હજુ રાહ જોવી પડશે. ગ્રૂપ–એચમાં બંને ટીમો આઠ પોઇન્ટ સાથે બીજા ક્રમે છે. એજેક્સ ૧૦ પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે.

# નદાલનાં નેતૃત્વમાં સ્પેને કેનેડાને હરાવી છઠ્ઠી વખત ડેવિસ કપ જીત્યો

મેડ્રિડ : ક્લે કોર્ટ કિંગ ગણાતા રફેલ નદાલે પોતાની શાનદાર સિઝનનો અંત સ્પેનને બહુપ્રતિષ્ઠિત ડેવિસ કપમાં ચેમ્પિયન બનાવીને કર્યો હતો. નદાલે ડેનિસ શાપાલોવને હરાવી કેનેડા સામે વિજય હાંસલ કરીને સ્પેનને છઠ્ઠી વખત ડેવિસ કપ ટેનિસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનાવ્યું હતું. નદાલે શાપાલોવને ૬-૩, ૭-૬થી હરાવીને સ્પેનને ૨-૦ની લીડ અપાવી હતી. પ્રથમ મેન્સ સિંગલ્સમાં રોબર્ટો બાતિસ્તા એગુટે ફેલિક્સ એગર એલિયાસિમને ૭-૬, ૬-૩થી હરાવીને સ્પેનને ૧-૦થી આગળ કરી દીધું હતું. નદાલે મેચ બાદ જણાવ્યું હતું કે ટ્રોફી સાથે સિઝનનો અંત કરવાનો આનંદ અલગ હોય છે. નદાલે ૨૦૧૯માં ફ્રેન્ચ ઓપન તથા યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ જીત્યા બાદ વર્ષનો અંત મેન્સ સિંગલ્સમાં નંબર-૧ ખેલાડી તરીકે કર્યો છે. ૧૯ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલા નદાલનો આ ચોથો ડેવિસ કપ ફાઈનલ વિજય છે જે રોજર ફેડરર કરતાં એક વધારે છે. સ્પેનની ટીમના ચેમ્પિયન બનવાની સાથે ૨૧ લાખ ડોલરનો ચેક પણ મળ્યો હતો.

સ્પેને અગાઉ ૨૦૧૨ના ડેવિસ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ ચેક રિપબ્લિકની ટીમ ચેમ્પિયન બની હતી. બીજી તરફ કેનેડા પણ પ્રથમ ચેમ્પિયન બનવાના પ્રયાસમાં હતું.

# ઈજાને લીધે ધવન આઉટ, સંજૂ સેમસન ઈન

નવી દિલ્હી : ભારતીય ડાબોડી ઓપનર શિખર ધવન ઈજાના કારણે વેસ્ટ ઈન્ડીઝ સામે રમાનારી ત્રણ મેચની ટી૨૦ ઈન્ટરનેશનલ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. તેના સ્થાને વિકેટકીપર બેટ્સમેન સંજૂ સેમસનનો છઠ્ઠી ડિસેમ્બરથી રમાનારી આ સિરીઝ માટેની ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શિખર ધવનને ચાલુ મહિનાની શરૂઆતમાં દિલ્હી તરફથી રમતી વખતે સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી૨૦ની મેચ દરમિયાન ઈજા થઈ હતી. મેદાન ઉપર ડાઈવિંગ કરતી વખતે ધવનને ડાબા પગના ઘૂંટણમાં ઊંડો ઘા પડ્યો હતો જેના કારણે તેને ૨૦ ટાંકા લેવા પડ્યા હતા. બીસીસીઆઈની મેડિકલ ટીમે મંગળવારે તેની ઈજાની સમીક્ષા કરી હતી.

### ત્રણ મેચની ટી૨૦ શ્રેણી માટે ભારતીય ટીમ

વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા, લોકેશ રાહુલ, શ્રેયસ ઐયર, મનીષ પાંડે, રિષભ પંત, શિવમ દુબે, વોશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, દીપક ચહર, મોહમ્મદ શમી, ભુવનેશ્વર કુમાર, સંજૂ સેમસન.

બીસીસીઆઈએ બુધવારે યાદીમાં જણાવ્યું હતું કે ધવનને સુરત ખાતે મહારાષ્ટ્ર સામે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી મેચ દરમિયાન ડાબા ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ હતી. મેડિકલ ટીમે ધવનને સંપૂર્ણપણે ફિટ થવા માટે થોડોક સમય લાગશે તેવી માહિતી આપી હતી. ઓલ ઈન્ડિયા સિનિયર પસંદગી સમિતિએ ધવનના સ્થાને સંજૂ સેમસનનો ટીમમાં સમાવેશ કર્યો છે. સંજૂને બાંગ્લાદેશ સામેની ટી૨૦ શ્રેણી માટે ટીમમાં પસંદ કરાયો હતો, પરંતુ તે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવી શક્યો નહોતો. આ ત્રણ મેચની શ્રેણીમાં ભારતે ૨-૧થી વિજય મેળવ્યો હતો. ભારતીય ક્રિકેટ ટીમ ડિસેમ્બરમાં ત્રણ મેચની ટી૨૦ રમશે. જેનો પ્રથમ મુકાબલો હૈદરાબાદ ખાતે રમાશે. ત્યારબાદ શ્રેણીની બીજી મેચ આઠમી ડિસેમ્બરે ત્રિવેન્દ્રમ ખાતે તથા ત્રીજી અને અંતિમ મેચ ૧૧મી ડિસેમ્બરે મુંબઈ ખાતે રમાશે.


HONEST
Coming Soon in
ETOBICOKE
bringing you goodness
of taste from GUJARAT
INDIAN
Bhaaji
PAV
KHANNA IN
ETOBICOKE
25 Woodbine Downs Blvd, Unit 5,
Etobicoke, ON, M9W 6N5, Canada
follow us on HonestRestaurantEtobicoke
HONEST

KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો

JUST LISTED
56 Bettina Place
Taunton/Thickson
3+1 Bedrooms & 4 Washrooms, Finished bsmt Immaculate Home In One Of Whitby's Desirable Rolling Acres Community. This 2743 Sq.Ft (Inc.Bsmt) Home Is Loaded With Many Upgrades.Hardwood Flooring On The Main Floor, New Laminate Flooring On Second Floor (2019) Pot Lights (2019), Quartz Counter Top, Open Concept Kitchen Over Looking Spacious Backyard To Entertain Guests. Spacious Bedrooms W/ Extra Room For Office Or Media Room. Fin. Basement With 4Pc Bath & Lots Of Storage Space. Large Lot, No Homes Behind.

DON'T SETTLE FOR LESS! CALL US BEFORE YOU LIST!
SOLD 116% OVER ASKING IN 5 DAYS!
JUST SOLD
15 HOGAN DRIVE
Scarborough
3+1 2
Client Testimonial
We have more Buyers in Your Neighbourhood.
Weather is COLD but MARKET IS HOT, call us before you list.
Sellers of 15 Hogan Drive

From Dreams to Reality
Free Staging Fee Professional Photography & virtual Tour
Free Marketing, Flyers, Newspapers, Media Marketing
Free Comparative Market Analysis
Team of Professionals for the same price as hiring a single realtor
Over 10 years of combined Experience.

NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS
CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.
**Use The Advantage of a Team,**
**Because...Teamwork Makes Your Dreams Work !**

Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE*
BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!
2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303
AIR MILES Travel and More
MASTERS ruby
Grand Centurion Office

**Shamim & Amin Kharodia**
Sales Representatives
info@kharodiarealestate.com
647.501.6786 SHAMIM | 647.308.2941 AMIN

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



*Call us today for all your Real Estate Needs*
*With Honest Reliable and Courteous Service*

**3642 Kingston Rd** — Toronto
$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

**1177 Pure Spring Blvd** — Pickering
$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

**25 Heron Park Pl** — Toronto
$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .

**12 Silverwood Circ** — Ajax
$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

**19 Rosebank Dr** — Toronto
$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

**192B Magnolia Ave** — Toronto
$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)

PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com

MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com

JAINIK JARIWALA
Sales Representative
416.206.6115

Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc. Brokerage
**Our Listing Commission As Low As 1%***
Not Intended to Solicit those, currently under agency contract

Designed by Swadesh- Gujarati News Paper



# Continental MOTORS

## LASER ALIGNMENT

Free Diagnosis with Repairing

THIS MONTH ONLY
Synthetic Oil Change $49.99 Most Cars

THIS MONTH ONLY
Oil Change $24.99 Most Cars

- Computer Diagnosis
- Wheel Balancing
- Alternater & Starter
- Steering & Suspension
- Oil Changes
- Brakes & Tires
- Safety
- Tune Up
- Muffler

Licenced Mechanic On Duty

We do Body Work, Painting & Insurance Jobs

**O: 647-351-7692 • C: 416-575-1277**
**650 Markham Road, Scarborough**
(NW Corner, Markham Rd & Lawrence, Beside SHELL Gas Station)
Working Hours: Mon.-Fri. 9:00 am to 6:00 pm, Sat. 9:00 am to 4:00 pm

સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન

ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ

LOWEST FARES GUARANTEED

Rank One Travels & Tours

SPECIAL SEAT SALE

www.rankonetravels.com

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સૌથી સસ્તા દરે મુસાફરી કરો



FARES TO

MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD

AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES - CRUISES - INSURANCE

CALL US TODAY!

905.672.5300 I 1-866.929.5300

Email: rajesh@rankonetravels.com

tico.ca LIC: 50021002

49, Hillcrest Avenue, Unit - 203, Brampton L6W 4V4

CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

PSCC

Pharma–Medical Science College of Canada

416-821-4876
647-996-5876

Start Your Future Career Today!





New Classes Starting Soon

Diagnostic Medical Sonography

New class beginning **September 9, 2019.** Our seasoned instructors will equip you with all the skills you need to succeed. 8 months of co-op. Gain practical experience with our modern equipment.

Personal Support Worker

New class beginning **October 9, 2019.** Discover a rewarding career on the front-line of healthcare and make a difference in your community. **Post-graduation career counselling incl.**

Medical & Health Related

- Diagnostic Cardiac Sonography
- Diagnostic Medical Sonography (Probationary)
- Registered Massage Therapy
- Advanced Esthetics
- Acupuncture
- Medical Lab Technician
- Medical office Administrator
- Pharmacy Assistant
- Personal Support Worker
- Physiotherapist/Occupational Therapist Assistant

Pharmaceutical &Food Related

- Pharmaceutical QA & QC
- Pharmaceutical QC
- Pharmaceutical QA & RA
- Pharmaceutical Manufacturing Technology
- Food Safety & Quality
- Food, Nutrition and Health

Human Services Diploma

- Early Childcare assistant
- Community Service Worker

Financial Assistance Available for those who qualify

Ready to enroll? Give us a call today!

505 Consumers Road, Suite 100, North York, ON. M2J 4V8
info@pharmamedical.ca, www.pharmamedical.ca

Follow us on: